।। ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામીને નમઃ ।।

।। અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ ।।

।। ૐ હ્રીં ણમો નાણસ્સ ।।



જૈન વિજ્ઞાન

# જૈન વિજ્ઞાન

## ભાગ-૩

# પ્રકાશકની કલમે...

જય જિનેન્દ્ર! અત્યંત હર્ષની લાગણીઓ સાથે જૈનમ્ જયતિ શાસનમ્ વોટસએપ ગ્રુપમાં દૈનિક ધોરણે પ્રકાશિત થયેલા **જૈન વિજ્ઞાન** લેખ નં. ૨૦૧ થી ૩૦૦ સુધીના લેખના સંગ્રહ પુસ્તક સ્વરૂપે **જૈન વિજ્ઞાન : ભાગ-૩** રજુ કરી રહ્યા છીએ. **જૈનમ્ જયતિ શાસનમ્** જૈનોના વિવિધ સંપ્રદાયને એક છત્ર હેઠળ સમાવેશ કરી, કોઇની ભાવના અને શ્રદ્ધાને ઠેસ ન પહોંચે તેનું વિશેષ ધ્યાન રાખીએ છીએ.

વર્તમાનમાં કોરોના પેન્ડેમિકે સમગ્ર વિશ્વની પ્રગતિને બાંધી રાખી છે. કોરોના એક સુક્ષ્મ વિષાણુ છે. કોઇએ ઉત્પન્ન નથી કર્યો પરંતું, ૮૪ લાખ જીવાયોનીમાંનો જ એક જીવ છે. વિષાણુંનો ફેલાવો એ મનુષ્યની વિકૃત્ત બુદ્ધિનું જ પરિણામ છે. આવી ઘટના વિશ્વમાં પ્રથમવાર નથી બની, અગાઉ પણ આવી મહામારી આવી ચૂકી છે. તે વખતના મહાન, વિદ્વાન આચાર્ય ભગવંતો પ્રભુ પ્રત્યેની વિશિષ્ટ ભક્તિથી તેને કાબુમાં લીધો હતો, તેમણે જિનેશ્વર દેવને કેન્દ્રમાં રાખી તેમનું સ્મરણ દિવ્ય મંત્ર શક્તિ, સાધના અને જગત કલ્યાણની શુભ ભાવનાના પરિણામે સમગ્ર વિશ્વ ઉપર કલ્યાણ કર્યું. જેનો સંપૂર્ણ શ્રેય જિનેશ્વર દેવને જાય. જેમના નામ સ્મરણ માત્રથી દુઃખો ક્ષય પામે છે, તો તેમના દર્શનનો પ્રભાવ કેટકેટલો ! શુભ અને અશુભ કર્મો ચક્રવૃદ્ધિ વ્યાજ સમાન છે. તે જીવને ઉદયમાં આવતા તેના તેવા જ વિપાકો (ફળો) તેને ચાખવા જ પડે છે. આંબાનો છોડ વાવીએ તો અગણિત આંબા અને કાંટાળા વૃક્ષો વાવીએ તો અગણિત કાંટા જ મળે.

વોટસએપ મારફતે જૈન દર્શનના લેખ દૈનિક ધોરણે પ્રકાશિત કરવામાં આવે છે. જીવ હિંસાનું કારણ સમજો તેમજ તેના કારણે થતી ભવભ્રમણા. દરેક જીવ સુખને ઇચ્છે છે. દરેક મનુષ્ય જીવ પોતાના આત્માને ઉન્નતિના માર્ગે સ્થાપી જીવને મળેલ મનુષ્ય જન્મ સાર્થક કરે. જૈન વિજ્ઞાનના વિવિધ લેખો સમગ્ર જીવ અને વિવિધ તત્ત્વોને સુક્ષ્મતાથી ઓળખવામાં મદદ જરૂર કરશે, સમજણ વગરનું જ્ઞાન નકામું. જ્ઞાનને વ્યવસ્થિત રીતે સમજી કરીને અમલમાં લાવીએ.

**જૈનમ્ જયતિ શાસનમ્** વોટસએપ ગ્રુપમાં સારી સંખ્યામાં લોકો દૈનિક ધોરણે જોડાતા રહે છે. આજે જૈનમ્ જયતિ શાસનમ્ ગ્રુપ એક વિશાળ વટવૃક્ષ બની ચૂક્યું છે. જેમણે પણ વોટસએપ ગ્રુપમાં જોડાવું હોય તેઓ વોટસએપ ગ્રુપમાં અમને **વોટસએપ નં. ૮૮૯૮૩૩૬૬૭૭** ઉપર મેસેજ કરશો, અમે આપને જોઇન ગ્રુપ લિન્ક મોકલાવીશું. ફરી એકવાર આપને હૃદયપૂર્વક ધન્યવાદ !

**લિ. જૈનમ્ જયતિ શાસનમ્ ગ્રુપ - સંસ્થાપક**

# પ્રસ્તાવના : સંસાર અટવી

**ૐ હ્રીં નમો નાણસ્સ,** જ્ઞાનને મારા નમસ્કાર હોજો. જ્ઞાન વગરનો જીવ નકામો ! ૮૪ લાખ જીવાયોનિએ જીવ પરિક્રમા કરી દુર્લભ એવા મનુષ્ય તરીકે જન્મ લે છે. મિથ્યાજ્ઞાન અને સમ્યક્જ્ઞાન તો તેને પૂર્વ ભવથી જ પ્રાપ્ત થયું છે. અહીં તેને મનુષ્ય જીવ તરીકે ઉન્નત્તિના માર્ગે એટલે કે મુક્તિના માર્ગે આગળ વધવાનું છે. પરંતું, મોહનીય કર્મ પણ તેના ઉદયમાં છે, અહીં જીવ સંસારમાં ભટકી જાય છે. માત્ર ભૌતિક સુખો અને પરિવારજનોની પ્રીતિ પ્રાપ્તિ મેળવવા માટે સતત મહેનત કરે છે. તે દલદલમાં ફસાઇ જાય છે, જેમ તે બહાર નીકળવાનો પ્રાયાસ કરે છે તેમ તે વધુને વધુ અંદર ફસાતો જાય છે. તેને કંઇ જ સમજાતું નથી કે તેણે પૂર્વે એવા ક્યા શુભ કર્મો કર્યા કે જેના પરિણામે તેને મહામૂલ્ય મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો ! વડીલો દ્વારા સંસ્કારનું સિંચન થાય છે, પરંતું, માત્ર ભૌતિક સુખોની પ્રાપ્તિ અને વ્યવહારની દુનિયામાં કામ આવે છે, આત્મ ઉન્નતિ તો નહીં જ ! જીવ હળુકર્મી થવાના બદલે વધુને વધુ ભારે કર્મી બની સંસારમાં ભટકતો જ રહે છે.

તો જીવને શાશ્વત સુખ ક્યારે ? અબજો-અબજો વર્ષોથી સુખ મેળવવા જીવ તરસે છે, પરંતું, તે તેને ક્યારેય પ્રાપ્ત થતું નથી. મોહનીય કર્મ પ્રતિ ક્ષણ મહત્વનો ભાગ ભજવે છે, દુઃખોની હારમાળા છે, જીવ સંસારના દુઃખોથી થાકે છે અને સંસારથી કટાળે છે કે તરત જ તેને ક્ષણિક સુખનો સ્વાદ જોવા મળે છે. થોડુંક સુખ મળતા ફરી સંસારની અટવી(ગીચ જંગલ)માં ભમવા લાગે છે. આજ સુખ-દુઃખના ક્રમો જળવાતા જ રહે છે. જીવ ક્યારેય સંસારથી મુક્ત થઇ શકતો નથી. સંસાર એ ચાકુ (છરી)ની અણિયારી ધાર પર લગાડવામાં આવેલ મીઠું મધ સમાન છે. જેવો જીવ મીઠા મધનો સ્વાદ ચાખવા જાય ત્યાં તો જીભને ચાકુની ધાર લાગવાથી લોહી વહેવા લાગે છે અને માત્ર પીડાદાયક વેદના જ પ્રાપ્ત થાય છે.

ચરમ તીર્થાધિપતિ, શ્રી મહાવીર સ્વામીની સમસ્ત જીવાયોની ઉપર કરૂણા હતી. સવિ જીવ કરૂ શાસન રસી અને રાગ-દ્વેષથી રહિત વીતરાગ ભાવનાના કારણે સમસ્ત જીવરાશી ઉપર મહાન ઉપકાર કર્યો છે. કેવળજ્ઞાનથી સમસ્ત જીવોને જાણ્યા છે અને જીવ શાશ્વત સુખને કેમ પ્રાપ્ત થાય ? તેનો સમ્યક્ માર્ગ બતાવ્યો છે. હે ગોયમ ! દરેક જીવને સુખ ગમે છે તેને તું જાણ. કોઇપણ જીવ દુઃખ નથી ઇચ્છતો.

અહિંસા જ મુક્તિનો માર્ગ છે, તેને તું જાણ. હિંસા સંસારરૂપી દાવાનળમાં ભવભ્રમણા કરાવે છે જીવ હિંસારૂપી કર્મથી ભારે બને છે પરિણામે જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ ગતિમાં ફરી-ફરીથી જન્મ ધારણ કરતો રહે છે.

જીવ પ્રતિક્ષણ મુખ્ય ૧૮ પાપસ્થાનકોથી ઘેરાયેલો રહે છે, જ્યાં સુધી જીવના પ્રકાર અને જીવને થતી હિંસાનું કારણ ન જાણે ત્યાં સુધી તે સતત મન-વચન-કાયાથી  હિંસાથી જોડાયેલો રહે છે, જે તેના ભવ ભ્રમણાનું મુખ્ય કારણ બને છે. સુખ અને દુઃખ જીવના સ્વકૃત કર્મોથી છે. બાકીના પરિબળો તો માત્ર નિમિત્ત છે. દા.ત. શ્રી મહાવીર સ્વામીના જીવે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં દ્વારપાલના કાનમાં ધગધગતું રેડેલું સીસુથી દ્વારપાલનું તે જ ક્ષણે વેદનામય મૃત્યું થયું તે કર્મ શ્રી મહાવીર સ્વામી ભગવાનને ૨૭માં ભવે દ્વારાપાલ ખેડૂત બની પ્રભુના કાનમાં શલ્ય (ખીલ્લા) ઠોકે છે ત્યારે પૂર્વે થયેલ અશુભ કર્મ ઉદયમાં આવે છે. પ્રભુને ઘણાં જ લાંબા સમય સુધી વેદના ભોગવવી પડે છે. અહીં ખેડૂત તો માત્ર કર્મ ભોગવવા માટે નિમિત્ત બન્યો છે, ખેડૂતને પોતાને જ ખબર નથી કે કાનમાં ખીલ્લા ઠોકવાની કુબુદ્ધિ આવી ક્યાંથી? જૈન વિજ્ઞાન મારફતે આપણે સમસ્ત જીવોને, તત્ત્વોને સમજીએ સાથે સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ... શ્રી મહાવીર સ્વામી ભગવાને સમવસરણમાં એટલું વિસ્તારપૂર્વક સુક્ષ્મ જ્ઞાન આપ્યું છે કે તેને વાંચતા-સાંભળતા-સમજતાં આયુષ્ય પૂર્ણ થઇ જાય છે. મનુષ્ય જીવ પોતાનું સંપૂર્ણ આયુષ્ય માત્ર ભૌતિક સુખો મેળવવા જ ખરચી નાંખે છે, જ્યારે સમજાય છે ત્યારે આયુષ્ય જ પૂર્ણ થઇ જાય છે. અવસર્પિણી કાળનો પાંચમો આરો દુષમ. મનુષ્ય જીવ વક્ર (વાંકી) બુદ્ધિમય હોય છે. દુઃખમાં સુખ અને સુખમાં દુઃખ દેખાય છે. શ્રી મહાવીર સ્વામી કહે છે સૌથી અઘરો છે સંસાર, સંસારનો ભાર વહન કરવો અતિ ભારે છે.

**જૈનમ્ જયતિ શાસનમ્ ગ્રુપના સંસ્થાપક-સંચાલક શ્રી ચેતન લહેરચંદ નાગડા** મારા કલ્યાણ મિત્ર છે. તેઓ મારા દરેક લેખોને જૈનમ્ જયતિ શાસનમ્ વોટસએપ ગ્રુપમાં પ્રકાશિત કરે છે તે બદલ હું હૃદયપૂર્વક આભાર માનું છું તેમજ તેમનો ઋણી છું. તેઓ આપની અને મારી વચ્ચે સેતુ બન્યા છે. જૈન વિજ્ઞાનના લેખ મારફતે કોઇની ભાવના-શ્રદ્ધાને ઠેસ પહોંચી હોય તો મને જરૂરથી ક્ષમા કરશોજી. જિનાજ્ઞા વિરાધના થઇ હોય તો ત્રિવિધે ત્રિવિધે કરી મિચ્છામિ દુક્કડમ્ !

**લિ. જીજ્ઞેશ ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધર-ડોંબિવલી)**

# જૈન વિજ્ઞાન - ૨૦૧

**મનુષ્ય જીવ - ૧૨૪ : ચક્રવર્તી-૧૬ :**

**ચક્રવર્તી મહારાજાએ જીતેલા છ ખંડના મુખ્ય શાશ્વત મહા પ્રદેશો :**

**ઉત્તરાર્ધ ગંગા નિષ્કૂટ :**

ઉત્તરાર્ધ ગંગા નિષ્કૂટ પ્રદેશ (ખંડ નંબર-૫) ઉત્તરમાં હિમવંત પર્વત, પૂર્વમાં લવણ સમુદ્ર, પશ્ચિમમાં ગંગા નદી અને દક્ષિણમાં વૈતાઢ્ય પર્વત આવેલ છે.

**ખંડપ્રપાત ગુફાઃ**


સંપૂર્ણ વિધિવત તિમિસ્ર ગુફાની જેમ જ તેનું વર્ણન છે. તફાવત માત્ર ઉત્તરના ક્ષેત્રમાં જવા દક્ષિણ દ્વારથી પ્રવેશ થાય છે. અહીં દક્ષિણ ક્ષેત્રમાં પરત આવવા માટે ખંડપ્રપાત ગુફાના ઉત્તર દિશામાં આવેલ દ્વારનો ઉપયોગ થાય છે. વિશેષ ગુફાનું માપ, પ્રમાણ, અંધકાર વગેરે સમાન છે. બે મહાનદી ઉન્મગ્નજલા અને નિમગ્નજલા પાર કરવાની હોય છે. સેનાપતિ, મણિરત્ન, કાકણિરત્ન, વર્દ્ધકિરત્નની સહાયતાથી ચક્રવર્તી મહારાજા અને સમસ્ત સેના ગુફા પાર કરે છે.

**નવ નિધિઓ:**

અપરિમિત રક્ત આદિ રત્નોવાળા, શાશ્વત, અવિનાશી, અવ્યય, દેવો દ્વારા અધિષ્ઠિત, વિવિધ આચાર, વિવિધ વસ્તુઓની ઉત્પત્તિ અને વિધિના દર્શક પુસ્તકરૂપ હોવાથી લોકપુષ્ટિ દાયક, લોક પ્રસિદ્ધ એવા નવનિધિઓ : ૧) નૈસર્પનિધિ ૨) પાંડુકનિધિ ૩) પિંગલકનિધિ ૪) સર્વરત્નનિધિ ૫) મહાપદ્મનિધિ ૬) કાલનિધિ ૭) મહાકાલનિધિ ૮) માણવકનિધિ અને ૯) શંખનિધિ. તે નવનિધિઓ પોતપોતાના નામના દેવોથી અધિષ્ઠિત હોય છે.

# ચક્રવર્તિ દિગ્વિજય ક્ષેત્ર

## ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર



# જૈન વિજ્ઞાન - ૨૦૨

**મનુષ્ય જીવ - ૧૨૫ : ચક્રવર્તી-૧૭ :**
**ચક્રવર્તી મહારાજાએ જીતેલા છ ખંડના મુખ્ય શાશ્વત મહા પ્રદેશો :**
**નવનિધિઃ**

ગંગાનદી પૂર્વદિશામાં જ્યાં સમુદ્રને મળે છે, ત્યાં ગંગાનદીના દક્ષિણ કિનારે નવનિધિઓ રહે છે. નવનિધિઓ દેવ અધિષ્ઠિત છે. અધિષ્ઠાયક દેવોના સ્થાન પણ તે નિધિમાં જ હોય છે. ચક્રવર્તી મહારાજાના વશમાં થઇ નવનિધિઓ સ્વસ્થાનથી ચક્રવર્તી મહારાજાની રાજધાની સુધી પાતાલ માર્ગે ચક્રવર્તી મહારાજાના પગ નીચે ચાલતી-ચાલતી આવે છે. પ્રત્યેક નિધિઓ ચક્રવર્તી મહારાજાની રાજધાની જેટલી મોટી હોય છે તેથી નવનિધિઓ રાજધાનીના લક્ષ્મીગૃહ તરફ મુખ કરી રાજધાની ફરતે ગોઠવાય છે. (**નોંધઃ** આગળ જતાં વિસ્તારમાં ૧૪ મહારત્નો અને ૯ નિધિ ઓનું વિસ્તારમાં માહિતી આવશે)

**દક્ષિણાર્ધ ગંગા નિષ્કૂટ :**

દક્ષિણાર્ધ ગંગા નિષ્કૂટ પૂર્વ દિશાએ લવણ સમુદ્ર છે. દક્ષિણમાં લવણ સમુદ્ર છે. પશ્ચિમમાં ગંગા મહાનદી છે અને ઉત્તરમાં વૈતાઢ્ય પર્વત આવેલ છે. તે વિસ્તાર ખંડ નંબર-૬ છે. આ અંતિમ ક્ષેત્ર ઉપર વિજય ચક્રવર્તી મહારાજાએ કરવાનો હોય છે. આ છ ખંડ ઉપર વિજય મેળવતાં ચક્રવર્તી મહારાજાને કુલ ૬૦,૦૦૦ વર્ષ જેટલો સમય લાગે છે. (**નોંધઃ** દરેક ચક્રવર્તી મહારાજને અલગ-અલગ સમય લાગે છે. પરંતું, ભરત ચક્રવર્તીને ઉદ્દેશીને કહેવામાં આવેલ છે. અહીં આટલા વર્ષો લાગે છે તે કહેવા પાછળનું કારણ એ જ કે, ૬ ખંડના ક્ષેત્ર કેટલા મોટા હોય છે. અગાઉ જણાવેલ તે જ પ્રમાણે મહાખંડો ઉપરાંત દરેક ખંડના ગામ, નગર, મહાનગર, પ્રદેશ, દેશ વગેરે પણ જીતવાના હોય છે. જે એટલું સરળ હોતું નથી! માત્ર રાજાઓ સાથે જ યુદ્ધ કરવાનું નથી! તે સાથે વિવિધ ક્ષેત્રના અધિષ્ઠાયક દેવી-દેવતાઓને પણ જીતવાના હોય છે. તે સામાન્ય રાજા-મહારાજાઓની શક્તિ બહારની કલ્પના હોય છે.) સમગ્ર ૬ ખંડના કુલ ૩૨,૦૦૦ દેશ ઉપર વિજય મેળવે છે. માત્ર મનુષ્યો જ નહીં પરંતું તે-તે ક્ષેત્રના અધિષ્ઠાયક દેવોને પણ જીતવાના હોય છે !

# જૈન વિજ્ઞાન - ૨૦૩

**મનુષ્ય જીવ - ૧૨૬ : ચક્રવર્તી-૧૮ :**

**ચક્રવર્તી મહારાજાએ જીતેલા છ ખંડના મુખ્ય શાશ્વત મહા પ્રદેશો :**

ચક્રવર્તી મહારાજા મહાન પુણ્યના સ્વામી હોય છે. પૂર્વે કરેલ મહાન તપ અને સંયમ સાધનાના પ્રભાવે ચક્રવર્તી મહારાજા બને છે. તીર્થંકર પરમાત્મા પછી બીજા ક્રમાંકે ચક્રવર્તી મહારાજ આવે છે. તે સમગ્ર છ ખંડના દેવી-દેવતાઓ અને મનુષ્યોના અધિપતિ હોય છે.


ભરતક્ષેત્રમાં અને ઐરાવતક્ષેત્રમાં લવણસમુદ્ર હોય છે. જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં સમુદ્રને સ્થાને મહાનદી હોય છે. અહીં જે-જે ક્ષેત્રોના નામ આવ્યા તે શાશ્વત નામો અને મહા પ્રદેશોના મુખ્ય નામનો ઉલ્લેખ થયો છે. જેમ કે, એશિયા ખંડ, યુરોપ ખંડ વગેરે...

છ ખંડના કુલ ૩૨,૦૦૦ દેશોમાં દેશ, પ્રદેશ, મહાનગર, ઉપનગર, ગામ વગેરે ઉપર સર્વવ્યાપી વિજય મેળવી સર્વે રાજાઓ અને દેવોને પોતાના આધીન કરે છે. છ ખંડમાં એક ચક્રી (એક હથ્થુ) શાસન કરે છે.

ચક્રવર્તી મહારાજાના દિગ્વિજયમાં પ્રત્યેક રત્નના અધિષ્ઠાયક દેવો ૧,૦૦૦, કુલ ૧૪ મહારત્નોના ૧૪,૦૦૦ દેવો અને સ્વયં ચક્રવર્તી મહારાજાના આત્મરક્ષક દેવો ૨,૦૦૦ હોય છે. આમ કુલ મળીને ૧૬,૦૦૦ દેવો તો માત્ર ચક્રવર્તી મહારાજાની સેવામાં સદાય તત્પર હોય છે. ૬૪,૦૦૦ પત્નીઓ ચક્રવર્તી મહારાજાને હોય છે. ચક્રવર્તી મહારાજના દિગ્વિજયમાં ૧૪ મહારત્નોનું વર્ણન...

# ચક્રવર્તિ દિગ્વિજય ક્ષેત્ર

## ભરતક્ષેત્ર અને તેના ૬ ખંડો



# જૈન વિજ્ઞાન - ૨૦૪

**મનુષ્ય જીવ - ૧૨૭ : ચક્રવર્તી-૧૯ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નોઃ**

**ધનુષ્ય :**

શુક્લ પક્ષના બીજના ચંદ્ર અને મેઘધનુષ્યના આકારવાળું હોય છે. શ્રેષ્ઠ ભેંસના સુદ્રઢ, છિદ્રો રહિત, રમણીય શીંગડા જેવું હોય છે. ધનુષ્યનો પાછળનો ભાગ ઉત્તમ નાગ, ભેંસના શીંગડા, કોયલ, ભમરાઓનો સમૂહ, કાળી કાંતિવાળો, તેજથી જાજ્વલ્યમાન અને નિર્મળ હોય છે. શ્રેષ્ઠ કારીગરો દ્વારા બનાવેલ મણિરત્નની ચમકતી ઘૂઘરીઓથી શોભાયમાન હોય છે. સુવર્ણ નિર્મિત ચિન્હોવાળું અને તેમાંથી વિજળીના કિરણો દ્રશ્યમાન થાય છે. બહાદુરીના ચિન્હ સ્વરૂપે દર્દર અને મલયગિરિના શિખરે વિચરતા સિંહના કેશરાલ (વાળ) બાંધ્યા હોય છે. ધનુષ્યની શોભા માટે ચમરી ગાયના વાળ બાંધ્યા હોય છે. અર્ધ ચંદ્રના ચિન્હથી અંકિત હોય છે. તેની જીવા (પ્રત્યંચા, પણછ, દોરી) કાળા, વાદળી, લાલ, પીળા અને સફેદ રંગના સ્નાયુઓથી બંધાયેલી હોય છે.

**બાણઃ**

બાણનો અંતિમ ભાગ વજ્રમય હોય છે. તેનો આગળનો ભાગ અભેદ્ય હોવાથી વજ્ર જેવો સાર સંપન્ન હોય છે. તેનો પાછળનો ભાગ ઉપર મણિઓ, રત્નો અને સુવર્ણથી જડેલા હોય છે. નિપુણ (કુશળ, શ્રેષ્ઠ) કારીગરોથી બનાવેલા હોય છે. તેની ઉપર વિવિધ પ્રકારના મણિરત્નોથી ચક્રવર્તી મહારાજાનું નામ અંકિત હોય છે.

જે ક્ષેત્ર ઉપર પ્રથમ ચેતવણી સ્વરૂપે ચક્રવર્તી મહારાજા બાણ છોડે ત્યારે અવશ્ય બોલે : (૧) 'મારા બાણમાં અંકિત ક્ષેત્ર સીમાના બહારના ભાગમાં રહેનારા, હે નાગકુમાર, અસુરકુમાર, સુવર્ણકુમાર દેવો ! તમે સાંભળો, હું તમને પ્રણામ કરું છું.' (૨) 'મારા બાણમાં અંકિત ક્ષેત્ર સીમાના અંદરના ભાગમાં રહેનારા, હે નાગકુમાર, અસુરકુમાર, સુવર્ણકુમાર દેવો ! તમે સાંભળો, તમે મારી નિશ્રા સ્વીકાર કરો !'

# જૈન વિજ્ઞાન - ૨૦૫

**મનુષ્ય જીવ - ૧૨૮ : ચક્રવર્તી-૨૦ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**ચક્રરત્નઃ**

ચક્રરત્નની નાભિ (કેન્દ્ર, મધ્યભાગ) વજ્રમયી હોય છે. આરા લોહિતાક્ષ રત્નના હોય છે. ધરી સુવર્ણમયી હોય છે. અંદરની પરિધિરૂપ થાળું (ગોળાઇ) વિવિધ પ્રકારના મણિઓથી બનેલ હોય છે. તે ચક્રરત્ન મણિ-મોતીઓના સરોથી વિભૂષિત હોય છે. તે ૧૨ પ્રકારના વાજિંત્રોના નિનાદ અને ઘૂઘરીઓનો રણકાર કરતું રહે છે. તે દિવ્યપ્રભા (પ્રકાશ) યુક્ત હોય છે. બપોરના સમયના સૂર્ય જેવું તેજસ્વી હોય છે. વર્તુળાકાર અને અનેક મણિ-રત્નમય ઘંટડીઓથી વ્યાપ્ત હોય છે. સર્વ ઋતુના(૬ ઋતુ) પુષ્પોની સુંગધી માળાઓથી સુશોભિત હોય છે. તે આકાશમાં અવસ્થિત રહે છે. ૧,૦૦૦ યક્ષદેવોથી અધિષ્ઠિત હોય છે. દિવ્યવાદ્યોના ધ્વનિ અને નિર્ઘોષથી આકાશને પૂરિત કરે છે. ચક્રરત્નનું નામ સુદર્શન હોય છે. ચક્રરત્ન ઉત્પત્તિ ચક્રવર્તી મહારાજાની આયુધશાળા (શસ્ત્રાગાર, શસ્ત્રો રાખવાના ભવનો)માં સ્વયં ઉત્પન્ન થાય છે. ચક્રવર્તી મહારાજાને છ ખંડ વિજેતા બનાવવા નેતૃત્વ સમ રાજા-મહારાજાઓ અને દેવી-દેવતાઓને પરાજિત કે આધીન કરવામાં સહાયક અને તત્પર હોય છે. જ્યાં સુધી છ ખંડના એકેક રાજાઓને આધીન કે પરાજિત ન કરે ત્યાં સુધી ચક્રવર્તી મહારાજાના આયુધશાળામાં પુનઃપ્રવેશ નથી કરતું.

# જૈન વિજ્ઞાન - ૨૦૬

**મનુષ્ય જીવ - ૧૨૯ : ચક્રવર્તી-૨૧ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**વર્દ્ધકિરત્ન-૧**

ચક્રવર્તી મહારાજાના વર્દ્ધકિરત્ન (શ્રેષ્ઠ શિલ્પકાર) આશ્રમ, દ્રોણમુખ, ગામ, પટ્ટન, નગર, સૈન્ય શિબિર (છાવણી), ગૃહ, દુકાનના વિભાગ કરવામાં વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે તેના યથા યોગ્ય સ્થાન વગેરે જાણવામાં કુશળ હોય છે. તે વર્દ્ધકિરત્ન વાસ્તુશાસ્ત્ર માન્ય ૮૧ આદિ પદવાળા સર્વ પ્રકારના વાસ્તુના (ઘરના) અનેક ગુણના જાણનાર પંડિતો હોય છે. ૪૫ પ્રકારના દેવની પૂજામાં વિચક્ષ હોય છે. તે વાસ્તુ પરીક્ષાના વિધિજ્ઞ (વિધિના જાણકાર) હોય છે. વિવિધ પરંપરાનુગત મહેલો, ભોજનશાળા, કિલ્લા, શયનગૃહના યથા યોગ્ય નિર્માણમાં નિપુણ (હોંશિયાર) હોય છે.

તે છેદન યોગ્ય, વેધન યોગ્ય, લાકડાની વિધિ તથા ગેરુ કે લાલ રંગના દોરા (નાડાછડી) આદિ બાંધવાની વિધિઓમાં પ્રધાન (મુખ્ય) બુદ્ધિવાળા હોય છે. પાણીમાં રહેલી ભૂમિને પાર કરવાના સાધનોની રચનામાં કુશળ હોય છે. તેઓ પાણીમાં અને ભૂમિમાં ભોંયરાઓ બનાવવા, સુરંગ આદિ મૂકવા, ખાઇઓ ખોદવા વગેરેના કાળજ્ઞ (શુભ સમયના જાણકાર) હોય છે. વર્દ્ધકિરત્ન ચક્રવર્તી મહારાજા માટે દૈવી શક્તિ દ્વારા માત્ર મુહૂર્ત (૪૮ મિનિટ) જેટલા સમયમાં મહેલ કે સૈન્ય માટે આવાસનું નિર્માણ કરી શકે છે.

# જૈન વિજ્ઞાન - ૨૦૭

**મનુષ્ય જીવ - ૧૩૦ : ચક્રવર્તી-૨૨ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**વર્દ્ધકિરત્ન-૨ :**

તેઓ શબ્દ શાસ્ત્ર પ્રમાણે વાસ્તુ પ્રદેશ (ઘર) બનાવવાની ભૂમિમાં ઉગેલી ફળ અભિમુખ વેલો, ફળ ન આપનાર વેલો, વૃક્ષો, વૃક્ષના સહારે ચડતી લતાઓ, વેષ્ટનોના ગુણદોષના જાણકાર હોય છે. વર્દ્ધકિરત્ન ગુણાઢ્ય યુક્ત હોય છે. તે ૧૬ પ્રકારના મહેલ, ઘર બનાવવામાં તથા શિલ્પશાસ્ત્ર અનુસાર ૬૪ પ્રકારના ગૃહ નિર્માણ કરવામાં વિશાળ બુદ્ધિવાળા હોય છે.

તે નંદાવર્ત, વર્ધમાનક, સ્વસ્તિક, રૂચક, સર્વતોભદ્ર આદિ વિશેષ પ્રકારના ગૃહો, ધ્વજાઓ, ઇન્દ્ર આદિ દેવોની પ્રતિમાઓ, ધાન્યના કોઠારો, લોકો રહી શકે તેવી પર્વતીય ગુફાઓ, ખાઇ કે પુષ્કરિણીઓ, પાલખી વગેરે વાહન આદિ બનાવવામાં કુશળ હોય છે.

**રથ:**

ચક્રવર્તી મહારાજાનો રથ પૃથ્વી ઉપર શીઘ્રગામી (બહુજ જલ્દીથી દોડી શકે) અને ઉત્તમ લક્ષણોથી યુક્ત હોય છે. રથનું નિર્માણ હિમવંત પર્વતના વિવિધ પ્રકારના તિનિશ વૃક્ષોના લાકડામાંથી બનાવવામાં આવે છે.

રથનું ધૂંસર જંબૂનદ સુવર્ણ (લાલ સુવર્ણ)થી બનેલ હોય છે. તેના ચક્ર (પૈડાં) કનકમય, લઘુદંડ જેવા આરાથી યુક્ત હોય છે. રથ પુલાકરત્ન, વજરત્ન, ઇન્દ્રનીલરત્ન, સાસગરત્ન, પ્રવાલરત્ન, સ્ફટિકરત્ન વગેરે વિવિધ રત્નો તથા ચંદ્રકાંત વગેરે મણિ અને મુંગા (પ્રવાલ) થી શોભાયમાન હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૦૮

**મનુષ્યજીવ - ૧૩૧ : ચક્રવર્તી-૨૩ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**રથ - ૧ :**

રથના પૈડાઓના ૪૮ આરા (એકેક પૈડાના ૧૨ આરા, ચાર પૈડાઓના ૪૮ આરા) લાલ સુવર્ણમય પટ્ટીઓથી સુદ્રઢ રીતે નાભિ (કેન્દ્ર) સાથે જોડાયેલા હોય છે. તે પૈડાની ચક્ર પરિધિ (ગોળાઇ)માં ઘસીને સાફ કરેલી, નવી-નવી પટ્ટીઓ સારી રીતે જોડેલી હોય છે. તેની મજબૂતાઇ માટે ઠેકઠેકાણે લગાડેલી લોખંડની પટ્ટીઓ અને ખીલીઓથી તે અતિ મનોહર (નયનરમ્ય) દેખાય છે. રથના પૈડા વાસુદેવના ચક્રરત્ન જેવા દેખાય છે.

રથમાં બાંધેલી જાળીમાં કર્કેતન રત્ન, ઇન્દ્રનીલરત્ન, સાસગરત્ન જડેલા હોય છે. તેની ધુરા પ્રશસ્ત, વિસ્તીર્ણ અને સમ હોય છે. ધુરા ચળકતા સુવર્ણથી નિર્મિત હોય છે. તે શ્રેષ્ઠ નગરની જેમ સુરક્ષિત (જેમ મુખ્ય દરવાજા છોડીને કિલ્લાના દ્વાર ગુપ્ત હોય છે તેમ સારથિના સ્થાનને છોડીને ધુરા ગુપ્ત હોય છે, દેખાતી નથી) હોય છે. તેની રાશ (દોરી) તપેલા સુવર્ણથી બનેલી હોય છે. રથમાં શોભા માટે અનેક સ્થાને કવચો સ્થાપિત હોય છે. રથ અસ્ત્ર, શસ્ત્રથી પૂર્ણ હોય છે. ઢાલ, બાણ, ધનુષ્ય, તલવાર, ત્રિશૂળ, ભાલા, તોમર (એક જાતનું બાણ), સેંકડો બાણો જેમાં હોય તેવા ૩૨ ભાથાઓથી શોભાયમાન હોય છે.

રથ આયુધો કનકરત્નથી નિર્મિત, ચિત્રો ચિતરેલા હોય છે. રથમાં જોડાયેલા ઘોડાઓ હલીમુખ, બગલા, હાથીદાંત, ચંદ્ર, મોતી, મલ્લિકા, કુંદ, કટજ, નિગુંડી અને મોગરાના સફેદ ફૂલો, ઉત્તમ ફીણ સમૂહ, મોતીના હાર, કાશ (એક જાતનું ઘાસ) જેવા સફેદ હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૦૯

**મનુષ્ય જીવ - ૧૩૨ : ચક્રવર્તી-૨૪ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**રથ-૨ :**

ઘોડાઓની ગતિ દેવ, મન અને વાયુની ગતિને પરાજિત કરી શકે તેવી હોય છે. અશ્વોના અંગો ચાર ચમરોથી અને સુવર્ણના આભૂષણોથી શોભાયમાન હોય છે. તે રથ છત્ર, ધ્વજા, ઘંટડીઓ અને પતાકાઓથી યુક્ત હોય છે. તેની સંધીઓનું જોડાણ સુંદર રીતે કરાયેલું હોય છે. રથના બંને પૈડા પરનું ઢાંકણ સુંદર હોય છે. ધૂંસરના બન્ને ખૂણા સુંદર હોય છે. વજરત્નથી આબદ્ધ બંને નાભિ સુંદર અને શ્રેષ્ઠ સુવર્ણથી શોભાયમાન હોય છે.

રથ યોગ્ય શિલ્પકારો દ્વારા નિર્મિત હોય છે. ઉત્તમ ઘોડાઓથી યુક્ત હોય છે. તેની લગામ નિપુણ સારથિના હાથમાં હોય છે. રથ ઉત્તમમાં ઉત્તમ રત્નોથી સુશોભિત હોય છે. નાની-નાની સોનાની ઘંટડીઓથી અલંકૃત હોય છે. શત્રુઓથી અજેય (ક્યારેય જીતી શકાતો નથી) હોય છે. રથનો રંગ કમળ, પોપટની ચાંચ જેવો લાલ હોય છે. તેની કાંતિ ઉગતા સૂર્ય જેવી હોય છે. સર્વ ઋતુઓના સુગંધીત પુષ્પોની ગૂંથેલી માળાઓ રથ પર લટકેલી હોય છે.

રથ પર ઊંચી સફેદ ધ્વજા લહેરાતી હોય છે. મહામેઘના ગર્જના જેવો તેનો ઘોષ અત્યંત ગંભીર હોય છે. તે ઘોષથી શત્રુઓના હૃદય ધ્રૂજી ઉઠે છે. રથનું નામ **પૃથ્વીવિજયલાભ** હોય છે. કેમકે રથના નામ પ્રમાણે ગુણ હોય છે. રથમાં બેસનાર ચક્રવર્તી હંમેશા વિજયી થાય છે.

# જૈન વિજ્ઞાન - ૨૧૦

**મનુષ્ય જીવ - ૧૩૩ : ચક્રવર્તી-૨૫:**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**સેનાપતિ :**

સેનાપતિ, ચક્રવર્તી મહારાજાની સેનાનો નેતા હોય છે. સેનાપતિનો યશ ફેલાયેલો હોય છે. અતિ બળવાન અને પરાક્રમી, સ્વભાવે મહાન અને ગંભીર, ઓજસ્વી, તેજસ્વી, ઉત્તમ લક્ષણોથી યુક્ત, વિવિધ ભાષાઓના જાણકાર અને નિપુણ (હોંશિયાર) હોય છે. શિષ્ટ ભાષી, ક્ષેત્રમાં ઊંડા, દૂર્ગમ, વિવિધ સ્થાનોના ભોમિયા હોય છે. બાણ વગરે અસ્ત્ર, તલવાર વગેરે શસ્ત્ર ચલાવવામાં કુશળ હોય છે. ચતુરંગિણી સેના ઘોડા, હાથી, રથ અને ઉત્તમ યોદ્ધાથી યુક્ત હોય છે.

**ચર્મરત્ન:**

શ્રીવત્સ જેવા આકારવાળું, મોતી, તારા, અર્ધ (અડધા) ચંદ્ર જેવા ચિત્રોથી ચિતરેલું, અચલ ચલિત ન થાય તેવું), અકંપ (ધ્રૂજે નહીં તેવું) અને અભેદ્ય કવચ જેવું, નદી અને સમુદ્રને પાર કરવાની સંપૂર્ણ ક્ષમતા સહિત હોય છે. દૈવી શક્તિથી આ ચર્મરત્ન ઉપર વાવેલા ૧૭ પ્રકારના ધાન્ય (૧) ચોખા (૨) જવ (૩) વ્રીહિ (એક જાતના ચોખા) (૪) કોદ્રવ (૫) રાલ (૬) તલ (૭) મગ (૮) અડદ (૯) ચોળા (૧૦) ચણા (૧૧) તુવેર (૧૨) મસૂર (૧૩) કળથી (૧૪) ઘઉં (૧૫) રાજમા (૧૬) અળસી (૧૭) શણ એક દિવસમાં  ઉત્પન્ન થઇ જાય છે. વરસાદનું આગમન જાણીને ચક્રવર્તી મહારાજાના હાથનો સ્પર્શ થતાં જ ૧૨ યોજન લાંબો થઇ જાય છે. ચક્રવર્તી મહારાજાના સેનાપતિના હાથનો સ્પર્શ થતાં જ તે વિશાળ નૌકા બની જાય છે. તેના ઉપર ચક્રવર્તી મહારાજાની સંપૂર્ણ સેના (હાથી, ઘોડા, રથ અને યોદ્ધા) મહાનદી પાર કરી શકે છે.

# જૈન વિજ્ઞાન - ૨૧૧

**મનુષ્ય જીવ - ૧૩૪ : ચક્રવર્તી-૨૬ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**દંડરત્ન:**

પાંચ કાતળીરૂપ રેખાથી યુક્ત, વજના સારથી નિર્મિત, સમગ્ર શત્રુ સેનાનું વિનાશક, ચક્રવર્તી મહારાજાની સેનાના માર્ગમાં આવતા અને પડાવ સ્થાનના ખાડા-ટેકરા, ઊંચી-નીચી ભૂમિને, ટેકરાઓને, પડી જવાય તેવી પથરાળ જગ્યાને સમતલ કરે છે. તે ચક્રવર્તી મહારાજા માટે શાંતિકર, શુભંકર, હિતકર, ઇચ્છિત મનોરથોને પૂર્ણ કરનાર, ૧,૦૦૦ દેવોથી અધિષ્ઠિત, કોઇપણ સ્થાને પ્રતિઘાત ન પામે તેવું અબાધિત હોય છે.

**મણિરત્ન:**

મણિરત્ન ૪ અંગુલ લાંબુ અને ૨ અંગુલ પહોળું, અમૂલ્ય, ત્રિકોણાકાર (ત્રણ ખૂણા અને છ કોટિ (હાંસ) વાળું હોય છે. મણિરત્ન અનુપમ દ્યુતિયુક્ત (પ્રકાશમાન), દિવ્ય, મણિઓમાં સર્વોત્કૃષ્ટ, વૈડૂર્યમણિની જાતિનું, સર્વ પ્રાણીઓને પ્રિય હોય છે. તેને મસ્તક પર ધારણ કરનારને કોઇપણ જાતનું દુઃખ રહેતું નથી, તેના સર્વ દુઃખ, ચિંતા નાશ પામે છે, તેમજ સદાકાળ નીરોગી રહે છે, તેના પર તિર્યંચ, મનુષ્ય કે દેવો દ્વારા કોઇ જ ઉપસર્ગોની અસર થતી નથી. સંગ્રામમાં પણ કોઇ શસ્ત્ર તેનો વધ કરી શકતું નથી, આ શ્રેષ્ઠ મણિને જે મનુષ્ય ધારણ કરે તેનું યૌવન સદાકાળ સ્થિર રહે છે. તેના વાળ-નખ વધતાં નથી, તે સર્વ પ્રકારના ભયથી મુક્ત રહે છે.

# જૈન વિજ્ઞાન - ૨૧૨

**મનુષ્ય જીવ - ૧૩૫ : ચક્રવર્તી-૨૭ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**કાકણિરત્ન:**

૬ તલ, ૧૨ કોટિ (હાંસ), ૮ કર્ણિકા (ખૂણાવાળું), એરણ (હથોડી)ના આકારવાળું, ૮ સોનામહોર (અંદાજે ૮ તોલા) જેટલું વજન હોય છે. તે સર્વપ્રકારના સ્થાવર-જંગમ વિષ (ઝેર)ને દૂર કરે છે. અતુલ્ય, સમચોરસ, સમતલ હોય છે. ચક્રવર્તી મહારાજાના રાજકર્મચારી કોઇપણ માન-ઉન્માનના વ્યવહારોમાં કાકણિરત્નથી અંકિત કરે તે માનાદિ પ્રમાણિક ગણાય છે. (દા. ત. આપણામાં **ISI** માર્ક પ્રચલિત છે વસ્તુના પ્રમાણની!) કાકણિરત્ન ૧૨ યોજન સુધી પ્રકાશ પાથરે છે અને ગાઢ અંધકારનો નાશ કરે છે. ચક્રવર્તી મહારાજની છાવણીમાં રાત્રે પણ દિવસ જેવો પ્રકાશ કરે છે.

**અશ્વરત્ન:**

અશ્વ એટલે ઘોડો. અશ્વરત્નની ખરી(પગના નખ)થી કાન સુધી ૮૦ અંગુલની ઊંચાઇ, મધ્યમાં પેટ પાસે ૯૯ અંગુલની ગોળાઇ, મુખથી પૂંછ સુધી ૧૦૮ અંગુલની લંબાઇ હોય છે. અશ્વરત્નનું મસ્તક ૩૨ અંગુલ, ૪ અંગુલના કાન, ૨૦ અંગુલની બાહા (અર્થાત્ મસ્તકથી નીચે અને ઘૂંટણથી ઉપરનો ભાગ) ૪ અંગુલના ઘૂંટણ, ૧૬ અંગુલની જંઘા (ઘૂંટણથી ખરી સુધીનો ભાગ), ૪ અંગુલની ખરી હોય છે. તેનો મધ્યભાગ ઉપર નીચે સાંકડો અને મધ્યમાં વિસ્તૃત, કોઠી જેવો ગોળ અને ચલન સ્વભાવવાળો હોય છે. ૧) હોઠનો નીચેનો ભાગ, ૨) કંઠ, ૩) બંને કાન, ૪) પીઠનો ભાગ, ૫) પીઠનો મધ્યભાગ, ૬) આંખો, ૭) બંને હોઠ, ૮) પાછળના પગના ઘૂંટણનો ઉપરનો ભાગ, ૯) આગળના પગના ઘૂંટણનો ઉપરનો ભાગ, ૧૦) પેટનો ભાગ, ૧૧) બંને પડખા અને ૧૨) લલાટ. આ ૧૨ અંગ ઉપર ચક્ર આકારે ચિન્હ હોય છે. તેવો અશ્વ શ્રેષ્ઠ કહેવાય.

# જૈન વિજ્ઞાન - ૨૧૩

**મનુષ્ય જીવ - ૧૩૬ : ચક્રવર્તી-૨૮ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**અશ્વરત્ન:**

ઘોડેસવાર બેસે ત્યારે તેની પીઠ કાંઇક નમી જાય છે. ઘોડેસવાર સુખપૂર્વક તેના પર બેસી શકે તેવી પીઠ હોય છે. તેના મુખપર બાંધવામાં આવતું અલંકાર સુવર્ણમય અને આભલા જડિત હોય છે. તેની લગામ શ્રેષ્ઠ સુવર્ણમય પુષ્પો અને આભાલાથી શોભિત રત્નમય હોય છે. તેની પીઠ, મણિથી જડિત સુવર્ણમય પાંદડીઓ, ઘૂઘરીઓ તથા મોતીઓથી સુશોભિત હોય છે. તેનું મુખ કર્કેતનરત્ન, ઇન્દ્રનીલરત્ન, મસારગાલરત્ન તથા માણેક જડિત સૂત્રક નામના મુખ આભરણથી સજ્જિત હોય છે. તેના કપાળ પર પદ્મ આકારનું સુવર્ણ તિલક કરવામાં આવે છે.

દૈવી કુશળતાથી તેને વિભૂષિત કરવામાં આવે છે. તેનું ભાલ (લલાટ) તેજ યુક્ત હોય છે. તેની આંખ ખૂલી તથા મોટી હોય છે. તેના નાક ઉપર અભિસેચન (લક્ષ્મીના અભિષેક સૂચક) નામનું ચિન્હ હોય છે. તે પાણીમાં ચાલવા છતાંય ડૂબે નહીં. તે ઘોડેસવારના સંકેત માત્રથી સમજી લેનાર, ભદ્ર અને વિનીત હોય છે. તેની ગતિ દેવ, મન, પવન, ગરુડ પક્ષીની ગતિને જીતી જાય તેવી ચપળ અને શીઘ્રગામી હોય છે. તે કોઇને પણ લાત કે પૂંછડાથી મારતો નથી. તે અગ્નિ, પત્થર, ધૂળ, કાદવ, કાંકરા, રેતી, નદીતટ, પર્વતોની ખીણ, ગિરિ કંદરાને પાર કરવા સમર્થ હોય છે. તેને સમર્થ યોદ્ધાઓ રણમાં પછાડી શકતા નથી. અશ્વરત્ન અતિસુંદર હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૧૪

**મનુષ્ય જીવ - ૧૩૭ : ચક્રવર્તી-૨૯ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**અસિરત્ન:**

ચક્રવર્તીનું અસિરત્ન (તલવાર) નીલકમળ જેવી શ્યામ હોય છે. તેને ઘૂમાવવામાં આવે ત્યારે તે ચંદ્રમંડળ જેવી લાગે છે. તે શત્રુ વિઘાતક હોય છે. તેની મૂઠ કનકરત્નની બનેલી હોય છે. તે નવમલ્લિકાના પુષ્પ જેવી સુગંધ થી સુવાસિત હોય છે. વિવિધ મણિમય લતા આદિના ચિત્રોથી ચિત્રિત બધાને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે. શાણ પર ઘસવાથી તેની ધાર તીક્ષ્ણ અને પ્રકાશિત રહે છે. આ તલવાર ૧,૦૦૦ દેવોથી અધિષ્ઠિત હોય છે. અસિરત્ન (તલવાર) વાંસ, વૃક્ષ, શીંગડા, હાડકાં, હાથીદાંત, લોખંડનો દંડ, વજ (હીરા)નું ભેદન કરવામાં સમર્થ હોય છે. સર્વે ન ભેદી શકાય તેવી વસ્તુઓનું પણ ભેદન કરે છે. અસિરત્ન ૫૦ અંગુલ લાંબી, ૧૬ અંગુલ પહોળી અને અડધી અંગુલ જાડી હોય છે.

**છત્રરત્ન:**

છત્રરત્ન ૯૯,૦૦૦ સુવર્ણ નિર્મિત સળીયાઓથી સુશોભિત હોય છે. તે મહા મૂલ્યવાન હોય છે. તેને જોયા પછી શત્રુઓ શસ્ત્ર ઉઠાવી શકતા નથી, યુદ્ધ કરી શકતાં નથી. તે છિદ્ર (કાણાં) આદિ દોષો રહિત હોય છે. તે છત્ર ઉન્નત (ઊંચી) અને ગોળ હોય છે. તેનો દંડ (હાથો) કમળકર્ણિકા જેવો ગોળ, મૃદુ અને રજતમય સફેદ હોય છે. છત્ર મધ્ય ભાગમાં પાંજરા જેવું લાગે છે. તે છત્રમાં અનેક પ્રકારના ચિત્રોથી ચિત્રિત હોય છે. તેના ઉપર મણિ, મોતી, પ્રવાલ, રક્ત સુવર્ણ તથા પાંચ વર્ણોના દેદીપ્યમાન રત્નોથી કળશ આદિ આકારો બનાવ્યા હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૧૫

**મનુષ્ય જીવ - ૧૩૮ : ચક્રવર્તી-૩૦ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**છત્રરત્ન:**

રત્નના કિરણો જેવા રંગની આભા ઉપસાવવામાં નિપુણ કારીગરોએ તેમાં કિરણો રેલાવતા રંગો પૂર્યા હોય છે. રાજલક્ષ્મીના ચિન્હથી અંકિત હોય છે. તે છત્ર અર્જુન નામના શ્વેતસુવર્ણમય વસ્ત્રથી બનેલું હોય છે. તેને ફરતો રક્ત સુવર્ણમય વસ્ત્રનો પટ્ટો હોય છે. તે પૂર્ણ ગોળાકાર હોય છે. તે છત્રરત્નનો સ્વાભાવિક વિસ્તાર ચક્રવર્તી મહારાજાના ધનુષ્ય પ્રમાણ લાંબુ - પહોળું હોય છે. તે સૂર્યનો તાપ, વાયુ, વરસાદના વિઘ્નોને નાશ કરનાર હોય છે. ચક્રવર્તી મહારાજાના પૂર્વ જન્મના તપ-પુણ્યના ફળ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. છત્રરત્ન વિશિષ્ટ યોદ્ધાઓથી પણ ખંડિત થતું નથી. ઐશ્વર્ય આદિ અનેક ગુણોનું પ્રદાયક હોય છે. ઋતુથી વિપરીત સુખદાયક છાયા કરે છે. ઠંડી ઋતુમાં ગરમ છાયા અને ગરમીમાં શીતળ છાયા આપે છે. આવું છત્ર વૈમાનિક દેવલોકના દેવો માટે પણ દુર્લભ હોય છે. તે છત્રની ચારેબાજુ ફૂલની માળાઓ લટકતી હોય છે. તે છત્ર ૧,૦૦૦ દેવોથી અધિષ્ઠિત છે. જ્યારે ચક્રવર્તી મહારાજાના હાથનો સ્પર્શ થતાં જ ૧૨ યોજન વિસ્તારમાં ફેલાય છે.

# જૈન વિજ્ઞાન - ૨૧૬

**મનુષ્ય જીવ - ૧૩૯ : ચક્રવર્તી-૩૧ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નોઃ**

**ગાથાપતિરત્નઃ**

મનોહરમાં મનોહર રૂપવાળા ગાથાપતિરત્ન શિલાની જેમ સ્થિર એવા ચર્મરત્ન ઉપર ડાંગર, જવ, ઘઉં, મગ, અડદ, તલ, કળથી, ચોખા, વાલ, કોદરા, કોસ્તુંભરી, કાંગ, રાળ વગેરે અનેક પ્રકારના અનાજ, વનસ્પતિ, શાકભાજીના બીજ નાંખી (તેમને ખેડવું નથી પડતું) સૂર્યાસ્ત સુધી તે પદાર્થ ઊગાડવામાં કુશળ ખેડૂતરૂપે મનુષ્યોમાં પ્રસિદ્ધ હોય છે. ગાથાપતિરત્ન તે જ દિવસે વાવેલા, પકવેલા, લણીને સાફ કરવામાં કુશળ હોય છે. સૂર્યોદય સમયે પ્રથમ પ્રહરમાં ધાન્યનું વાવેતર કરે, બીજા પ્રહરે પાણીનું સિંચન થતાં વૃદ્ધિ થાય, ત્રીજા પ્રહરે પરિપકવ થાય અને ચોથા પ્રહરે લણવામાં આવે. એકંદરે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં પાક તૈયાર થઇ જાય છે. આવા ધાન્ય ભરેલાં હજારો કુંભો (૨૫,૬૦૦ ખોબો ધાન્ય ભરીએ ત્યારે ૧ કુંભ થાય) ચક્રવર્તી મહારાજા સમક્ષ પ્રસ્તુત કરે છે.

**સ્ત્રીરત્નઃ**

સ્ત્રીરત્નનું માન (પાણીથી છલોછલ કુંડમાં ૩૨ શેર પાણી નીકળે તો તે વ્યક્તિ માનયુક્ત કહેવાય), ઉન્માન (વ્યક્તિને ત્રાજવામાં તોલતા ૧૦૦૦ પલ વજન થાય તો ઉન્માન કહેવાય), પ્રમાણ (જે વ્યક્તિનું મુખ ૧૨ અંગુલ અને કુલ ઉંચાઇ ૧૦૮ અંગુલ હોય તો શ્રેષ્ઠ પ્રમાણ કહેવાય)થી યુક્ત હોય છે. તે તેજસ્વી, રૂપ અને ૩૨ લક્ષણોથી યુક્ત હોય છે. સ્થિર યૌવના (સદાય આજીવન યુવાન રહે છે) હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૧૭

**મનુષ્ય જીવ - ૧૪૦ : ચક્રવર્તી-૩૨ :**

**ચક્રવર્તી મહારાજાના વિશેષ રત્નો:**

**સ્ત્રીરત્ન:**

તેના નખ અને વાળ મર્યાદાથી વધુ નથી વધતાં. તેનો સ્પર્શ સર્વ રોગનો નાશ કરે છે. તેના ઉપભોક્તાના બળની વૃદ્ધિ કરે છે. તે ઇચ્છિત ઠંડું, ગરમ સ્પર્શથી યુક્ત હોય છે. એટલે કે, ઠંડી ઋતુમાં ગરમ અને ગરમ ઋતુમાં ઠંડી સ્પર્શના વાળી હોય છે.

તેની કમર, પેટ અને ત્વચા આ ત્રણ અંગ પાતળા હોય છે. આંખના ખૂણા, હોઠ અને યોનિ આ ત્રણ અંગ લાલ હોય છે. તેના સ્તન, જઘન (કમરનો પાછળનો ભાગ), બંને હાથ, પગ અને આંખો સુંદર હોય છે. માથાના વાળ અને દાંત મનોહર હોય છે. પેટ ઉપર ત્રણ રેખા હોય છે. તેના સ્તન, જઘન અને યોનિ આ ત્રણ અંગ ઉન્નત-પુષ્ટ હોય છે. નાભિ, સ્વભાવ અને સ્વર ગંભીર હોય છે. વાળ, ભ્રમર અને આંખની કીકી આ ત્રણ અંગ કાળા હોય છે. દાંત, સ્મિત અને ચક્ષુ (આંખ) આ ત્રણ સફેદ હોય છે. ચોટલો, ભુજા અને લોચન આ ત્રણ લાંબા હોય છે. શ્રોણીચક્ર, જઘન અને નિતંબ આ ત્રણ પહોળા હોય છે.

તે સમચતુરસ્ર સંસ્થાન યુક્ત (તીર્થંકર પરમાત્માના લેખમાં જણાવેલ છે) હોય છે. તે ક્ષેત્રની સર્વે સ્ત્રીઓમાં પ્રધાન (મુખ્ય) હોય છે. પુરુષોના મનને પ્રસન્ન કરનારી હોય છે. તેનો પહેરવેશ શ્રૃંગારના ઘર જેવો હોય છે. ઉત્તમ શ્રૃંગાર અને ઉત્તમ વેશયુક્ત હોય છે. તે લોક વ્યવહારમાં કુશળ અને પ્રવિણ હોય છે. દેવાંગનાઓના સૌંદર્યનું અનુસરણ કરતી તે કલ્યાણકારી યૌવન યુક્ત હોય છે.

ચક્રવર્તી મહારાજાને વિદ્યાધર રાજા તરફથી જ સ્ત્રીરત્ન ભેટમાં અપાય છે. વિદ્યાધરો વૈતાઢ્ય પર્વત ઉપર રહે છે.

# જૈન વિજ્ઞાન - ૨૧૮

**મનુષ્ય જીવ - ૧૪૧ : ચક્રવર્તી-૩૩ :**

**ચક્રવર્તી મહારાજાના ૧૪ મહારત્નોઃ ટૂંકમાં વિવેચન**

**૧) ચક્રરત્ન**

**પ્રમાણ :** એક ધનુષ્ય

**ઉત્પત્તિ સ્થાનઃ** આયુધશાળા (શસ્ત્રાગાર)

**મુખ્ય કાર્યઃ** આકાશમાં ચાલતુ માર્ગ (રસ્તો) બતાવે, વિજય અપાવે.

**વિશેષતાઃ** શત્રુને સેંકડો વર્ષે હણીને જ ચક્રવર્તી મહારાજ પાસે આવે, પોતાના ગોત્રીને ન હણે (મારી ન નાખે).

**દેવ અધિષ્ઠિતઃ** ૧,૦૦૦ દેવો

**૨) દંડરત્નઃ**

**પ્રમાણઃ** બે હાથ

**ઉત્પત્તિ સ્થાનઃ** આયુધશાળા (શસ્ત્રાગાર)

**મુખ્ય કાર્યઃ** વિષમભૂમિ સમતલ કરે, ગુફાના દ્વાર ખોલે

**વિશેષતાઃ** મનોરથો પૂર્ણ કરનાર અને શાંતિકર હોય છે.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

**૩) અસિરત્ન (તલવાર):**

**પ્રમાણઃ** ૫૦ અંગુલ

**ઉત્પત્તિ સ્થાનઃ** આયુધશાળા (શસ્ત્રાગાર)

**મુખ્ય કાર્યઃ** શત્રુનો નાશ કરે

**વિશેષતાઃ** પહાડ આદિ ભેદે, વિજય અપાવે

દેવ અધિષ્ઠિત : ૧,૦૦૦ દેવો

**૪) છત્રરત્નઃ**

**પ્રમાણઃ** બે હાથ

**ઉત્પત્તિ સ્થાનઃ** આયુધશાળા (શસ્ત્રાગાર)

**મુખ્ય કાર્યઃ** વરસાદ, વાયુ, તડકાથી રક્ષા કરે

**વિશેષતાઃ** ઠંડીના સમયે ગરમી આપે, ગરમીના સમયે ઠંડક આપે, ચક્રવર્તી મહારાજના હાથનો સ્પર્શ થતાં જ ૧ ૨ યોજન સુધી વિસ્તાર (ફેલાય) પામે.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

## જૈન વિજ્ઞાન - ૨૧૯

**મનુષ્ય જીવ - ૧૪૨ : ચક્રવર્તી-૩૪ :**

**ચક્રવર્તી મહારાજાના ૧૪ મહારત્નોઃ ટૂંકમાં વિવેચન**

**૫) ચર્મરત્નઃ**

**પ્રમાણઃ** બે હાથ

**ઉત્પત્તિ સ્થાનઃ** લક્ષ્મી ભંડાર

**મુખ્ય કાર્યઃ** નાવ (હોડી) આકાર રૂપે થઇ ચક્રવર્તી મહારાજની વિશાળ સેનાને નદી પાર કરાવે.

**વિશેષતાઃ** વિવિધ આકાર ધારણ કરી શકે, ચક્રવર્તી મહારાજના હાથનો સ્પર્શ થતાં જ ૧૨ યોજન સુધી વિસ્તાર પામે.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

**૬) મણિરત્નઃ**

**પ્રમાણઃ** ૪ અંગુલ

**ઉત્પત્તિ સ્થાનઃ** લક્ષ્મી ભંડાર

**મુખ્ય કાર્યઃ** તત્કાલ સૂર્ય જેવો દિવ્ય પ્રકાશ કરે, ભયનું નિવારણ કરે.

**વિશેષતાઃ** સર્વ દુઃખનું હરણ કરે, આરોગ્ય પ્રદાન કરે, સદાય યૌવન સ્થિર રાખે.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

**૭) કાકણિરત્નઃ**

**પ્રમાણઃ** ૪ અંગુલ

**ઉત્પત્તિ સ્થાનઃ** લક્ષ્મી ભંડાર

**મુખ્ય કાર્યઃ** આલેખિત રેખા દ્વારા લાંબા સમય સુધી સૂર્ય જેવો પ્રકાશ આપે.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

**૮) સેનાપતિરત્નઃ**

**પ્રમાણઃ** પ્રમાણોપેત (યોગ્ય દેહ પ્રમાણ)

**ઉત્પત્તિ સ્થાનઃ** ચક્રવર્તી મહારાજના નગરમાં

**મુખ્ય કાર્યઃ** યુદ્ધ સંચાલન કરે, નિષ્કૂટોની વિજય યાત્રા કરે.

**વિશેષતાઃ** સર્વ લિપિ (લખાણ), સર્વ સ્થાન, યુદ્ધ વ્યૂહરચનાના જાણકાર હોય છે.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

# જૈન વિજ્ઞાન - ૨૨૦

**મનુષ્ય જીવ - ૧૪૩ : ચક્રવર્તી-૩૫ :**

**ચક્રવર્તી મહારાજાના ૧૪ મહારત્નોઃ ટૂંકમાં વિવેચન**

**૯) ગાથાપતિરત્નઃ**

**પ્રમાણઃ** પ્રમાણોપેત (યોગ્ય દેહ પ્રમાણ)

**ઉત્પત્તિ સ્થાનઃ** ચક્રવર્તી મહારાજના નગરમાં

**મુખ્ય કાર્યઃ** અન્નભંડારના અધિપતિ, ભોજ્ય (ભોજન) સામગ્રી ઉત્પન્ન કરે, ધાન્યને શીઘ્ર ઊગાડે

**વિશેષતાઃ** સવારે વાવેલા ધાન્યને સાંજે લણી શકે.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

**૧૦) વર્દ્ધકિરત્નઃ**

**પ્રમાણઃ** પ્રમાણોપેત

**ઉત્પત્તિ સ્થાનઃ** ચક્રવર્તી મહારાજના નગરમાં

**મુખ્ય કાર્યઃ** વાસ્તુ શાસ્ત્ર અનુસાર ગામ, નગર, ઘર, પુલ, સૈન્યનો પડાવ નિર્માણ કરે.

**વિશેષતાઃ** મુહૂર્ત (૪૮ મિનિટ) જેટલા સમયમાં નગર આદિની રચના કરી શકે તેવા વિશિષ્ટ શિલ્પકાર.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

**૧૧) પુરોહિતરત્નઃ**

**પ્રમાણઃ** પ્રમાણોપેત

**ઉત્પત્તિ સ્થાનઃ** ચક્રવર્તી મહારાજના નગરમાં

**મુખ્ય કાર્યઃ** શાંતિકર્મ કરે, પુરોહિત (પંડિત)નું કામ કરે.

**વિશેષતાઃ** જ્યોતિષ વિદ્યા, મંત્ર, તંત્રમાં પારંગત હોય.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

**૧૨) ગજરત્નઃ**

**પ્રમાણઃ** પ્રમાણોપેત

**ઉત્પત્તિ સ્થાનઃ** વૈતાઢ્ય પર્વતની તળેટીમાં

**મુખ્ય કાર્યઃ** ચક્રવર્તી મહારાજ તેના ઉપર સવારી કરે

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

# જૈન વિજ્ઞાન - ૨૨૧

**મનુષ્ય જીવ - ૧૪૪ : ચક્રવર્તી-૩૬ :**
**ચક્રવર્તી મહારાજાના ૧૪ મહારત્નોઃ ટૂંકમાં વિવેચન**

**૧૩) અશ્વરત્નઃ**

**પ્રમાણઃ** ૧૦૮ અંગુલ લાંબુ, ૮૦ અંગુલ ઊંચુ

**ઉત્પત્તિ સ્થાનઃ** વૈતાઢ્ય પર્વતની તળેટીમાં

**મુખ્ય કાર્યઃ** સેનાપતિ નિષ્કૂટ વિજય માટે તેના ઉપર સવારી કરે, વિજયદાતા.

**વિશેષતાઃ** પાણી, કમળતંતુ પર ચાલી શકે, અલ્પ (ક્ષણિક ક્રોધી, કુચેષ્ટા (અપલક્ષણ) થી રહિત વિનયી હોય.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

**૧૪) સ્ત્રીરત્નઃ**

**પ્રમાણઃ** પ્રમાણોપેત

**ઉત્પત્તિ સ્થાનઃ** વિદ્યાધર શ્રેણીમાં

**મુખ્ય કાર્યઃ** ચક્રવર્તી મહારાજના ઉપભોગ માટે


**વિશેષતાઃ** અવસ્થિત યૌવન હોય, ચક્રવર્તી મહારાજના બળની વૃદ્ધિ કરે, તેના સ્પર્શથી સર્વ રોગ શાંત થાય, ઠંડીના સમયે ગરમ અને ગરમીના સમયે તેનો સ્પર્શ શીતળતા ભર્યો હોય.

**દેવ અધિષ્ઠિત :** ૧,૦૦૦ દેવો

ચક્રવર્તી મહારાજાના ૧૪ રત્નોમાંથી ૭ રત્નો (ચક્રરત્ન, છત્રરત્ન, અસિરત્ન, મણિરત્ન, કાકણિરત્ન, ચર્મરત્ન, વજરત્ન) એકેન્દ્રિય અને પૃથ્વીકાયમય છે. ૨ રત્નો તિર્યંચ પંચેન્દ્રિય (હાથી, ઘોડો), ૪ રત્નો પંચેન્દ્રિય પુરુષ (સેનાપતિરત્ન, વર્દ્ધકિરત્ન, પુરોહિતરત્ન, ગાથાપતિરત્ન) અને ૧ રત્ન પંચેન્દ્રિય સ્ત્રી (સ્ત્રીરત્ન) હોય છે.

# ચક્રવર્તિ દિગ્વિજય ક્ષેત્ર

## નવનિધી મંજૂષા



# જૈન વિજ્ઞાન - ૨૨૨

**મનુષ્ય જીવ - ૧૪૫ : ચક્રવર્તી-૩૭ :**

**ચક્રવર્તી મહારાજાને પ્રાપ્ત થયેલ નવ નિધિઃ**

ચક્રવર્તી મહારાજા ખંડ પ્રપાત ગુફાના દક્ષિણ દ્વારમાંથી બહાર નીકળી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન શ્રેષ્ઠ નગર જેવી છાવણી તૈયાર કરાવે છે. તેમાં નિવાસ કરે છે. નવ નિધિઓની પ્રાપ્તિ માટે પૌષધવ્રત સાથે અઠ્ઠમ તપ કરે છે.

નવ નિધિઓ અપરિમિત રક્ત વગેરે રત્નોવાળા, શાશ્વત, અવિનાશી, અવ્યય, દેવ અધિષ્ઠિત, વિવિધ આચાર, વિવિધ વસ્તુઓની ઉત્પત્તિ અને વિધિઓ દર્શાવતું પુસ્તક સ્વરુપે હોવાથી લોકપુષ્ટિ દાયક છે.

**પ્રસિદ્ધ નવ નિધિઓ :**

**૧) નૈસર્પનિધિઃ**

ગામ, ખાણ, નગર, પતન, દ્રોણમુખ, મંડબ, છાવણી, દુકાન, ઘર વગેરેના સ્થાપનની સમગ્ર વિધિ એટલે કે વાસ્તુશાસ્ત્ર સંબંધી સર્વે વિધિઓનું જ્ઞાન આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે અને તે સંબંધિત કેટલીક સામગ્રીઓનો સંગ્રહ તેમાં હોય છે. તેના અધિષ્ઠાયક નૈસર્પ દેવ છે.

**૨) પાંડુકનિધિઃ**

ગણતરી, માપ, તોલ વગેરેની ઉત્પત્તિ વિધિ, ગણી શકાય તેવા નાળિયેર વગેરે, માપી શકાય તેવા ધાન્ય વગેરે, તોલી શકાય તેવા ગોળ-સાકર વગેરે વસ્તુઓની ઉત્પાદન વિધિનું જ્ઞાન, આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે તેમજ માપ, તોલ વગેરે યોગ્ય ધાન્ય, બીજ વગેરે પદાર્થોનો સંગ્રહ, સંરક્ષણ આ નિધિમાં હોય છે. તેના અધિષ્ઠાયક પાંડુક દેવ છે.

# જૈન વિજ્ઞાન - ૨૨૩

**મનુષ્ય જીવ - ૧૪૬ : ચક્રવર્તી-૩૮ :**

**ચક્રવર્તી મહારાજાને પ્રાપ્ત થયેલ નવ નિધિઃ**

**૩) પિંગલનિધિઃ**

સ્ત્રીના, પુરુષના અને હાથી-ઘોડા વગેરે પશુઓના આભૂષણો બનાવવાની, તેનો ઉપયોગ કરવાની વિધિનું જ્ઞાન આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે અને તે આભૂષણોનો સંગ્રહ આ નિધિમાં હોય છે. તેના અધિષ્ઠાયક પિંગળ દેવ છે.

**૪) સર્વરત્ન નિધિઃ**

સાત એકેન્દ્રિય રત્ન અને સાત પંચેન્દ્રિય રત્ન, ચક્રવર્તી મહારાજના આ ૧૪ શ્રેષ્ઠ રત્નો અને અન્ય અનેક રત્નોની ઉત્પત્તિ, નિષ્પત્તિ તથા તેના ઉપયોગ સંબંધી જાણકારી અને સંગ્રહ આ નિધિમાં હોય છે. આ નિધિ સર્વ રત્નના ભંડાર રૂપ છે. તેના અધિષ્ઠાયક સર્વરત્ન દેવ છે.

**૫) મહાપદ્મનિધિઃ**

સર્વ પ્રકારના વસ્ત્રની ઉત્પત્તિ, તેની ડિઝાઇન, રંગવા, ધોવા વગેરે વિધિનું જ્ઞાન આ નિધિ દ્વારા થાય છે. તેમજ તે સંબંધી કેટલીય સાધન સામગ્રી પણ આ નિધિમાં હોય છે. તેના અધિષ્ઠાયક મહાપદ્મ દેવ છે.

**૬) કાલનિધિઃ**

ત્રણેય કાળનું જ્ઞાન (ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ), જ્યોતિષ જ્ઞાન, પૂર્વ ભવોનું જ્ઞાન, તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ આ ત્રણેના વંશની ઉત્પત્તિનું જ્ઞાન તથા ૧૦૦ શિલ્પનું જ્ઞાન અને ખેતી વગેરે વિવિધ કાર્યો વિષયોનું જ્ઞાન આ નિધિ દ્વારા થાય છે. તેમજ આ નિધિમાં તે સંબંધિત વિવિધ સાધનો, ચિત્રો પણ હોય છે. તેના અધિષ્ઠાયક કાલ દેવ છે.

# જૈન વિજ્ઞાન - ૨૨૪

**મનુષ્ય જીવ - ૧૪૭ : ચક્રવર્તી-૩૯ :**

**ચક્રવર્તી મહારાજાને પ્રાપ્ત થયેલ નવ નિધિઃ**

**૭) મહાકાલનિધિઃ**

લોખંડ, ચાંદી, સોનું, મણિ, મોતી, સ્ફટિક, પ્રવાલ વગેરેની ઉત્પત્તિ અને તેની ખાણો સંબંધી જ્ઞાન આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે અને તે પદાર્થોનો સંગ્રહ પણ આ નિધિમાં હોય છે. તેના અધિષ્ઠાયક મહાકાલ દેવ છે.

**૮) માણવકનિધિઃ**

યોદ્ધાઓ, તેના કવચો, શસ્ત્રો, ચક્રવ્યૂહ વગેરે યુદ્ધ નીતિ, સામ, દામ વગેરે ચાર પ્રકારના દંડનીતિ સંબંધી વિવિધ પ્રકારનું જ્ઞાન આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે તથા તે સંબંધી કેટલાય સંગ્રહ આ નિધિમાં હોય છે. તેના અધિષ્ઠાયક માણવક દેવ છે.

**૯) શંખનિધિઃ**

નટ વિધિ, નાટક અભિનય વિધિ, કાવ્ય વિધિ, ધર્મ વગેરે ચાર પ્રકારના પુરુષાર્થ અથવા સંસ્કૃત વગેરે ચાર પ્રકારની ભાષા યુક્ત કાવ્ય વિધિનું જ્ઞાન તથા વાજિંત્રોનું જ્ઞાન આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે અને તે સંબંધિત વિવિધ સામગ્રી, ચિત્રો વગેરે પણ આ નિધિમાં હોય છે. તેના અધિષ્ઠાયક શંખ દેવ છે.

આ સર્વે નિધિઓના આકાર મંજુષા (પટારા, મોટી પેટી) જેવી હોય છે. તે દરેક નિધિને આઠ-આઠ પૈડાં હોય છે. તેની લંબાઇ ૧૨ યોજન, પહોળાઈ ૯ યોજન અને ઊંચાઇ ૮ યોજન હોય છે.

નવ નિધિઓના મંજુષાના કમાડ વૈડુર્યમણિ જડેલા સુવર્ણમય, અનેક રત્નોથી પરિપૂર્ણ, ચંદ્ર, સૂર્ય તથા ચક્રના ચિન્હથી યુક્ત સમ રચનાવાળા હોય છે. ૧ પલ્યોપમની આયુષ્યવાળા અધિપતિ દેવ હોય છે. તે દેવો તેમાં જ વસે છે. તેના અધિપતિ બનવાની ઇચ્છાથી કોઇ તેને ખરીદી શકતું નથી. નવ નિધિઓ ઘણાં ધન, રત્નોથી સમૃદ્ધિવંત હોય છે અને ચક્રવર્તીઓને વશમાં થઇ જાય છે.

# જૈન વિજ્ઞાન - ૨ ૨ ૫

**મનુષ્ય જીવ - ૧ ૪ ૮ : ચક્રવર્તી-૪૦ :**

**ચક્રવર્તી મહારાજનો દિગ્વિજય ટૂંક સાર:**

**પ્રથમ ખંડ:**

**(૧) માગધ તીર્થ:**

અધિપતિ: માગધતીર્થકુમાર દેવ

વશ કરવા: અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિ: ૧ ૨ યોજન દૂર તીર ફેંકીને

વિજય મેળવતાં મળતી ભેટ: હાર, મુગટ વગેરે આભૂષણો તથા વસ્ત્ર.

**(૨) વરદામ તીર્થ:**

અધિપતિ: વરદામતીર્થકુમાર દેવ

વશ કરવા: અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિ: ૧ ૨ યોજન દૂર તીર ફેંકીને

વિજય મેળવતાં મળતી ભેટ: વિષ (ઝેર) ઉપહારક ચૂડામણી શિરોભૂષણ (મસ્તકનું આભૂષણ)

**(૩) પ્રભાસ તીર્થ:**

અધિપતિ: પ્રભાસતીર્થકુમાર દેવ

વશ કરવા: અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિ: ૧ ૨ યોજન દૂર તીર ફેંકીને

વિજય મેળવતાં મળતી ભેટઃ મોતીના ભંડાર, સુવર્ણના ભંડાર

**(૪) સિંધુ ભવનઃ**

અધિપતિઃ સિંધુદેવી

વશ કરવાઃ અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ સંકલ્પ માત્રથી

વિજય મેળવતાં મળતી ભેટઃ બે ભદ્રાસન તથા વિવિધ રત્નો ભરેલા ૧૦૦૮ કળશો

**(૫) વૈતાઢ્યગિરિકુમાર ભવનઃ**

સ્થાનઃ વૈતાઢ્ય પર્વતના પાંચમા કૂટ (શિખર) ઉપર

અધિપતિઃ વૈતાઢ્યગિરિકુમાર દેવ

વશ કરવાઃ અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ સંકલ્પ માત્રથી

વિજય મેળવતાં મળતી ભેટઃ અભિષેક યોગ્ય રાજ અલંકારો

# જૈન વિજ્ઞાન - ૨૨૬

**મનુષ્ય જીવ - ૧૪૯ : ચક્રવર્તી-૪૧ :**

**ચક્રવર્તી મહારાજના દિગ્વિજય ટૂંક સારઃ**

**(૬) કૃતમાલકદેવ ભવનઃ**

સ્થાનઃ વૈતાઢ્ય પર્વતના સાતમાં કૂટ (શિખર) ઉપર

અધિપતિઃ કૃતમાલક દેવ

વશ કરવાઃ અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ સંકલ્પ માત્રથી

વિજય મેળવતાં મળતી ભેટઃ સ્ત્રીરત્ન યોગ્ય તિલક વગેરે ૧૪ પ્રકારના અલંકારો

**ખંડ - ૨ :**

**(૭) દક્ષિણાર્ધ સિંધુ નિષ્કૂટ :**

અધિપતિઃ ભિન્ન ભિન્ન મ્લેચ્છ રાજાઓ

વશ કરવાની વિધિઃ સેનાપતિ દ્વારા યુદ્ધ કરીને

વિજય મેળવતાં મળતી ભેટઃ મૂલ્યવાન વસ્તુઓ

**(૮) તિમિસ્રા ગુફા દ્વાર ઉદઘાટન :**

સ્થાનઃ તિમિસ્રા ગુફાનું દક્ષિણ દ્વાર

અધિપતિઃ કૃતમાલ દેવ

વશ કરવાઃ સેનાપતિ દ્વારા અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ ચક્રવર્તી મહારાજના દંડ રત્નથી ત્રણ વાર પ્રહાર કરીને દ્વાર ખોલે છે.

**ખંડ નં. ૪**

**(૯) ઉત્તરાર્ધ ભરતનો મધ્ય ખંડઃ**

અધિપતિઃ કિરાતો

વશ કરવાની વિધિઃ યુદ્ધ કરીને

વિજય મેળવતાં મળતી ભેટઃ બહુમૂલ્ય રત્નો

**ખંડ નં. ૩ઃ**

**(૧૦) ઉત્તરાર્ધ સિંધુ નિષ્કૂટઃ**

અધિપતિઃ ભિન્ન ભિન્ન મ્લેચ્છ રાજાઓ

વશ કરવાની વિધિઃ સેનાપતિ દ્વારા યુદ્ધ કરીને

વિજય મેળવતાં મળતી ભેટઃ મૂલ્યવાન વસ્તુઓ

# જૈન વિજ્ઞાન - ૨૨૭

**મનુષ્ય જીવ - ૧૫૦ : ચક્રવર્તી-૪૨ :**

**ચક્રવર્તી મહારાજના દિગ્વિજય ટૂંક સારઃ**

**(૧૧) ચુલ્લહિમવંતકુમાર ભવનઃ**

અધિપતિઃ ચુલ્લહિમવંતકુમાર દેવ

વશ કરવાઃ અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ ૭૨ યોજન દૂર તીર ફેંકીને

વિજય મેળવતાં મળતી ભેટઃ શ્રેષ્ઠ ઔષધિ, કલ્પવૃક્ષની માળા, ગોશીર્ષ ચંદન વગેરે

**(૧૨) વિદ્યાધર શ્રેણીઃ**

અધિપતિઃ રાજાઓ

વશ કરવાઃ અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ સંકલ્પ માત્રથી

વિજય મેળવતાં મળતી ભેટઃ સ્ત્રીરત્ન, આભૂષણો

**(૧૩) ગંગાદેવી ભવનઃ**

અધિપતિઃ ગંગાદેવી

વશ કરવાઃ અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ સંકલ્પ માત્રથી

વિજય મેળવતાં મળતી ભેટઃ બે સિંહાસન તથા રત્નો ભરેલા ૧૦૦૮ કળશો

**(૧૪) નૃતમાલ ભવનઃ**

અધિપતિઃ નૃતમાલ દેવ

વશ કરવાઃ અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ સંકલ્પ માત્રથી

વિજય મેળવતાં મળતી ભેટઃ આભૂષણોથી પૂર્ણ ભંડાર

**ખંડ નં. ૫ઃ**

**(૧૫) ઉત્તરાર્ધ ગંગા નિષ્કૂટઃ**

અધિપતિઃ મ્લેચ્છ રાજાઓ

વશ કરવાની વિધિઃ સેનાપતિ દ્વારા યુદ્ધ કરીને

વિજય મેળવતાં મળતી ભેટઃ મૂલ્યવાન વસ્તુઓ

**(૧૬) ખંડપ્રપાત ગુફા દ્વાર ઉદઘાટનઃ**

અધિપતિઃ નૃતમાલ દેવ

વશ કરવાઃ સેનાપતિ દ્વારા અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ દંડરત્નથી ત્રણ વાર પ્રહાર કરીને

# જૈન વિજ્ઞાન - ૨૨૮

**મનુષ્ય જીવ - ૧૫૧ : ચક્રવર્તી-૪૩ :**

**ચક્રવર્તી મહારાજના દિગ્વિજય ટૂંક સારઃ**

**(૧૭) નવનિધિ :**

સ્થાનઃ ગંગા મહાનદી સમુદ્રને મળે ત્યાં ગંગાના દક્ષિણ કિનારે

અધિપતિઃ પ્રત્યેક નિધિના નામ પ્રમાણેના દેવો

વશ કરવાઃ અઠ્ઠમ તપ

વશ કરવાની વિધિઃ સંકલ્પ માત્રથી

વિજય મેળવતાં મળતી ભેટઃ નવનિધિઓ

**ખંડ નં. ૬ :**

**(૧૮) દક્ષિણાર્ધ ગંગા નિષ્કૂટ :**

અધિપતિઃ મ્લેચ્છ રાજાઓ

વશ કરવાની વિધિઃ સેનાપતિ દ્વારા યુદ્ધ કરીને

વિજય મેળવતાં મળતી ભેટઃ મુલ્યવાન વસ્તુઓ

**(૧૯) રાજધાની પ્રવેશઃ**

અધિપતિઃ નગર અધિષ્ઠાયક દેવો


વશ કરવાઃ નગરની સુખ શાંતિ માટે અઠ્ઠમ તપ

એકંદરે ચક્રવર્તી મહારાજા દિગ્વિજય યાત્રા દરમ્યાન ૩ શાશ્વત તીર્થ, ૨ મહાનદીની દેવી, ૨ ગુફાના દેવ, ૨ પર્વતના દેવ, વિદ્યાધર રાજા, નવનિધિઓ,

રાજધાની પ્રવેશ અને અભિષેક એમ કુલ ૧૩ અઠ્ઠમ તપ પૌષધવ્રત સાથે કરે છે. ચક્રવર્તી મહારાજને વૈક્રિયલબ્ધિ હોવાથી ચુલ્લહિમવંત પર્વત ઉપર ૭૨ યોજન સુધી તીર ફેંકવા ચક્રવર્તી મહારાજા પર્વતની ઊંચાઇ ૧૦૦ યોજન જેટલું ઊંચું વૈક્રિય શરીર બનાવી તીર ફેંકે છે. તિમિસ્ર ગુફા અને ખંડપ્રપાત ગુફાને પ્રકાશિત રાખવા ૪૯-૪૯ મંડળ આલેખે છે અને તે તેમની હયાતી સુધી કાયમપણે રહે છે.

# ચક્રવર્તિ દિગ્વિજય ક્ષેત્ર

## ભરત ચક્રવર્તિ દ્વારા ૬ ખંડોનો વિજય ક્રમ



# જૈન વિજ્ઞાન - ૨૨૯

**મનુષ્ય જીવ - ૧૫૨ : ચક્રવર્તી-૪૪ :**

**દિગ્વિજય - રાજધાની, નગરપ્રવેશઃ**

છ ખંડના અધિપતિ, ચક્રવર્તી મહારાજા દિગ્વિજયમાં એવો કોઇપણ ક્ષેત્ર બાકી નથી, જેમાં વિજય કર્યો ન હોય! તમણે ૩૨,૦૦૦ રાજાઓને પરાજિત કરી સર્વ રત્નોમાં પ્રધાન ચક્રરત્ન વાળા, નવનિધિઓના અધિપતિ, સમૃદ્ધ કોષાગાર સંપન્ન લાંબા સમયે એટલે કે ઘણાં વર્ષો યુદ્ધ કર્યા બાદ વિજય મેળવે છે. દા. ત. ભરત ચક્રવર્તીએ ૬૦,૦૦૦ વર્ષે સંપૂર્ણ ભરતક્ષેત્રમાં વિજય મેળવ્યો હતો.

ચક્રવર્તી મહારાજા ગજરત્ન ઉપર બિરાજમાન થાય છે. તેમની આગળ ૮-૮ની સંખ્યામાં અષ્ટમંગલ પ્રતિકો પ્રસ્થાપિત થાય છે એટલે કે તેને લઇને રાજપુરુષો ચાલે છે. અષ્ટમંગલ પાછળ પાણીથી ભરેલ કળશ, ઝારીઓ, દિવ્ય છત્ર, પતાકા વગેરે લઇને રાજપુરુષો ચાલે છે. તેની પાછળ વૈડૂર્યરત્ન (નીલમ)થી નિર્મિત દેદીપ્યમાન દંડયુક્ત છત્ર ચાલે છે.

ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન, કાકણિરત્ન આ સાત એકેન્દ્રિય રત્ન યથાક્રમે ચાલે છે. તેની પાછળ નવનિધિઓ ભૂમિગત રહીને ચાલે છે. તેની પાછળ ૧૬,૦૦૦ દેવો (ચક્રવર્તી મહારાજાના આત્મરક્ષક દેવ ૨,૦૦૦ અ ૧૪ રત્નોના પ્રત્યેક રત્ન દીઠ ૧,૦૦૦ અધિપતિ દેવો) તેની પાછળ ૩૨,૦૦૦ રાજાઓ ચાલે છે. સેનાપતિરત્ન, ગાથાપતિરત્ન, વર્દ્ધકિરત્ન અને પુરોહિતરત્ન ચાલે છે. તેની પાછળ સ્ત્રીરત્ન (પરમ સુંદરી સુભદ્રા) ચાલે છે.

# જૈન વિજ્ઞાન - ૨૩૦

**મનુષ્ય જીવ - ૧૫૩ : ચક્રવર્તી-૪૫ :**

**દિગ્વિજય - રાજધાની, નગરપ્રવેશઃ**

સ્ત્રીરત્ન પાછળ ૩૨,૦૦૦ ઋતુ કલ્યાણિકા સ્ત્રીઓ (જેનો સ્પર્શ ઋતુથી પ્રતિકૂળ એટલે કે ઠંડીમાં ગરમ અને ગરમીમાં શીતળતા પ્રદાન કરનાર સ્ત્રીઓ, રાજકુળમાં જન્મ લેનારી કન્યાઓ), તેની પાછળ ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા સ્ત્રીઓ (દેશના અગ્રગણ્ય પુરુષોની કન્યાઓ) યથાક્રમે ચાલે છે.

તેની પાછળ ૩૨,૦૦૦ નાટક મંડળીઓ, ૩૬૦ રસોઇયાઓ, ૧૮ શ્રેણી-પ્રશ્રેણીના લોકો ચાલે છે. તેની પાછળ ૮૪ લાખ ઘોડાઓ, ૮૪ લાખ હાથીઓ, ૯૬ કરોડ પદયાત્રીઓ, તેની પાછળ અનેક રાજાઓ, રાજ સન્માનિત વિશિષ્ટ નાગરિકો યથાક્રમે ચાલે છે.

તેની પાછળ તલવારધારી, લાઠીધારી, ભાલાધારી, ધનુષ્યધારી, ચામરધારી, ઘોડા-બળદને વશમાં કરનાર પાશધારીઓ, ફલકધારી, પરશુધારી, પુસ્તકધારી, વીણાધારી, કુપ્યગ્રાહી, મશાલધારી, દીપકધારીઓ ચાલે છે.

દંડધારી, મસ્તક મુંડિત, શિખાધારી, જટાધારી, મોરપીંછધારી, હસાવનારા, ક્રીડા, ખેલ, તમાશા કરનાર, ખુશામતિયા, કામુક, કુચેષ્ટા કરનાર, ગાતા લોકો, નાચતા, હસતા, પાસા રમનારા, પ્રમોદક્રીડા કરનારા, ગીત શીખવાડનારા, સંભળાવનારા, કલ્યાણકારી વાક્ય બોલનારા, ભિન્ન-ભિન્ન અવાજ કરનારા લોકો યથાક્રમે ચાલે છે. આટલા વિશાળ સમુદાયમાં ચક્રવર્તી મહારાજા નગરપ્રવેશ કરે છે.

# જૈન વિજ્ઞાન - ૨૩૧

**મનુષ્ય જીવ - ૧૫૪ : ચક્રવર્તી-૪૬ :**

**ચક્રવર્તી મહારાજનું રાજ્યાભિષેક :**

**રાજ્યાભિષેક સ્થાન :** રાજધાનીના ઇશાનખૂણે

રચનાઃ રાજ્યાભિષેક સ્થાનની રચના ચક્રવર્તી મહારાજાના સેવક દેવતાઓ દ્વારા નિર્માણ થાય છે. અભિષેકપીઠની પૂર્વ, ઉત્તર, દક્ષિણ આ ત્રણ દિશામાં પીઠ ઉપર ચડવા ત્રણ-ત્રણ પગથિયાં અને તે અભિષેક પીઠની વચ્ચે ચક્રવર્તી મહારાજનું સિંહાસન બનાવે છે.

ચક્રવર્તી મહારાજાની ૬૪,૦૦૦ પત્નીઓ (૩૨,૦૦૦ રાજાઓ પોતાની કન્યાને ચક્રવર્તી મહારાજા સાથે પરણાવે છે તે જ પ્રમાણે ચક્રવર્તી મહારાજા ૩૨,૦૦૦ દેશ જીતતાં તે દેશના અગ્રણીઓ તેમની કન્યાને ચક્રવર્તી મહારાજા સાથે પરણાવે છે.) ૩૨-૩૨ પાત્રો ધરાવતાં ૩૨,૦૦૦ નાટક મંડળીઓ પણ ૩૨,૦૦૦ રાણીઓ સાથે રહે છે. તેઓ અભિષેક પીઠ ઉપર ચડી પૂર્વાભિમુખ બેસે છે.

૩૨,૦૦૦ દેશના રાજાઓ અભિષેક પીઠ ઉપર ઉત્તર દિશામાં બેસે છે. સેનાપતિ આદિ રત્નો, ૧૮ શ્રેણી-પ્રશ્રેણીજનો દક્ષિણ દિશામાં બેસે છે.

**અભિષેક દ્રવ્યો:**

આભિયોગિક (સેવક) દેવતાઓ મેરુપર્વતે આવેલ પંડગવન, નંદનવન વગેરે વનોની ઔષધિઓ, ક્ષીરસમુદ્ર તથા સર્વ તીર્થોના પાણી, નદીઓ, સરોવર વગેરેના પાણી લઇને આવે છે.

# જૈન વિજ્ઞાન - ૨૩૨

**મનુષ્ય જીવ - ૧૫૫ : ચક્રવર્તી-૪૭ :**

**ચક્રવર્તી મહારાજનું રાજ્યાભિષેક :**

૧૦૦૮ સુવર્ણ કળશોથી ૩૨,૦૦૦ રાજાઓ, સેનાપતિ વગેરે, ૧૬,૦૦૦ દેવો અનુક્રમે ચક્રવર્તીપણાનો અભિષેક કરે છે. ચક્રવર્તીપણાના અભિષેક પછી ચક્રવર્તી મહારાજ ૧૨ વર્ષ સુધી પોતાના રાજ્યોને કરમુક્ત કરે છે. નગરમાં ૧૨ વર્ષ સુધી વિજય ઉત્સવ ઉજવાય છે. ૩૨,૦૦૦ દેશના રાજાઓ પણ ૧૨ વર્ષ સુધી ચક્રવર્તી મહારાજની મહેમાનગતિ સ્વીકારી ચક્રવર્તી મહારાજની રાજધાનીમાં રોકાય છે.

**અભિષેક નક્ષત્રઃ**

ચક્રવર્તી મહારાજનો ચક્રવર્તીપણાનો અભિષેક યોગ્ય ૧૩ નક્ષત્રો : શ્રવણ, જ્યેષ્ઠા, હસ્ત, અશ્વિની, અભિજિત, પુષ્ય, રોહિણી, ઉત્તરાષાઢા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તર ભાદ્રપદા, મૃગશિર, અનુરાધા અને રેવતી નક્ષત્રમાં કરેલ રાજ્યાભિષેક ઘણાં જ લાંબા સમય સુધી દેશનું પાલન કરે છે.

ચક્રવર્તી મહારાજનું રાજ્યાભિષેક વિજય મુહૂર્તમાં કરવામાં આવે છે. વિજય મુહૂર્ત એટલે દિવસના કુલ ૪ પ્રહર (૧ પ્રહર એટલે અંદાજે ૩ કલાક, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના સમયને ૪ ભાગ કરી તેના પ્રથમ બે ભાગમાં ૨૪ મિનિટ ઓછી કરીએ તો નિર્ધારિત સમય આવે) હોય છે. તેમાં પ્રથમ બે પ્રહરમાં ૨૪ મિનિટ ઓછી હોય ત્યારે સર્વ કાર્યને સિદ્ધ કરનાર એવું વિજય મુહૂર્ત હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૩૩

**મનુષ્ય જીવ - ૧૫૬ : ચક્રવર્તી-૪૮ :**

**ચક્રવર્તી મહારાજની ઋદ્ધિ સંપદા:**

૧) ૧૪ મહારત્નો

૨) ૯ મહાનિધિઓ

૩) ૧૬ હજાર સેવક દેવતાઓ

૪) ૩૨ હજાર દેશના રાજાઓ

૫) ૩૨ હજાર ઋતુકલ્યાણિકા સ્ત્રીઓ

૬) ૩૨ હજાર જનપદ કલ્યાણિકા સ્ત્રીઓ

૭) ૩૨ હજાર નાટક મંડળીઓ (૩૨-૩૨ પાત્રોથી યુક્ત)

૮) ૩૬૦ રસોઇયાઓ

૯) ૧૮ શ્રેણિ-પ્રશ્રેણિ જનો

૧૦) ૮૪ લાખ ઘોડાઓ

૧૧) ૮૪ લાખ હાથીઓ

૧૨) ૮૪ લાખ રથ

૧૩) ૯૬ કરોડ પદાતિ મનુષ્યો

૧૪) ૭૨ હજાર મહાનગરો

૧૫) ૩૨ હજાર જનપદો (વ્યાપાર કરનારી વસ્તીઓ)

૧૬) ૯૬ કરોડ ગામ (ગામડાઓ)

૧૭) ૯૯ હજાર દ્રોણમુખ (જ્યાં જળમાર્ગ અને સ્થળમાર્ગ બન્નેથી જઇ શકાય તેવા સ્થાનો)

૧૮) ૪૮ હજાર પટ્ટણો (વ્યાપાર પ્રધાન નગરી)

૧૯) ૨૪ હજાર કર્બટ (કસ્બાઓ)

૨૦) ૨૪ હજાર મંડબો (જેની આસપાસ દૂર સુધી કોઇ વસ્તી ન હોય તેવા સ્થાનો)

૨૧) ૨૦ હજાર ખાણો

૨૨) ૧૬ હજાર ખેટો (ધૂળના પ્રાકારવાળી વસ્તીઓ)

૨૩) ૧૪ હજાર સંબાહો (છાવણીઓ)

૨૪) ૫૬ અંતરોદકો (અંતવર્તી જળના સન્નિવેશ વિશેષો)

૨૫) ૪૯ કુરાજનો (ભીલ આદિ જંગલી જાતિના રાજ્યો)

આ સર્વેના અને રાજધાનીના, ઉત્તરમાં ચુલ્લહિમવંત પર્વતથી અને ત્રણ દિશામાં સમુદ્રથી મર્યાદિત સંપૂર્ણ ક્ષેત્રના, બીજા અનેક ઐશ્વર્યશાળી, પ્રભાવશાળી પુરુષો, સાર્થવાહ આદિનું આધિપત્ય (અગ્રેસરપણું), પ્રભુત્વ, સ્વામિત્વ, અધિનાયકપણું, આજ્ઞેશ્વરત્વ, સેનાપતિપણું સર્વ અધિકૃતરૂપમાં પાલન કરતાં, આદેશનું પાલન કરાવતાં, સર્વ શત્રુઓ પર વિજય પામેલા, પોતાને કાંટા રૂપ શત્રુઓનો નાશ કરતાં, તેઓને વશ કરતાં, દેશનિકાલ કરતાં ચક્રવર્તી રાજા છ ખંડનું પાલન કરે છે.

# જૈન વિજ્ઞાન - ૨૩૪

**મનુષ્ય જીવ - ૧૫૭ : ચક્રવર્તી-૪૯ :**

**ચક્રવર્તી મહારાજની ગતિ અને વિશેષતાઃ**

ચક્રવર્તી મહાસુખના ભોક્તા હોય છે. છ ખંડના સર્વે રાજાઓ તેમના આધિન હોય છે. પદવીધારી મનુષ્યો અને ૧૬,૦૦૦ દેવો સદાય તેમની સેવામાં તત્પર હોય છે.

ચક્રવર્તી મહારાજ મૃત્યુપર્યંત કામભોગોમાં રચ્યા-પચ્યા રહે તો તે અવશ્ય નરક ગતિમાં જાય છે. અહીં કામ શબ્દથી શબ્દ અને રૂપ તેમજ ભોગ શબ્દથી ગંધ આદિ શેષ ત્રણ વિષયનું ગ્રહણ થાય છે. જે ચક્રવર્તી મહારાજ સંસારથી વિરક્ત (રસ ઉડી જાય) થાય અને દીક્ષા સ્વીકાર કરે તો તે મોક્ષગતિ અથવા દેવગતિ અવશ્ય પામે છે. તેઓ એટલા મહાન પુણ્યના સ્વામી હોય છે કે, તેમના સમયમાં તીર્થંકર પરમાત્મા અચૂક વિચરતાં હોય છે એટલે કે તેમને તીર્થંકર પરમાત્માનું સાનિધ્ય હંમેશાં પ્રાપ્ત થાય છે.

ઉત્તમ પુરુષના ત્રણ પ્રકાર હોય છે. ૧) ધર્મપુરુષ ૨) ભોગપુરુષ ૩) કર્મપુરુષ. અરિહંત પરમાત્મા ધર્મપુરુષ હોય છે. ચક્રવર્તી મહારાજા ભોગપુરુષ હોય છે અને વાસુદેવ (અર્ધ ચક્રવર્તી) કર્મપુરુષ હોય છે.

**સ્ત્રી યોનિના પ્રકારઃ**

૧) કૂર્મોન્નતા યોનિ, ૨) શંખાવર્ત યોનિ અને ૩) વંશીપત્રિકા યોનિ.

**૧) કૂર્મોન્નતા યોનિઃ** કૂર્મ એટલે કાચબો અને યોનિ એટલે ઉત્પત્તિ સ્થાન. જે યોનિ કાચબા જેવી ઉન્નત હોય. આવા પ્રકારની યોનિ ઉત્તમ પુરુષોની માતાને હોય છે. કૂર્મોન્નતા યોનિમાં ત્રણ પ્રકારના ઉત્તમ પુરુષો ગર્ભમાં આવે છે. ૧) શ્રી અરિહંત ૨) શ્રી ચક્રવર્તી અને ૩) શ્રી વાસુદેવ - બળદેવ.

# જૈન વિજ્ઞાન - ૨૩૫

**મનુષ્ય જીવ - ૧૫૮ : ચક્રવર્તી-૪૯ :**

**ચક્રવર્તી મહારાજની વિશેષતાઃ**

**૨) શંખાવર્ત યોનિઃ**

શંખાવર્ત યોનિ એટલે શંખની જેમ આવર્તવાળી યોનિ. આવી યોનિ ચક્રવર્તી મહારાજાની સ્ત્રીરત્નને હોય છે. શંખાવર્ત યોનિમાં ઘણાં જીવ અને પુદગલ ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે, સંગ્રહિત થાય છે, જીવ ઉત્પન્ન થાય છે પરંતું, વૃદ્ધિ થતાં નથી. એટલે કે ગર્ભાવસ્થામાં જ વૃદ્ધિ થતી જ નથી, જીવ ગર્ભમાં આવતાં જ મરી જાય છે.

**૩) વંશીપત્રિકાયોનિઃ**

વંશી એટલે વાંસ, પત્રિકા એટલે પાંદડાં. વાંસના પાન જેવા આકારવાળી યોનિ. સામાન્ય મનુષ્યજનોની માતાને હોય છે. આવા પ્રકારની યોનિમાં સામાન્ય લોકો ગર્ભમાં આવે છે.

**તીર્થ ક્ષેત્રઃ**

ચક્રવર્તી મહારાજા તીર્થક્ષેત્ર વાળા પ્રથમ ખંડમાં જ જન્મ થાય છે. ૧) માગધ ૨) વરદામ અને ૩) પ્રભાસ. ત્રણેય તીર્થના અધિષ્ઠાયક દેવો ચક્રવર્તી મહારાજના સંકલ્પ માત્રથી વશમાં થઇ જાય છે.

**નિરુપક્રમ આયુષ્ય :**

૬૩ શલાકા પુરુષોમાંથી ૫૪ શલાકા પુરુષો (૯-પ્રતિવાસુદેવને છોડીને) નિરુપક્રમ આયુષ્ય હોય છે. નિરુપક્રમ આયુષ્ય એટલે કે તેઓ જેટલું આયુષ્ય બાંધીને આવ્યા હોય છે તેટલું આયુષ્ય અવશ્યપણે ભોગવે છે. એટલે કે તે આરાનું ઉત્કૃષ્ટ આયુષ્ય નહીં પરંતું સંપૂર્ણ આયુષ્ય ભોગવે છે. ૨૪-અરિહંત પરમાત્મા, ૧૨-ચક્રવર્તી મહારાજા, ૯-વાસુદેવ અને ૯-બળદેવ કુલ ૫૪ મહાપુરુષોને ક્યારેય વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરતાં નથી.

# જૈન વિજ્ઞાન - ૨૩૬

**મનુષ્ય જીવ - ૧૫૯ : ચક્રવર્તી-૫૦ :**

**ચક્રવર્તી મહારાજા વિશેષ :**

**સાતમી નરક:**

લોકમાં ત્રણ પુરુષ ૧) શીલ રહિત (પરસ્ત્રી સેવન કરનાર), ૨) વ્રત રહિત (પચ્ચકખાણ ન લીધેલ), ૩) નિર્ગુણી, ૪) મર્યાદાહીન, ૫) પ્રાયશ્ચિત અને ૬) પૌષધ ઉપવાસ રહિત હોય તો મરણના સમયે સાતમી નરક અપ્રતિષ્ઠાન નરક માં નારકીરુપે ઉત્પન્ન થાય છે. ૧) રાજા (ચક્રવર્તી અને વાસુદેવ), ૨) માંડલિક રાજા અને ૩) મહા આરંભી ગૃહસ્થ.

**ચક્રવર્તી મહારાજનો આહાર:**

ચક્રવર્તી મહારાજનો આહાર (ખોરાક, ભોજન) સામાન્ય પુરુષ ન પચાવી શકે તેવો હોય છે. જો ભૂલેચૂકે ચક્રવર્તી મહારાજાનો આહાર કોઇ મનુષ્ય આરોગે (જમે) તો કામેચ્છા (કામવાસના) પ્રબળ થઇ જાય છે. મનુષ્ય કામવાસનામાં અચૂક વિવેક ચૂકે છે. એટલી હદે કે તેને પરિવારના સદસ્યોનું પણ ભાન અને વિવેક રહેતો નથી. ચક્રવર્તી મહારાજાનો આહાર ઉચ્ચ ગુણવત્તાનું હોય છે.

**ચક્રવર્તી મહારાજની ઋદ્ધિનું કારણ :**

૧) ચક્રવર્તી મહારાજ, ૨) બળદેવ, ૩) વાસુદેવ (અર્ધ ચક્રી) આ ત્રણેય ઉત્તમપુરુષોની ઋદ્ધિ મહાન પુણ્યના ઉદયથી હોય છે. ૪) અરિહંત પરમાત્માની ઋદ્ધિ પૂર્વે ઉપાર્જન કરેલ પુણ્યોદય અને વર્તમાન ભવમાં ચાર ઘાતિકર્મના ક્ષયથી હોય છે. ૫) શ્રમણ ભગવંતોની ઋદ્ધિ વર્તમાન ભવમાં કરેલ તપસ્યા વિશેષથી પ્રાપ્ત થાય છે.

# જૈન વિજ્ઞાન - ૨૩૭

**મનુષ્ય જીવ - ૧૬૦ : ચક્રવર્તી-૫૧ :**

**ચક્રવર્તી મહારાજા વિશેષ :**

**પુલાક લબ્ધિ :**

૯ પૂર્વથી અધિક શ્રુતજ્ઞાની (શાસ્ત્ર જ્ઞાની) કોઇપણ શ્રમણને પુલાક લબ્ધિ સ્વયં પ્રગટ થાય છે. આ લબ્ધિધારી શ્રમણ (સાધુ) ભગવંત, અવિવેકપૂર્ણ આદેશ કે વ્યવહાર માટે ચક્રવર્તી મહારાજને પણ દંડ આપી શકે છે, સજા આપી શકે છે અને તેને સરળતાથી ભયભીત કરી શકે છે.

**સ્વપ્ન દર્શન :**

સ્વપ્ન શાસ્ત્ર અનુસાર સ્વપ્નના કુલ ૭૨ પ્રકાર છે. તેમાં ૪૨ સ્વપ્નો સામાન્ય છે. ૩૦ સ્વપ્નો મહાસ્વપ્નો હોય છે. તીર્થંકર પરમાત્મા અને ચક્રવર્તી મહારાજાની માતા ૩૦ મહાસ્વપ્નોમાંથી ગર્ભના આગમનના શુભ સંકેતરૂપે ૧૪ મહાસ્વપ્નો જુએ છે. વાસુદેવની માતા ૭ મહાસ્વપ્નો જુએ છે. બળદેવની માતા ૪ મહાસ્વપ્નો જુએ છે. માંડલિક રાજા અને મહા પુણ્યવાન આત્માની માતા ૧ મહાસ્વપ્ન જુએ છે. ચક્રવર્તી મહારાજાની માતા ૧૪ મહાસ્વપ્નોમાંથી ચક્રવર્તી જીવ દેવલોકથી ચ્યવન થઇ માતાના ગર્ભમાં આવે તો ૧૨માં સ્વપ્ને દેવવિમાન જુએ છે. જો, નરકભૂમિથી આવે તો તે ભવન જુએ છે. માતા, ચક્રવર્તીની માતા દરેક મહાસ્વપ્ના ઝાંખા (અસ્પષ્ટ) જુએ છે.

**કલ્યાણ ભોજન :**

ચક્રવર્તી મહારાજનું પોતાનું એક સમયના ભોજનનો ખર્ચ ૧,૦૦,૦૦૦ સુવર્ણ મુદ્રાના મૂલ્યે તૈયાર થાય છે. આ વિશેષ ભોજનને કલ્યાણ ભોજન કહે છે. આ ભોજન એકમાત્ર ચક્રવર્તી મહારાજ જ કરી શકે અન્ય કોઇપણ નહીં.

# જૈન વિજ્ઞાન - ૨૩૮

**મનુષ્ય જીવ - ૧૬૧ : ચક્રવર્તી-૫૨ :**

**ચક્રવર્તી મહારાજા વિશેષ :**

**કલ્યાણ ભોજન:**

ચક્રવર્તી મહારાજ માટે દૂધપાક કલ્યાણભોજન તરીકે પ્રસિદ્ધ છે. પુંડ્રજાતિની ઉચ્ચ શેરડીનો આહાર ૧,૦૦,૦૦૦ ગાયોને ખવડાવવામાં આવે છે. તે ગાયનું દૂધ ૫૦,૦૦૦ ગાયોને પીવડાવવામાં આવે છે. ૫૦,૦૦૦ ગાયોનું દૂધ ૨૫,૦૦૦ ગાયોને પીવડાવવામાં આવે છે આ રીતે ક્રમશઃ ઘટાડતાં-ઘટાડતાં છેલ્લે ૧ ગાયનું દૂધ રહે છે. તે દૂધમાં કલમ જાતિના ઉત્તમ ચોખા, સાકર, મેવા, મસાલા વગેરે નાંખીને પૂર્ણપણે ઉકાળીને બનાવેલો દૂધપાક અત્યંત સ્વાદિષ્ટ બને છે. તેને કલ્યાણભોજન કહે છે. તે ભોજન એકમાત્ર ચક્રવર્તી મહારાજ જ પચાવી શકે છે.

**આસાલિક:**

આસાલિક ઉરપરિસર્પ (ઉર એટલે છાતીનો ભાગ, પરિ એટલે ના સહાયતાથી અને સર્પ એટલે સાપ અથવા સાપ જેવી પ્રજાતિ) સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય જીવ છે. આગળ જતાં વિસ્તારમાં સમજીશું. આસાલિક જીવની ઉત્પત્તિ ૧૫ કર્મભૂમિ અને ચક્રવર્તી મહારાજા, વાસુદેવ, બળદેવ, માંડલિક રાજાના ક્ષેત્રમાં જ થાય છે. આસાલિક જીવ તેમના સૈનિકોની છાવણીમાં, ગામથી લઇને તેમની રાજધાનીની નીચે ભૂમિમાં તેની ઉત્પત્તિ થાય છે. ચક્રવર્તી મહારાજની સંપૂર્ણ સેનાનો નાશ કરી શકે છે. તે ઉત્કૃષ્ટ પણે ૧૨ યોજન (૪૮ ગાઉ) માટી ગળી જાય છે, તેટલા ભાગમાં ખાડો પડી જાય છે અને તેમાં આખી નગરીનો નાશ થાય છે. આસાલિકનું દેહ પ્રમાણ ઓછામાં ઓછું અંગુલના અસંખ્યાત ભાગ અને વધુમાં વધુ ૧૨ યોજન હોય છે. તેનું આયુષ્ય અંતમુહૂર્ત (૪૮ મિનિટમાં ૧ સમય ઓછું) હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૩૯

**મનુષ્ય જીવ - ૧૬૨ : ચક્રવર્તી-૫૩ :**

**ચક્રવર્તી મહારાજા વિશેષ :**

**ચૂડામણિ:**

ચૂડામણિ નામનું મસ્તકનું શ્રેષ્ઠ આભરણ છે. તે સર્વ રત્નોમાં સારભૂત છે. દેવેન્દ્રો અને ચક્રવર્તી મહારાજ તેને મસ્તક ઉપર ધારણ કરે છે. તે સર્વ અમંગલ, અશાંતિ, રોગ વગેરે દોષોનો નાશ કરનાર પરમ મંગલભૂત આભૂષણ છે.

**ભરત ચક્રવર્તી:**

દરેક અવસર્પિણી કાળમાં અને ઉત્સર્પિણી કાળમાં કુલ પાંચ ભરતક્ષેત્રમાં ભરત નામના ચક્રવર્તીનો જન્મ અચૂક થાય છે. તેથી ભરત ચક્રવર્તીના નામથી જ તે દ્વીપમાં (જંબુદ્વીપ, ઘાતકીખંડ અને પુષ્કરદ્વીપ) તે ક્ષેત્રનું નામ ભરત હોય છે. ભરતક્ષેત્ર નામ શાશ્વત છે.

**ઉત્કૃષ્ટપણે ચક્રવર્તી:**

ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્રમાં ચક્રવર્તી ક્રમશઃ ૧૨ ચક્રવર્તી થાય છે. મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨ વિજય (ક્ષેત્ર)માંથી ૨૮ વિજયમાં ચક્રવર્તી હોય છે અને બીજા ૪ ક્ષેત્રમાં વાસુદેવ હોય છે. જ્યાં ચક્રવર્તી મહારાજ હોય ત્યાં વાસુદેવનો જન્મ ક્યારેય ન થાય ! તીર્થંકર પરમાત્માની જેમ અઢીદ્વીપમાં એક સાથે ૫-ભરતક્ષેત્રમાં ૫-ચક્રવર્તી, ૫-ઐરાવતક્ષેત્રમાં ૫-ચક્રવર્તી અને ૫-મહાવિદેહ ક્ષેત્રના ૧૬૦ (૩૨ વિજય x ૫ મહાવિદેહ )વિજયમાંથી ૧૪૦ ચક્રવર્તી (૫ મહાવિદેહ ૬ ૨૮ ચક્રવર્તી) હોય છે. તીર્થંકર પરમાત્માની જેમ કુલ મળીને ૧૫૦ ચક્રવર્તી (૧૪૦-મહાવિદેહક્ષેત્ર + ૫-ભરતક્ષેત્ર + ૫-ઐરાવતક્ષેત્ર) મહારાજા ઉત્કૃષ્ટપણે (વધુમાં વધુ) હોય છે. એક ચક્રવર્તી બીજા ચક્રવર્તી મહારાજાને સામસામે મુલાકાત કે ભેટો ક્યારેય થતો નથી.

# જૈન વિજ્ઞાન - ૨૪૦

**મનુષ્ય જીવ - ૧૬૩ : ચક્રવર્તી-૫૪ :**

**ચક્રવર્તી મહારાજા વિશેષ :**

**નરદેવ:**

૬ ખંડના અધિપતિ, ૧૪ મહારત્નો અને ૯ નિધિઓના સ્વામી ચક્રવર્તી મહારાજને નરદેવ કહેવાય છે. તેમનો જન્મ પ્રથમ નરક અને ૮૧ જાતિના દેવોમાંથી (૯૯ જાતિના દેવોમાંથી ૧૫ પરમાધામિક અને ૩ કિલ્વીષી દેવને છોડીને) આવીને ઉત્પન્ન (જન્મ) થાય છે. તેમનો જન્મ ક્યારેય મનુષ્યગતિ અને તિર્યંચગતિમાંથી મરણ થઇને નથી થતો. અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળ પ્રમાણે આરા અનુસાર ચક્રવર્તી મહારાજનું ઓછામાં ઓછું આયુષ્ય ૭૦૦ વર્ષ અને વધુમાં વધુ ૮૪ લાખ પૂર્વનું હોય છે. ચક્રવર્તી મહારાજ વૈક્રિયલબ્ધિ સંપન્ન હોય છે. મનુષ્યોમાં દેવતુલ્ય આરાધ્ય હોવાથી નરદેવ કહેવાય છે.

**ગતિ:**

ચક્રવર્તી મહારાજની સામાન્ય પણે ગતિ (ચક્રવર્તી મહારાજના મરણ પછી) નરકની હોય છે. કારણ કે તે જીવ ભોગ વિલાસમાં અત્યંત આસક્ત (વશમાં) હોય છે. તેમ છતાં જો ચક્રવર્તી પદનો ત્યાગ કરીને જો સાધુ ભગવંત બને એટલે કે સંયમ અંગીકાર કરે તો અવશ્ય દેવગતિ અથવા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**ચક્રવર્તી પદ:**

ચક્રવર્તી મહારાજનો જન્મ થાય પરંતું, જ્યાં સુધી ચક્રરત્ન આયુધશાળા (શસ્ત્રાગાર)માં ઉત્પન્ન ન થાય ત્યાં સુધી ચક્રવર્તી નથી કહેવાતા ! ચક્રરત્ન ઉત્પન્ન થયા પછી છ ખંડ ઉપર વિજય મેળવવાનો હોય છે. જો સમસ્ત છ ખંડના સમસ્ત રાજાઓ ઉપર વિજય મેળવી લે તો જ ચક્રરત્ન રાજધાનીમાં પુનઃ પ્રવેશ કરે, ત્યારે જ ચક્રવર્તી કહેવાય છે.

# જૈન વિજ્ઞાન - ૨૪૧

**મનુષ્ય જીવ - ૧૬૪ : ચક્રવર્તી-૫૫ :**

**ચક્રવર્તી મહારાજા વિશેષ :**

**ચક્રવર્તી મહારાજનું વચન:**

ઉત્તમપુરુષ એટલે ચક્રવર્તી, વાસુદેવ અને બલદેવ અપૂતિ વચન વાળા હોય છે. એટલે કે તેઓ જે કાંઇ બોલે તે એક જ વાર કહે છે. તેમના વચન ક્યારેય મિથ્યા (નકામા, ખોટા, વ્યર્થ) થતાં નથી.

**આર્ય ભૂમિ:**

જે ક્ષેત્રમાં અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ ઉત્પન્ન થાય તે ભૂમિ આર્યભૂમિ કહેવાય છે. સમયના વહેણ સાથે દેશના નામ બદલાય, સ્થાનના નામ બદલાય પરંતું આર્ય ભૂમિ નામ ક્યારેય બદલાતું નથી.

**ગળાનો હાર:**

ચક્રવર્તી મહારાજનો હાર ૬૪ સરોનો અને મુક્તામણિઓનો હાર મહામૂલ્યવાન હોય છે. (સરો એટલે એક લાઇન, એક લાઈનમાં વિશેષ રત્ન મુક્તામણિની હારમાળા ગોઠવેલી હોય છે. આ પ્રમાણે એક પછી એક ૬૪ લાઇનની હારમાળા એક બીજા સાથે જોડેલ હોય છે જેમાં વિવિધ મહામૂલ્યના રત્નોથી પરિપૂર્ણ હોય છે. વર્તમાનમાં આપણે ૩, ૫, ૭, વધુમાં વધુ કદાચ ૯ સરોનો હાર તરીકે સાંભળી હશે કે જોઇ હશે. લગભગ તો તે પણ સોનાની જ હોય છે. જે એકબીજા સાથે જોડાયેલી હોય છે. ૬૪ સરોનો હાર ચક્રવર્તી મહારાજની રિદ્ધિ અને સિદ્ધિ દર્શાવે છે.

**નિરાભિમાન:**

ચક્રવર્તી મહારાજા અનંતપૂણ્યના સ્વામી હોવાથી આવા અનેક પ્રકારના ભૌતિકસુખો તેમને સરળતાથી પ્રાપ્ત થાય છે. વિશેષ કોઇ જ પરિશ્રમ તેમને કરવો પડતો નથી. આટલી બધી આર્થિક સિદ્ધ હોવી તેમજ છ ખંડના દરેક મનુષ્યોના સ્વામી હોવા છતાં પણ ક્યારેય પોતાની શક્તિ, રિદ્ધિ, સિદ્ધિ, ઐશ્વર્ય વગેરેનું ક્યારેય અભિમાન હોતું નથી.

# જૈન વિજ્ઞાન - ૨૪૨

**મનુષ્ય જીવ - ૧૬૫ : ચક્રવર્તી-૫૬ :**

**જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં થયેલ ૧ ૨ ચક્રવર્તી મહારાજા:**

વર્તમાન અવસર્પિણી કાળમાં ત્રીજા આરાના અંતે ૧ ચક્રવર્તી મહારાજ અને ચોથા આરામાં ૧ ૧ ચક્રવર્તી મહારાજ થયા. તેમાંથી શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી કુંથુનાથ ભગવાન અને શ્રી અરનાથ ભગવાન તેઓને ચક્રવર્તી અને તીર્થંકર નામકર્મનો સંયુક્ત ઉદય થયો હતો. તેમની માતાને ૧ ૪ મહાસ્વપ્નોના દર્શન બે વાર થયા હતા. પ્રથમવાર ચક્રવર્તી નામકર્મના ઉદયથી ૧ ૪ મહાસ્વપ્નો અસ્પષ્ટપણે (ઝાંખા) અને બીજીવાર ૧ ૪ મહાસ્વપ્નો તીર્થંકર નામકર્મના ઉદયથી સ્પષ્ટ પણે દર્શન થયા હતાં.

**ચક્રવર્તીનું નામ :**

૧ ) શ્રી ભરત ચક્રવર્તી

૨ ) શ્રી સગર ચક્રવર્તી

૩) શ્રી મઘવા ચક્રવર્તી

૪) શ્રી સનત્કુમાર ચક્રવર્તી

૫) શ્રી શાંતિનાથ ચક્રવર્તી (તીર્થંકર)

૬ ) શ્રી કુંથુનાથ ચક્રવર્તી (તીર્થંકર)

૭) શ્રી અરનાથ ચક્રવર્તી (તીર્થંકર)

૮ ) શ્રી સુભૂમ ચક્રવર્તી

૯) શ્રી મહાપદ્મ ચક્રવર્તી

૧૦) શ્રી હરિષેણ ચક્રવર્તી

૧ ૧ ) શ્રી નરપતિ જય ચક્રવર્તી

૧ ૨ ) શ્રી બ્રહ્મદત્ત ચક્રવર્તી

# જૈન વિજ્ઞાન - ૨૪૩

## મનુષ્ય જીવ - ૧૬૬ : ચક્રવર્તી-૫૭ :

ચક્રવર્તી મહારાજાના માતા-પિતા મહાન પુણ્યવાન હોય છે. પિતાનું કુળ અને માતાની જાતિ ઉચ્ચ વંશના હોય છે. મહત્તમ ક્ષત્રિય હોય છે. ભરત ચક્રવર્તી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પ્રથમ સંતાન છે. ચક્રવર્તી મહારાજ ઉત્તમ કુળમાં જન્મ લે છે.

**ચક્રવર્તી મહારાજના માતા-પિતા:**

ચક્રવર્તીનું નામ - માતા - પિતા

૧) શ્રી ભરત ચક્રવર્તી - શ્રી ઋષભદેવ - સુમંગલા દેવી

૨) શ્રી સગર ચક્રવર્તી - શ્રી સુમિત્રવિજય - યશવતી દેવી

૩) શ્રી મઘવા ચક્રવર્તી - શ્રી સમુદ્રવિજય - ભદ્રા દેવી

૪) શ્રી સનત્કુમાર ચક્રવર્તી - શ્રી અશ્વસેન - સહ દેવી

૫) શ્રી શાંતિનાથ ચક્રવર્તી (તીર્થંકર) - શ્રી વિશ્વસેન - અચિરા દેવી

૬) શ્રી કુંથુનાથ ચક્રવર્તી (તીર્થંકર) - શ્રી સૂરસેન - શ્રી દેવી

૭) શ્રી અમરનાથ ચક્રવર્તી (તીર્થંકર) - શ્રી સુદર્શન - દેવી

૮) શ્રી સુભૂમ ચક્રવર્તી - શ્રી કાર્તવીર્ય - તારા દેવી

૯) શ્રી મહાપદ્મ ચક્રવર્તી - શ્રી પદ્મોત્તર - જ્વાલા દેવી

૧૦) શ્રી હરિષેણ ચક્રવર્તી - શ્રી મહાહરિ - મેરા દેવી

૧૧) શ્રી જય ચક્રવર્તી - શ્રી વિજયરાજા - વપ્રા દેવી

૧૨) શ્રી બ્રહ્મદત્ત ચક્રવર્તી - શ્રી બ્રહ્મ - ચુલ્લિની દેવી

# જૈન વિજ્ઞાન - ૨૪૪

**મનુષ્ય જીવ - ૧૬૭ : ચક્રવર્તી-૫૮ :**

ચક્રવર્તી મહારાજાની સ્ત્રીરત્ન ૬ ખંડના દિગ્વિજય યાત્રા દરમ્યાન વૈતાઢ્યપર્વત ઉપર વિજય મેળવતાં ભેટ સ્વરૂપે તેમને અર્પણ થાય છે. તે સ્ત્રીરત્ન ૧૦૦૦ દેવીઓથી અધિષ્ઠિત હોય છે. સદાય યૌવનમય અને નિઃસંતાન હોય છે. ચક્રવર્તી મહારાજને ઉપભોગ માટે હોય છે. ચક્રવર્તી મહારાજાની ૬૪,૦૦૦ સ્ત્રીઓ (પત્નીઓ)માં સૌથી શ્રેષ્ઠ હોય છે. આજીવન સતત ભોગવિલાસમાં જીવન વ્યતીત કરે છે. તેનું આયુષ્ય પૂર્ણ થતાં છઠ્ઠી નરકમાં જાય છે.

**ચક્રવર્તી મહારાજનું સ્ત્રીરત્નઃ**

ચક્રવર્તીનું નામ - સ્ત્રીરત્ન

૧) શ્રી ભરત ચક્રવર્તી - સુભદ્રા દેવી

૨) શ્રી સગર ચક્રવર્તી - ભદ્રા દેવી

૩) શ્રી મઘવા ચક્રવર્તી - સુનંદા દેવી

૪) શ્રી સનત્કુમાર ચક્રવર્તી - જયા દેવી

૫) શ્રી શાંતિનાથ ચક્રવર્તી (તીર્થંકર) - વિજયા દેવી

૬) શ્રી કુંથુનાથ ચક્રવર્તી (તીર્થંકર) - કૃષ્ણાશ્રી દેવી

૭) શ્રી અમરનાથ ચક્રવર્તી (તીર્થંકર) - સૂર્યશ્રી દેવી

૮) શ્રી સુભૂમ ચક્રવર્તી - પદ્મશ્રી દેવી

૯) શ્રી મહાપદ્મ ચક્રવર્તી - વસુંધરા દેવી

૧૦) શ્રી હરિષેણ ચક્રવર્તી - દેવી

૧૧) શ્રી જય ચક્રવર્તી - લક્ષ્મીવતી દેવી

૧૨) શ્રી બ્રહ્મદત્ત ચક્રવર્તી - કુરુમતી દેવી

# જૈન વિજ્ઞાન - ૨૪૫

**મનુષ્ય જીવ - ૧૬૮ : ચક્રવર્તી-૫૯ :**

**ચક્રવર્તી મહારાજાની ગતિઃ**

ચક્રવર્તી મહારાજા, ચક્રવર્તી નામકર્મના ઉદયે અને પૂર્વે આદરેલ તપોબળ અને સંયમના પ્રભાવે તેમજ મહાન પુણ્યોદયે છ ખંડના અધિપતિ બને છે. મહાસુખના ભોગી બને છે. ભોગવિલાસના પરિણામે સ્વાભાવિક રીતે નરક ગતિ હોય છે. પરંતુ, સંસારથી વિરક્ત થતાં સંયમ સ્વીકાર કરી દેવગતિ અથવા મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે છે. આ અવસર્પિણી કાળમાં ચક્રવર્તી મહારાજનું આયુષ્ય પૂર્ણ થતાં તેમની થયેલ ગતિ.

**ચક્રવર્તીનું નામ - ગતિ :**

૧) શ્રી ભરત ચક્રવર્તી - મોક્ષ

૨) શ્રી સગર ચક્રવર્તી - મોક્ષ

૩) શ્રી મઘવા ચક્રવર્તી - મોક્ષ

૪) શ્રી સનત્કુમાર ચક્રવર્તી - મોક્ષ

૫) શ્રી શાંતિનાથ ચક્રવર્તી (તીર્થંકર) - મોક્ષ

૬) શ્રી કુંથુનાથ ચક્રવર્તી (તીર્થંકર) - મોક્ષ

૭) શ્રી અમરનાથ ચક્રવર્તી (તીર્થંકર) - મોક્ષ

૮) શ્રી સુભૂમ ચક્રવર્તી - નરક

૯) શ્રી મહાપદ્મ ચક્રવર્તી - મોક્ષ

૧૦) શ્રી હરિષેણ ચક્રવર્તી - મોક્ષ

૧૧) શ્રી નરપતિ જય ચક્રવર્તી - મોક્ષ

૧૨) શ્રી બ્રહ્મદત્ત ચક્રવર્તી - નરક

# જૈન વિજ્ઞાન - ૨૪૬

**મનુષ્ય જીવ - ૧૬૯ : ચક્રવર્તી - ૬૦ :**

**જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણી કાળમાં થનારા ૧૨ ચક્રવર્તી મહારાજાઃ**

આવતા ઉત્સર્પિણી કાળમાં ત્રીજા આરામાં ૧૧ ચક્રવર્તી મહારાજા અને ચોથા આરામાં શરુઆતમાં ૧૨માં ચક્રવર્તી મહારાજ થશે. અઢીદ્વીપમાં દરેક ભરતક્ષેત્રમાં પ્રથમ ચક્રવર્તી મહારાજ ભરત ચક્રવર્તી નામ અવશ્ય હોય છે. દરેક ચક્રવર્તી મહારાજ ૬ ખંડના અધિપતિ, ૧૪ મહારત્નો અને ૯ મહાનિધિના સ્વામી હોય છે. દરેક ચક્રવર્તી મહારાજ સમાન ઐશ્વર્ય ધરાવે છે.

દરેક ચક્રવર્તીઓમાં તફાવત માત્ર આયુષ્ય અને આયુષ્ય પૂર્ણ થતાં થનાર ગતિનું હોય છે. ઉત્તમ મહાપુરુષોમાં તીર્થંકર પરમાત્મા નિશ્ચયથી અવશ્ય મોક્ષમાં જાય છે. જ્યારે ચક્રવર્તી મહારાજા વિશે તેવું નથી થતું. તેમની ગતિ નિર્ધારિત નરકગતિ, દેવગતિ અને મોક્ષગતિ અવશ્ય હોય છે. તેઓને મનુષ્યગતિ કે તિર્યંચગતિ નથી થતી.

**ચક્રવર્તીનું નામ :**

૧) શ્રી ભરત ચક્રવર્તી
૨) શ્રી દીર્ઘદંત ચક્રવર્તી
૩) શ્રી ગૂઢદંત ચક્રવર્તી
૪) શ્રી શુદ્ધદંત ચક્રવર્તી
૫) શ્રી શ્રીપુત્ર ચક્રવર્તી
૬) શ્રી શ્રીભૂતિ ચક્રવર્તી
૭) શ્રી શ્રીસોમ ચક્રવર્તી
૮) શ્રી પદ્મ ચક્રવર્તી
૯) શ્રી મહાપદ્મ ચક્રવર્તી
૧૦) શ્રી વિમલવાહન ચક્રવર્તી
૧૧) શ્રી વિપુલવાહન ચક્રવર્તી
૧૨) શ્રી રિષ્ટ ચક્રવર્તી

# જૈન વિજ્ઞાન - ૨૪૭

## મનુષ્ય જીવ - ૧૭૦ : વાસુદેવ - બળદેવ - ૧ :

અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળમાં બંનેમાં ૯ વાસુદેવ અને ૯-બળદેવ જન્મ થાય છે. તેઓનો ઉત્તમ કુળમાં જન્મ થવાથી ઉત્તમપુરુષ હોય છે. તીર્થંકર પરમાત્મા અને ચક્રવર્તી મહારાજ શલાકા પુરુષોથી મધ્યમ હોવાથી મધ્યમ પુરુષ કહેવાય છે એટલે કે, તીર્થંકર પરમાત્મા અને ચક્રવર્તી મહારાજની શક્તિની અપેક્ષાએ ઓછી અને સામાન્ય પુરુષોની અપેક્ષાએ અધિક બળવાન હોવાથી મધ્યમ પુરુષ કહેવાય છે.

પોતાના સમયના પુરુષોના શૌર્ય આદિ ગુણોની મુખ્યતાની અપેક્ષાએ તેઓ પ્રધાન પુરુષ કહેવાય છે. માનસિક બળ સંપન્ન હોવાથી ઓજસ્વી હોય છે. દેદીપ્યમાન શરીરના ધારક હોવાથી તેજસ્વી હોય છે. શારીરિક બળથી સંયુક્ત હોવાથી વર્ચસ્વી હોય છે. પરાક્રમ દ્વારા પ્રસિદ્ધિને પ્રાપ્ત હોવાથી યશસ્વી હોય છે. શરીરની છાયા (પ્રભા) યુક્ત હોવાથી છાયાવંત હોય છે. શરીર કાંતિયુક્ત હોવાથી તે કાંત હોય છે. ચંદ્રની સમાન સૌમ્ય મુદ્રાના ધારક હોય છે. સર્વ જનોના વલ્લભ હોવાથી સુભગ અથવા સૌભાગ્યશાળી હોય છે. નેત્રોને (આંખોને) અતિપ્રિય હોવાથી તેઓ પ્રિયદર્શી હોય છે. શરીર સમચતુરસ્ર બંધારણ હોવાથી સુરૂપ હોય છે. શુભ સ્વભાવવાળા હોવાથી શુભશીલ હોય છે. સુખપૂર્વક સરળતાથી પ્રત્યેક જન તેને મળી શકતા હોવાથી તેઓ સુખાભિગમ્ય હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૪૮

**મનુષ્ય જીવ - ૧૭૧ : વાસુદેવ - બળદેવ - ૨ :**

સર્વજનોના આંખોના પ્યારા હોય છે. ક્યારેય ન થાકનાર પ્રવાહ યુક્ત બળશાળી હોવાથી ઓઘબલિ હોય છે. પોતાના સમયના દરેક પુરુષોના બળનું અતિક્રમણ કરવાથી અતિબલિ હોય છે. મહાન પ્રશસ્ત એટલે કે શ્રેષ્ઠ બળવાળા હોવાથી તેઓ મહાબલી હોય છે. નિરુપક્રમ આયુષ્યના ધારક હોવાથી અનિહત હોય છે. એટલે કે, બીજા દ્વારા થતી ઘાત અથવા મરણથી રહિત હોય છે. મલ્લયુદ્ધમાં કોઇ તેને પરાજિત કરી શકતા ન હોવાથી અપરાજિત હોય છે. મોટાં મોટાં યુદ્ધમાં શત્રુના મર્દન કરવાથી શત્રુમર્દન હોય છે.

આજ્ઞા અથવા સેવા સ્વીકાર કરનારા પર કૃપા કરનારા હોય છે. તેઓ માત્સર્ય (ઇર્ષ્યા) રહિત હોય છે, કારણ કે બીજાના ગુણોને પણ ધારણ કરી લેનારા હોય છે. મન, વચન અને કાયાની સ્થિર પ્રવૃત્તિના કારણે તેઓ અચપલ (ચપળતા રહિત) હોય છે. કારણ વગર પ્રચંડ ક્રોધ કરતાં નથી. સિમિત વાર્તાલાપ અને મૃદુ હાસ્યથી યુક્ત હોય છે. ગંભીર, મધુર અને પરિપૂર્ણ સત્ય વચન બોલે છે. અધીનતા સ્વીકાર કરનાર પર વાત્સલ્ય ભાવ રાખે છે. શરણમાં આવનારા રક્ષક હોય છે.

વજ્ર, સ્વસ્તિક, ચક્ર વગેરે લક્ષણોથી અને તલ, મશા વગેરે વ્યંજનોની ગુણોથી સંયુક્ત હોય છે. શરીરના માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૪૯

**મનુષ્ય જીવ - ૧૭૨ : વાસુદેવ - બળદેવ - ૩ :**

મન, ઉન્માન અને પ્રમાણ, તે માપ આ પ્રમાણે હોય છે: પાણીથી ભરેલા હોડીમાં બેસીને તેમાંથી બહાર નીકળતું પાણી જો દ્રોણ (એક જાતનું માપ છે) પ્રમાણ હોય તો તે પુરુષ માન પ્રાપ્ત કહેવાય. ત્રાજવા પર બેઠેલા પુરુષનું વજન અર્ધભાર પ્રમાણ હોય તો તે પુરુષ ઉન્માન પ્રાપ્ત કહેવાય. શરીરની ઊંચાઇ પોતાના અંગુલથી જો ૧૦૮ અંગુલ પ્રમાણ હોય તો તે પ્રમાણ પ્રાપ્ત કહેવાય છે). તેઓ જન્મ જાત સર્વ અંગ સુંદર શરીરના ધારક હોય છે. કર્તવ્ય પાલનમાં આળસ રહિત કર્મઠ હોય છે. ઉદ્દંડ પુરુષો પર પ્રચંડ દંડનીતિના ધારક હોય છે તેમજ ગંભીર હોય છે.

બળદેવ તાલવૃક્ષના ચિન્હવાળી ધ્વજા વાળા અને વાસુદેવ ગરુડના ચિન્હવાળી ધ્વજાના ધારક હોય છે. તેઓ કાન સુધી મહાધનુષ ચઢાવનારા હોય છે. રણભૂમિમાં તેમના પ્રહારોનો સામનો કરવો અશક્ય હોય છે. તેઓ મહારત્નો, વજ્ર (હીરા)ને અંગૂઠા અને તર્જની (ટચલી આંગળી)થી ચૂર્ણ (પાવડર) કરી દેતા હોય છે. વાસુદેવ ૬ ખંડમાંથી ૩ ખંડના સ્વામી હોય છે. એટલે તેઓ અર્ધચક્રી પણ કહેવાય છે. ત્રણ ખંડમાં ખંડ નં. ૧, ૨ અને ૬ ઉપર વિજય મેળવે છે.

રાજકુળો અને રાજવંશોના તિલક સમાન હોય છે. કોઇથી ન જીતાય તેવા અજિત અને અજેય રથવાળા હોય છે. બળદેવ હળ અને મુશળના ધારક હોય છે. વાસુદેવ કણક (શારંગ ધનુષ્ય), પાંચજન્ય શંખ, સુદર્શન ચક્ર, કૌમુદી ગદા, શક્તિ અને નંદકનામના ખડગના ધારક હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૫૦

**મનુષ્ય જીવ - ૧૭૩ : વાસુદેવ - બળદેવ - ૪ :**

પ્રવર, ઉજ્જ્વળ, સુકાંત, વિમલ કૌસ્તુભ મણિયુક્ત મુકુટ(મુગટ)ના ધારક હોય છે. તેમનું મુખ કુંડળોમાં લગાવેલા મણિઓના પ્રકાશથી યુક્ત હોય છે. નેત્ર કમળ જેવા હોય છે. કંઠથી લઇને વક્ષ:સ્થળ (છાતી) સુધી એકાવલી હજારથી શોભતું હોય છે. વક્ષ:સ્થળ શ્રીવત્સ (શ્રીવત્સ શ્રી તીર્થંકર પરમાત્માને પણ હોય છે આપને જિનપ્રતિમામાં જોવા મળશે) સુલક્ષણથી ચિન્હિત હોય છે. તેમના વક્ષ:સ્થળ ઉપર દરેક ઋતુમાં ઉત્પન્ન થનારા સુગંધીત પુષ્પોથી બનાવેલી લાંબી, શોભાયુક્ત, વિકસિત, પાંચ વર્ણના શ્રેષ્ઠ પુષ્પોની માળાથી વક્ષ:સ્થળ સદાય શોભાયમાન હોય છે.

તેમના સુંદર અંગ, પ્રત્યંગ, ૧૦૮ લક્ષણોથી યુક્ત હોય છે. તેમનો સ્વર દુંદભિનાદ સમાન મધુર અને ગંભીર હોય છે. બળદેવ કટિસૂત્રવાળા નીલ કૌશેયક વસ્ત્રથી અને વાસુદેવ ની કમ્મર ઉપર પીળા રંગનો દુપટ્ટો હંમેશા બાંધેલો રહે છે. રાજા-મહારાજાઓથી અધિક રાજ-તેજ રૂપ લક્ષ્મીથી દેદીપ્યમાન હોય છે.

નીલ વસ્ત્રવાળા બળદેવ અને પીળા વસ્ત્રવાળા વાસુદેવ બંને સગાં ભાઇ હોય છે. એટલે કે બળદેવ અને વાસુદેવને પિતા એક હોય છે પરંતું, બંનેની માતા અલગ-અલગ હોય છે. મોટા ભાઇ તરીકે બળદેવ અને નાના ભાઇ તરીકે વાસુદેવ હોય છે. બંને ભાઇના સમુદાયને દશારમંડલ પણ કહેવાય છે.

## જૈન વિજ્ઞાન - ૨૫૧

### મનુષ્ય જીવ - ૧૭૪ : વાસુદેવ - બળદેવ - ૫ :

દરેક અવસર્પિણી અને દરેક ઉત્સર્પિણી કાળમાં ૯-વાસુદેવ અને ૯-બળદેવ અવશ્ય પણે થાય છે. ૫-ભરતક્ષેત્રમાં, ૫-ઐરાવતક્ષેત્રમાં અને ૫ મહાવિદેહ ક્ષેત્રના ૩૨-૩૨ વિજયોમાં જ તેમનો જન્મ થાય છે. અવસર્પિણી કાળમાં ચોથા આરામાં અને ઉત્સર્પિણી કાળમાં ત્રીજા આરામાં વાસુદેવ અને બળદેવનો જન્મ થાય છે. વાસુદેવ અને બળદેવ સગાં ભાઇઓ હોય છે. પૂર્વે આદરેલ મહાન તપ અને સંયમ ભાવમાં કરેલા નિયાણા (સંકલ્પ)ના પરિણામે વાસુદેવ તરીકે જન્મ થાય છે. વાસુદેવ, પ્રતિવાસુદેવની સાથેના પૂર્વ ભવના વેર પ્રતિશોધના પરિણામે વાસુદેવના સુદર્શન ચક્રથી જ પ્રતિવાસુદેવનું મરણ થાય છે. જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં થયેલ ૯-વાસુદેવ અને ૯-બળદેવ:

**વાસુદેવનું નામ:**

૧) શ્રી ત્રિપૃષ્ઠ વાસુદેવ (શ્રી મહાવીરસ્વામી ભગવાન)

૨) શ્રી દ્વિપૃષ્ઠ વાસુદેવ

૩) શ્રી સ્વયંભૂ વાસુદેવ

૪) શ્રી પુરુષોત્તમ વાસુદેવ

૫) શ્રી પુરુષસિંહ વાસુદેવ

૬) શ્રી પુરુષપુંડરીક વાસુદેવ

૭) શ્રી દત્ત વાસુદેવ

૮) શ્રી લક્ષ્મણ (નારાયણ) વાસુદેવ

૯) શ્રી કૃષ્ણ વાસુદેવ (ભાવિ તીર્થંકર શ્રી અમમસ્વામી)

**બળદેવના નામ:**

૧) શ્રી અચલ બળદેવ

૨) શ્રી વિજય બળદેવ

૩) શ્રી ભદ્ર બળદેવ

૪) શ્રી સુપ્રભ બળદેવ

૫) શ્રી સુદર્શન બળદેવ

૬) શ્રી આનંદ બળદેવ

૭) શ્રી નંદન બળદેવ

૮) શ્રી રામ (પદ્મ) બળદેવ

૯) શ્રી બલરામ બળદેવ

# જૈન વિજ્ઞાન - ૨૫૨

## મનુષ્ય જીવ - ૧૭૫ : વાસુદેવ - બળદેવ - ૬ :

વાસુદેવ અને બળદેવ પૂર્વ ભવના મનુષ્ય તરીકેના તેમના નામનો ઉલ્લેખ અહીં કરવામાં આવેલ છે. જો કે, તેઓ પૂર્વે મનુષ્યપણે મરીને તેમની દેવગતિ અથવા નરકગતિ હોય છે. ત્યાંનું આયુષ્ય પૂર્ણ થયા પછી જ વાસુદેવ અને બળદેવ તરીકે તેમનો જન્મ થાય છે. તેઓ મનુષ્ય કે તિર્યંચ જીવનું આયુષ્ય પૂર્ણ કરીને સીધા બળદેવ કે વાસુદેવ તરીકે જન્મ નથી લેતા એટલે કે, મનુષ્ય કે તિર્યંચ જીવમાંથી ગતિ કરી વાસુદેવ કે બળદેવ નથી થતાં.

**વાસુદેવનું નામ - પૂર્વભવનું નામ:**

૧) શ્રી ત્રિપૃષ્ઠ વાસુદેવ - વિશ્વનંદી

૨) શ્રી દ્વિપૃષ્ઠ વાસુદેવ - સબંધુ

૩) શ્રી સ્વયંભૂ વાસુદેવ - સાગરદત્ત

૪) શ્રી પુરુષોત્તમ વાસુદેવ - અશોક

૫) શ્રી પુરુષસિંહ વાસુદેવ - લલિત

૬) શ્રી પુરુષપુંડરીક વાસુદેવ - વારાહ

૭) શ્રી દત્ત વાસુદેવ - ધર્મસેન

૮) શ્રી લક્ષ્મણ વાસુદેવ - અપરાજિત

૯) શ્રી કૃષ્ણ વાસુદેવ - રાજલલિત

**બળદેવના નામ:**

૧) શ્રી અચલ બળદેવ - વિશ્વભૂતિ

૨) શ્રી વિજય બળદેવ - પર્વત

૩) શ્રી ભદ્ર બળદેવ - ધનદત્ત

૪) શ્રી સુપ્રભ બળદેવ - સમુદ્રદત્ત

૫) શ્રી સુદર્શન બળદેવ - ઋષિપાલ

૬) શ્રી આનંદ બળદેવ - પ્રિયમિત્ર

૭) શ્રી નંદન બળદેવ - લલિતમિત્ર

૮) શ્રી રામ બળદેવ - પુનર્વસુ

૯) શ્રી બલરામ બળદેવ - ગંગદત્ત

# જૈન વિજ્ઞાન - ૨૫૩

**મનુષ્ય જીવ - ૧૭૬ : વાસુદેવ - બળદેવ - ૭ :**

૯-વાસુદેવ અને ૯-બળદેવના પૂર્વ ભવના ૯-ધર્મ આચાર્યના નામોનો ઉલ્લેખ અહીં થયો છે. તેમની પાસે દીક્ષા ગ્રહણ કરીને મહાન તપ અને મહાન પુણ્ય ઉપાર્જન કર્યું હતું. વાસુદેવ નામકર્મ અને બળદેવ નામકર્મ ઉપાર્જન થતાં જ ૬૩ શલાકા પુરુષોમાં સ્થાન પામે છે. શલાકા પુરુષો હંમેશા મોક્ષગામિ જીવ હોય છે.

**વાસુદેવનું નામ - ધર્મ આચાર્ય:**

૧) શ્રી ત્રિપૃષ્ઠ વાસુદેવ - સંભૂત

૨) શ્રી દ્વિપૃષ્ઠ વાસુદેવ - સુભદ્ર

૩) શ્રી સ્વયંભૂ વાસુદેવ - સુદર્શન

૪) શ્રી પુરુષોત્તમ વાસુદેવ - શ્રેયાંસ

૫) શ્રી પુરુષસિંહ વાસુદેવ - કૃષ્ણ

૬) શ્રી પુરુષપુંડરીક વાસુદેવ - ગંગદત્ત

૭) શ્રી દત્ત વાસુદેવ - સાગર

૮) શ્રી લક્ષ્મણ વાસુદેવ - સમુદ્ર

૯) શ્રી કૃષ્ણ વાસુદેવ - દ્રુમસેન

**બળદેવના નામ - ધર્મ આચાર્ય:**

૧) શ્રી અચલ બળદેવ - સંભૂત

૨) શ્રી વિજય બળદેવ - સુભદ્ર

૩) શ્રી ભદ્ર બળદેવ - સુદર્શન

૪) શ્રી સુપ્રભ બળદેવ - શ્રેયાંસ

૫) શ્રી સુદર્શન બળદેવ - કૃષ્ણ

૬) શ્રી આનંદ બળદેવ - ગંગદત્ત

૭) શ્રી નંદન બળદેવ - સાગર

૮) શ્રી રામ બળદેવ - સમુદ્ર

૯) શ્રી બલરામ બળદેવ - દ્રુમસેન

# જૈન વિજ્ઞાન - ૨૫૪

**મનુષ્ય જીવ - ૧૭૭ : વાસુદેવ - બળદેવ - ૮ :**

વાસુદેવ નામકર્મનો ઉદય થવાનું એક મુખ્ય કારણ એક નિમિત્ત હોય છે. મુખ્યત્વે કોઇ ને કોઇ કારણે પ્રતિવાસુદેવ સાથેના જ પૂર્વભવ સંબંધિત વૈર હોય છે. તે બંને વચ્ચે વેરની વસુલાત કરવામાં વાસુદેવનો જીવ નિયાણું (સંકલ્પ) બાંધી પોતાનું મહાન પુણ્ય વ્યર્થ કરે છે. સંકલ્પ માટેનું નિમિત્ત અને તે ક્ષેત્રનું નામઃ

**વાસુદેવનું નામ - સંકલ્પ ભૂમિ**

૧) શ્રી ત્રિપૃષ્ઠ વાસુદેવ - મથુરા

૨) શ્રી દ્વિપૃષ્ઠ વાસુદેવ - કનકવસ્તુ

૩) શ્રી સ્વયંભૂ વાસુદેવ - શ્રાવસ્તી

૪) શ્રી પુરુષોત્તમ વાસુદેવ - પોતનપુર

૫) શ્રી પુરુષસિંહ વાસુદેવ - રાજગૃહ

૬) શ્રી પુરુષપુંડરીક વાસુદેવ - કાકંદી

૭) શ્રી દત્ત વાસુદેવ - કૌશાંબી

૮) શ્રી લક્ષ્મણ વાસુદેવ - મિથિલાપુરી

૯) શ્રી કૃષ્ણ વાસુદેવ - હસ્તિનાપુર

**વાસુદેવનું નામ - નિમિત્ત**

૧) શ્રી ત્રિપૃષ્ઠ વાસુદેવ - ગાય

૨) શ્રી દ્વિપૃષ્ઠ વાસુદેવ - યૂપસ્તંભ

૩) શ્રી સ્વયંભૂ વાસુદેવ - સંગ્રામ

૪) શ્રી પુરુષોત્તમ વાસુદેવ - સ્ત્રી

૫) શ્રી પુરુષસિંહ વાસુદેવ - પરાજિત

૬) શ્રી પુરુષપુંડરીક વાસુદેવ - સ્ત્રી અનુરાગ

૭) શ્રી દત્ત વાસુદેવ - ગોષ્ઠી

૮) શ્રી લક્ષ્મણ વાસુદેવ - પરઋદ્ધિ

૯) શ્રી કૃષ્ણ વાસુદેવ - માતા

# જૈન વિજ્ઞાન - ૨૫૫

**મનુષ્ય જીવ - ૧૭૮ : વાસુદેવ - બળદેવ - ૯ :**

દરેક અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળમાં ૯-વાસુદેવોના, ૯-પ્રતિવાસુદેવ (વાસુદેવનો શત્રુ) એટલે કે વાસુદેવોના શત્રુ હોય છે. તેઓ બધા ચક્રયોદ્ધા હોય છે. દરેક પ્રતિવાસુદેવ પોતાના જ ચક્રથી યુદ્ધમાં મરણ પામે છે. વાસુદેવ આયુષ્ય પૂર્ણ કરી અવશ્ય નરકગતિ પામે છે. પ્રતિવાસુદેવ અકાળ મૃત્યુ પામી અવશ્ય નરકગતિ પામે છે. દરેક બળદેવ (સંકલ્પ) નિયાણા રહિત (વગર) હોય છે. તેઓ અવશ્ય મોક્ષગતિ કે દેવગતિ જ પામે છે.

**વાસુદેવનું નામ - પ્રતિવાસુદેવ :**

૧ ) શ્રી ત્રિપૃષ્ઠ વાસુદેવ - અશ્વગ્રીવ

૨ ) શ્રી દ્વિપૃષ્ઠ વાસુદેવ - તારક

૩ ) શ્રી સ્વયંભૂ વાસુદેવ - મેરક

૪ ) શ્રી પુરુષોત્તમ વાસુદેવ - મધુ કૈટભ

૫ ) શ્રી પુરુષસિંહ વાસુદેવ - નિશુમ્ભ

૬ ) શ્રી પુરુષપુંડરીક વાસુદેવ - બલિ

૭ ) શ્રી દત્ત વાસુદેવ - પ્રભરાજ (પ્રહલાદ)

૮ ) શ્રી લક્ષ્મણ વાસુદેવ - રાવણ

૯ ) શ્રી કૃષ્ણ વાસુદેવ - જરાસંઘ

**વાસુદેવનું નામ - ગતિ**

૧ ) શ્રી ત્રિપૃષ્ઠ વાસુદેવ - સાતમી નરક

૨ ) શ્રી દ્વિપૃષ્ઠ વાસુદેવ - છઠ્ઠી નરક

૩) શ્રી સ્વયંભૂ વાસુદેવ - છઠ્ઠી નરક

૪) શ્રી પુરુષોત્તમ વાસુદેવ - છઠ્ઠી નરક

૫) શ્રી પુરુષસિંહ વાસુદેવ - છઠ્ઠી નરક

૬) શ્રી પુરુષપુંડરીક વાસુદેવ - છઠ્ઠી નરક

૭) શ્રી દત્ત વાસુદેવ - પાંચમી નરક

૮) શ્રી લક્ષ્મણ વાસુદેવ - ચોથી નરક

૯) શ્રી કૃષ્ણ વાસુદેવ - ત્રીજી નરક

## જૈન વિજ્ઞાન - ૨૫૬

**મનુષ્ય જીવ - ૧૭૯ : વાસુદેવ - બળદેવ - ૧૦ :**

વાસુદેવ અને બળદેવ એક જ પિતાના સંતાન હોય છે. પરંતું, વાસુદેવ અને બળદેવની માતા અલગ હોય છે. બળદેવ હંમેશા વાસુદેવના મોટા ભાઇ હોય છે. આ જ પરંપરા અને ક્રમ શાશ્વત હોય છે.

**વાસુદેવનું નામ - પિતા - માતાઃ**

૧) શ્રી ત્રિપૃષ્ઠ વાસુદેવ - પ્રજાપતિ - મૃગાવતી
૨) શ્રી દ્વિપૃષ્ઠ વાસુદેવ - બ્રહ્મ - ઉમા
૩) શ્રી સ્વયંભૂ વાસુદેવ - સોમ - પૃથ્વી
૪) શ્રી પુરુષોત્તમ વાસુદેવ - રુદ્ર - સીતા
૫) શ્રી પુરુષસિંહ વાસુદેવ - શિવ - અમૃતા
૬) શ્રી પુરુષપુંડરીક વાસુદેવ - મહાશિવ - લક્ષ્મીમતી
૭) શ્રી દત્ત વાસુદેવ - અગ્નિશિખ - શેષમતી
૮) શ્રી લક્ષ્મણ વાસુદેવ - દશરથ - કૈકયી
૯) શ્રી કૃષ્ણ વાસુદેવ - વસુદેવ - દેવકી

**બળદેવના નામઃ**

૧) શ્રી અચલ બળદેવ - પ્રજાપતિ - ભદ્રા
૨) શ્રી વિજય બળદેવ - બ્રહ્મ - સુભદ્રા
૩) શ્રી ભદ્ર બળદેવ - સોમ - સુપ્રભા
૪) શ્રી સુપ્રભ બળદેવ - રુદ્ર - સુદર્શના
૫) શ્રી સુદર્શન બળદેવ - શિવ - વિજયા
૬) શ્રી આનંદ બળદેવ - મહાશિવ - વૈજયંતી
૭) શ્રી નંદન બળદેવ - અગ્નિશિખ - જયંતી
૮) શ્રી રામ બળદેવ - દશરથ - અપરાજિતા
૯) શ્રી બલરામ બળદેવ - વસુદેવ - રોહિણી

# જૈન વિજ્ઞાન - ૨૫૭

## મનુષ્ય જીવ - ૧૮૦ : વાસુદેવ - બળદેવ - ૧૧ :

જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણી કાળમાં થનારા વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવ :

**આગામી વાસુદેવના નામઃ**

૧) શ્રી નંદ વાસુદેવ
૨) શ્રી નંદમિત્ર વાસુદેવ
૩) શ્રી દીર્ઘબાહુ વાસુદેવ
૪) શ્રી મહાબાહુ વાસુદેવ
૫) શ્રી અતિબલિ વાસુદેવ
૬) શ્રી મહાબલી વાસુદેવ
૭) શ્રી બલભદ્ર વાસુદેવ
૮) શ્રી દ્વિપૃષ્ઠ વાસુદેવ
૯) શ્રી ત્રિપૃષ્ઠ વાસુદેવ

**આગામી બળદેવના નામઃ**

૧) શ્રી જયંત બળદેવ
૨) શ્રી વિજય બળદેવ
૩) શ્રી ભદ્ર બળદેવ
૪) શ્રી સુપ્રભ બળદેવ
૫) શ્રી સુદર્શન બળદેવ
૬) શ્રી આનંદ બળદેવ
૭) શ્રી નંદન બળદેવ
૮) શ્રી પદ્મ બળદેવ
૯) શ્રી સંકર્ષણ બળદેવ

**આગામી પ્રતિવાસુદેવના નામઃ**

૧) શ્રી તિલક
૨) શ્રી લોહજંઘ
૩) શ્રી વજ્રજંઘ
૪) શ્રી કેસરી
૫) શ્રી પ્રભરાજ
૬) શ્રી અપરાજિત
૭) શ્રી ભીમ
૮) શ્રી મહાભીમ
૯) શ્રી સુગ્રીવ

આ જ પ્રમાણે વાસુદેવ અને બળદેવના ૯ની સંખ્યામાં પિતા, માતા, ધર્માચાર્યો, નિમિત્ત ભૂમિ, નિમિત્ત કારણ, નગરી, નરકગતિ (વાસુદેવ-પ્રતિવાસુદેવ) અને દેવગતિ અથવા મોક્ષગતિ (બળદેવ)નું અવશ્યપણે હોય જ છે.

# જૈન વિજ્ઞાન - ૨૫૮

**મનુષ્ય જીવ - ૧૮૧ : વાસુદેવ - બળદેવ - ૧૨ :**

**વિશેષતા : નરકગતિ**

વાસુદેવ, વેર પ્રતિશોધનું નિયાણું (સંકલ્પ) પૂર્વ ભવમાં બાંધે છે. તેઓ વ્રત (સર્વ વિરતિ-સાધુ ભગવંત, દેશ વિરતિ-શ્રાવક) વગેરે સ્વીકારી શકતા નથી. તેઓ માટે નરકગતિ નિશ્ચિત જ હોય છે.

**ચાર વાસુદેવ - બળદેવઃ**

અસ્તિત્વની અપેક્ષાએ જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા ચાર વાસુદેવ, ચાર બળદેવ હોય જ છે.

**શૂરવીરતાના ચાર પ્રકારઃ**

૧) ક્ષમાશૂર, ૨) તપશૂર, ૩) દાનશૂર, ૪) યુદ્ધશૂર

**૧) ક્ષમાશૂર :** અરિહંત ભગવંત છે.
**૨) તપશૂર :** શ્રમણ (સાધુ-સાધ્વી) ભગવંતો છે.
**૩) દાનશૂર :** કુબેર દેવ છે.
**૪) યુદ્ધશૂર :** વાસુદેવ યુદ્ધશૂર હોય છે. (યુદ્ધમાં જે અન્યની સહાયની અપેક્ષા ન રાખે, ક્યારેય કોઇપણ યુદ્ધમાં હારે નહીં તેને યુદ્ધશૂર કહેવાય છે. સર્વે વાસુદેવ યુદ્ધશૂર હોય છે.

**કૃષ્ણ વાસુદેવની ૮ અગ્રમહિષીઃ**

જંબુદ્વીપમાં વર્તમાન અવસર્પિણીકાળમાં અંતિમ વાસુદેવ શ્રી કૃષ્ણની ૮ અગ્રમહિષી (પટ્ટરાણીઓ - મુખ્ય રાણીઓ) હતી. ૧) પદ્માવતી, ૨) ગોરી, ૩) ગાંધારી, ૪) લક્ષ્મણા, ૫) સુષીમા, ૬) જાંબુવતી, ૭) સત્યભામા અને ૮) રુક્મણી. તેઓ સર્વે શ્રી નેમનાથ ભગવાન પાસે દીક્ષા લઇ, ૨૦ વર્ષ દીક્ષા પર્યાયપાળી અને એક મહિનાનું સંથારાપૂર્વક અનસન ગ્રહણ કરી મોક્ષગતિ પામ્યા.

# જૈન વિજ્ઞાન - ૨૫૯

**મનુષ્ય જીવ - ૧૮૨ : વાસુદેવ - બળદેવ - ૧૩ :**

**વિશેષતા : નિદ્રાઃ**

નિદ્રા એટલે ઊંઘ. નિદ્રાના પ્રકારમાં એક થીણદ્ધી નિદ્રા હોય છે. તેને સ્ત્યાનગૃદ્ધિ પણ કહેવાય છે. થીણદ્ધી નિદ્રા ઘોર પ્રકારની હોય છે. દિવસે વિચારેલ કાર્યો રાત્રે ઘોર નિદ્રામાં કરે. આ પ્રકારની ઊંઘમાં વ્યક્તિને ઉત્કૃષ્ટપણે અડધા વાસુદેવ જેટલું બળ આવે છે અને અપ્રશસ્ત વિચારો આવે છે.

**અર્ધચક્રીઃ**

વાસુદેવની પહેલાં પ્રતિવાસુદેવનો જન્મ થાય છે. તેઓ ત્રણ ખંડ ઉપર વિજય મેળવે છે. વાસુદેવ સાથે યુદ્ધ થાય તેમાં પ્રતિવાસુદેવ, વાસુદેવને મારવા માટે ચક્ર છોડે છે. ચક્ર વાસુદેવને કંઇ જ કરી શકતું નથી. પરંતું, ચક્ર વાસુદેવને આધીન (વશમાં) થઇ જાય છે. તેમના હાથમાં સ્થિર થઇ જાય છે. પછી વાસુદેવ તે ચક્રને પ્રયત્નપૂર્વક પ્રતિવાસુદેવ ઉપર ફેંકે છે. પ્રતિવાસુદેવનો પુણ્ય ક્ષય થવાથી પોતના જ ચક્રથી પ્રતિવાસુદેવનું માથું કપાઇ (શિરચ્છેદ થઇ) જાય છે. પ્રતિવાસુદેવે જીતેલા ત્રણ ખંડ (ખંડ ક્રમાંક ૧, ૨ અને ૬)ના અધિપતિ વાસુદેવ બની જાય છે.

**તીર્થંકર નામકર્મઃ**

જંબુદ્વીપના અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાં અંતિમ વાસુદેવ શ્રી કૃષ્ણ, શ્રી નેમિનાથ ભગવાનના સમયમાં ધર્મદલાલી કરીને તીર્થંકર નામકર્મનો બંધ કર્યો હતો. આવતી ચોવીસીમાં ભરતક્ષેત્રમાં ૧૩માં તીર્થંકર શ્રી અમમસ્વામી થશે. વાસુદેવના ભવમાં તેમની ઊંચાઇ ૧૦ ધનુષ્ય, આયુષ્ય ૧૦૦૦ વર્ષ અને આયુષ્ય પૂર્ણ થતાં તેઓ ત્રીજી નરક (વાલુકાપ્રભા)માં નારકી રૂપે ઉત્પન્ન થયા.

# જૈન વિજ્ઞાન - ૨૬૦

**મનુષ્ય જીવ - ૧૮૩ : વાસુદેવ - બળદેવ - ૧૪ :**

**બે વાસુદેવ શંખનાદ મિલન - આશ્ચર્ય:**

ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રના ૩૨ વિજયમાં વાસુદેવના જન્મ થાય છે. એટલે કે, જુદા જુદા ક્ષેત્ર અનેક વાસુદેવ સંભવે છે. પરંતુ, એક વાસુદેવના ક્ષેત્રમાં બીજા વાસુદેવ જાય નહીં અને પરસ્પર મળે નહીં.

ઘાતકીખંડના ભરતક્ષેત્રમાં અમરકંકા (અપરકંકા) રાજધાનીમાં રહેતા પદ્મનાભ રાજાએ દેવની સહાયતાથી પાંડવોની પત્ની દ્રોપદીનું અપહરણ કર્યું. નારદ દ્વારા વિસ્તારથી વૃતાંત સમજીને પાંચ પાંડવ સાથે શ્રી કૃષ્ણ વાસુદેવ સુસ્થિત નામના લવણસમુદ્રના અધિપતિ દેવની મદદથી ઘાતકીખંડે, ભરતક્ષેત્રમાં અમરકંકા રાજધાની પહોંચી રાજા પદ્મનાભ સાથે યુદ્ધ કરી, શંખનાદ કરી દ્રૌપદીને લઇ જંબુદ્વીપમાં ભરતક્ષેત્રે પરત આવ્યા.

તે સમયે ઘાતકીખંડના ભરતક્ષેત્રમાં કપિલ નામના વાસુદેવ, ત્યાં વિહરમાન શ્રી મુનિસુવ્રતસ્વામી તીર્થંકર પરમાત્માની દેશના સાંભળતાં હતાં. શ્રી કૃષ્ણ વાસુદેવના શંખનાદ સાંભળતા તેમણે શ્રી મુનિસુવ્રતસ્વામીને પ્રશ્ન પૂછ્યો. પ્રત્યુત્તરમાં ઘાતકીખંડમાં શ્રી કૃષ્ણ વાસુદેવનું આગમન સાંભળી, શ્રી કપિલ વાસુદેવ તેમને મળવા ઉત્સુક થયા. કપિલ વાસુદેવ લવણ સમુદ્રને કિનારે પહોંચ્યા, પરંતુ શ્રી કૃષ્ણ વાસુદેવ લવણસમુદ્રમાં ઘણાં જ દૂર પહોંચી ગયા હતાં. માત્ર તેમની ધ્વજાનો આગળનો ભાગ જ દેખાતો હતો. તે જોઇ શ્રી કપિલ વાસુદેવ શંખનાદ કર્યો, પ્રત્યુત્તરમાં શ્રી કૃષ્ણ વાસુદેવ શંખનાદ કર્યો. આમ બંને વાસુદેવનું માત્ર શંખનાદથી જ મિલન થયું હતું. આ એક આશ્ચર્યજનક ઘટના બની હતી.

# જૈન વિજ્ઞાન - ૨૬૧

**મનુષ્ય જીવ - ૧૮૪ : વાસુદેવ - બળદેવ - ૧૫ :**

**વિશેષતા : ઋદ્ધિ**

૧) તીર્થંકર અલૌકિક આધ્યાત્મિક ઋદ્ધિ સંપન્ન હોય છે.

૨) ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ શારીરિક શક્તિ અને વૈભવરુપ ઋદ્ધિ થી સંપન્ન હોય છે.

૩) જંઘાચરણ લબ્ધિથી અને વિદ્યાચરણ લબ્ધિથી સંપન્ન મુનિ શક્તિમાન અને વૈભવશાળી હોય છે.

૪) વિદ્યાધર આકાશગામિની વગેરે વિદ્યા રૂપ ઋદ્ધિથી સંપન્ન હોય છે.

૫) તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવની ઋદ્ધિ પૂર્વે ઉપાર્જન કરેલા પુણ્યના પ્રભાવે હોય છે.

૬) વૈતાઢ્ય પર્વત નિવાસી વિદ્યાધરોની ઋદ્ધિ કુળ પરંપરાથી પ્રાપ્ત હોય છે તેમજ આ ભવમાં વિદ્યાની સાધનાથી પણ પ્રાપ્ત થાય છે.

૭) ચારણઋદ્ધિ મહાન તપસ્વી સાધુઓને કઠિન તપસ્યાથી પ્રાપ્ત થાય છે.

૮) અકર્મભૂમિના મનુષ્યો સંયમ (દીક્ષા) લઇ શકતા નથી અને વિશિષ્ટ ઋદ્ધિને પણ પ્રાપ્ત થતાં નથી. તેથી અકર્મભૂમિના મનુષ્યો ઋદ્ધિ વગરના હોય છે.

**વાસુદેવ-બળદેવ-પ્રતિવાસુદેવ ઉત્કૃષ્ટ સંખ્યા :**

જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં ૧, ઐરાવતક્ષેત્રમાં ૧, મહાવિદેહક્ષેત્રમાં ૨૮ વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવ ઉત્કૃષ્ટપણે (વધુમાં વધુ) હોય છે. અઢીદ્વીપમાં કુલ મળીને ૫ ભરતક્ષેત્રના ૫-વાસુદેવ, ૫ ઐરાવતક્ષેત્રના ૫-વાસુદેવ અને ૫ મહાવિદેહક્ષેત્રના ૧૪૦ વાસુદેવ (૫ મહાવિદેહક્ષેત્ર x ૨૮ વાસુદેવ) મળીને અઢીદ્વીપમાં કુલ ૧૫૦ વાસુદેવ, ૧૫૦ બળદેવ અને ૧૫૦ પ્રતિવાસુદેવ હોય છે. જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ૨૮ વાસુદેવ હોય ત્યારે મહાવિદેહક્ષેત્રના બાકીના ૪-ક્ષેત્રમાં ૪-ચક્રવર્તી હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૬૨

**મનુષ્ય જીવ - ૧૮૫ : વાસુદેવ - બળદેવ - ૧૬ :**

**વિશેષતા : મહાસ્વપ્નો**

૩૦ મહાસ્વપ્નોમાંથી તીર્થંકર અને ચક્રવર્તીની માતા ૧૪ સ્વપ્નો જુએ છે (૧૪ સ્વપ્નનું વર્ણન જૈન વિજ્ઞાનના તીર્થંકર - ચક્રવર્તીના લેખમાં ઉલ્લેખ કરેલ છે.) તેમાંના વાસુદેવનો જીવ માતાના ગર્ભમાં આવે ત્યારે કોઇપણ ૭ મહાસ્વપ્નો વાસુદેવની માતા જુએ છે. બળદેવની માતા કોઇપણ ૪ મહાસ્વપ્નો જુએ છે.

**વાસુદેવની પત્નીઓઃ**

વાસુદેવની ૮ પટ્ટરાણીઓ સહિત કુલ ૧૬ હજાર રાણીઓ હોય છે. (જૈન વિજ્ઞાનના ચક્રવર્તી મહારાજાના લેખમાં વિસ્તારપૂર્વક જણાવેલ છે. અહીં માત્ર ૧૬,૦૦૦ સ્ત્રીઓ ગણાવી.)

**વાસુદેવની રાજસંપદાઃ**

૧) ૧૦ પૂજ્યજનો

૨) ૫ મહાવીરજનો

૩) સાડા ૩ કરોડ રાજકુમારો

૪) ૬૦ હજાર દુર્દાંતકુમારો

૫) ૫૬ હજાર સેનાપતિઓ

૬) ૨૧ હજાર વીરો

૭) ૧૬ હજાર રાજાઓ

૮) ૧૬ હજાર રાણીઓ (૧૬ હજાર રાજાઓની કન્યા)

૯) હજારો ગણિકાઓ

૧૦) ઐશ્વર્યશાળી તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ સાર્થવાહો

**વાસુદેવની રાજધાનીઃ**

દરેક વાસુદેવની રાજધાની ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી હોય છે.

**સિંહકેસર લાડુઃ**

ચક્રવર્તી મહારાજના લેખમાં કલ્યાણ ભોજનમાં જેમ દૂધનો વિશેષ ઉલ્લેખ આપેલ છે તેમ જ વાસુદેવના સિંહકેસર લાડુની પણ એક અનોખી વિશેષતા છે. સિંહકેસર લાડુ અનેક મુલ્યવાન મેવા, કેસર, કસ્તુરી વગેરે પૌષ્ટિક મસાલાઓથી યુક્ત હોય છે. સિંહકેસર લાડુ ખાવાથી સિંહ જેવી શક્તિ આવે છે. તેથી તેને સિંહકેસર લાડુ કહેવાય છે. તે લાડુ માત્ર વાસુદેવ અથવા તેમના જેવા ઉત્તમ બંધારણ વાળા મનુષ્યો જ આરોગી શકે. સામાન્ય મનુષ્યો ન પચાવી શકે.

# જૈન વિજ્ઞાન - ૨૬૩

**મનુષ્ય જીવ - ૧૮૬ : વાસુદેવ - બળદેવ - ૧૭ :**

**વિશેષતા : વાસુદેવની શક્તિ**

૨૮ લબ્ધિઓમાં વાસુદેવ એક લબ્ધિ છે. ત્રણ ખંડના સ્વામી હોય છે. સાત મહારત્નોના સ્વામી હોય છે. વાસુદેવની શક્તિ માટે કહેવાય છે કે, કૂવાના કાંઠે બેઠેલા અને ભોજન કરતાં વાસુદેવને લોખંડની જંજીરોથી બાંધી ચતુરંગિણી સેના (ચાર પ્રકારની સેના) સહિત ૧૬,૦૦૦ રાજા સાથે મળીને ખેંચે તો પણ ખેંચી શકાતા નથી. જ્યારે તે જ જંજીરને વાસુદેવ ડાબા હાથથી પકડી ૧૬૦૦૦ રાજાઓને આસાનીથી પોતાની તરફ ખેંચી શકે છે, આટલી જબરદસ્ત શક્તિ તેમની પાસે હોય છે.

**બળદેવની શક્તિઃ**

બળદેવની શક્તિ વાસુદેવથી અડધી હોય છે. વાસુદેવ અને બળદેવ બંને ભાઇઓ વચ્ચે અત્યંત અનુરાગ હોય છે.

**વાસુદેવની આગતિઃ**

આગતિ એટલે પૂર્વભવનું મરણ થઇ આ ભવમાં અવતરણ અથવા પૂર્વ ભવથી આ ભવમાં જન્મ થવો. વાસુદેવનો જીવ ૩૨ ભેદની અપેક્ષાએ ૧૨ વૈમાનિક દેવલોક, ૯ લોકાંતિક દેવલોક, ૯ ગ્રૈવયક દેવલોક તેમજ પહેલી અને બીજી નરકમાંથી ગતિ કરી (આવી) વાસુદેવ તરીકે જન્મ લઇ શકે છે. તે શિવાય અન્ય કોઇપણ નરક, દેવલોક, મનુષ્ય કે તિર્યંચ ગતિમાંથી નથી આવતાં.

**બળદેવની આગતિઃ**

બળદેવની આગતિ ૮૩ ભેદની અપેક્ષાએ ૮૧ પ્રકારના દેવો (૯૯ પ્રકારના દેવોમાંથી ૧૫ પરમાધામી અ ૩ કિલ્વીષી છોડીને ૮૧ પ્રકારના દેવો) અને પહેલી-બીજી નરકમાંથી આયુષ્ય પૂર્ણ કરી બળદેવ તરીકે જન્મ લે છે.

# જૈન વિજ્ઞાન - ૨૬૪

**મનુષ્ય જીવ - ૧૮૭ : વાસુદેવ - બળદેવ - ૧૮ :**

**વિશેષતા : વૈક્રિયલબ્ધિ**

બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવ વૈક્રિયલબ્ધિના ધારક હોય છે.

**નિદાન:**

પોતાને પ્રાપ્ત થયેલ ભોગ વિલાસમાં અત્યંત આસક્ત થવું, દેવેન્દ્ર, ચક્રવર્તી અને વાસુદેવ આદિના રૂપ અને ઋદ્ધિ વગેરે જોઇને કે સાંભળીને તેમાં આસક્ત (વશ) થવું અને તપસંયમના ફળ સ્વરૂપે તે ઋદ્ધિ પ્રાપ્તિની ઇચ્છા કરવી તેને નિદાન કહે છે. તેનું મુખ્ય કારણ અજ્ઞાન હોય છે.

**નરવૃષભ:**

વાસુદેવ મનુષ્યોમાં વૃષભ (બળદ) સમાન છે. તેવા ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ યુદ્ધ વગેરેમાં ઘોરહિંસાનું આચરણ કરીને અત્યંત તીવ્ર પાપ કર્મનો બંધ કરે છે. તે કામભોગોમાં, પરિગ્રહમાં આસક્ત હોય છે અને તે મૃત્યુ પામીને અવશ્ય નરકમાં ઉત્પન્ન થાય છે.

**ગંધહસ્તિ:**

ગંધહસ્તિ, બધા હાથીઓમાં તે અધિક શક્તિશાળી, બુદ્ધિમાન અને નિર્ભય હોય છે. તેની ગંધથી બીજા હાથીઓના મદ ઝરવા લાગે છે અને તેઓ ડરના માર્યા ભાગી જાય છે. ગંધહસ્તિ વાસુદેવનો મુખ્ય હાથી હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૬૫

**મનુષ્ય જીવ - ૧૮૮ : યુગલિક મનુષ્ય - ૧ :**

મનુષ્ય જીવમાં ઋદ્ધિવાન મનુષ્યોમાં તીર્થંકર પરમાત્મા, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, પ્રતિવાસુદેવ પછીના ક્રમે કુલકર આવે છે. કુલકર યુગલિક મનુષ્ય હોય છે. યુગલિક એટલે જોડી. વિશેષપણે માતાના ગર્ભમાં જ પતિ-પત્ની તરીકે યુગલરૂપે જન્મ થાય છે.

ભરતક્ષેત્રમાં અને ઐરાવતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં પહેલો આરો, બીજો આરો અને ત્રીજો આરો તે યુગલિક કાળ કહેવાય છે. તે આરામાં જ યુગલિક મનુષ્યોનો જન્મ થાય છે. તે જ પ્રમાણે ઉત્સર્પિણી કાળમાં ચોથો આરો, પાંચમો આરો અને છટ્ઠો આરો યુગલિક કાળ હોય છે.

અગાઉ જૈન વિજ્ઞાનના લેખમાં છ આરાનું વર્ણન થયેલ છે. તેથી અહીં ટૂંકમાં જ વર્ણન આવશે. અવસર્પિણી કાળમાં પ્રથમ આરો સુષમસુષમા કાળ અને સમય ૪ ક્રોડાક્રોડી (૪,૦૦,૦૦,૦૦૦ x ૧,૦૦,૦૦,૦૦૦ સાગરોપમ)નો હોય છે. બીજો આરો સુષમ આરો ૩ ક્રોડાક્રોડીનો હોય છે અને ત્રીજો આરો સુષમદુ:ષમા કાળ ૨ ક્રોડાક્રોડીનો હોય છે. આ ત્રણેય કાળ યુગલિક કાળ કહેવાય છે. ઉત્સર્પિણી કાળમાં ચોથો આરો ૨ ક્રોડાક્રોડીનો સુષમદુ:ષમા કાળનો હોય છે. પાંચમો આરો ૩ ક્રોડાક્રોડીનો સુષમ કાળનો હોય છે અને છટ્ઠો આરો ૪ ક્રોડાક્રોડીનો હોય છે. આ ત્રણેય કાળમાં યુગલિક મનુષ્યો જન્મે છે.

# જૈન વિજ્ઞાન - ૨૬૬

**મનુષ્ય જીવ - ૧૮૯ : યુગલિક મનુષ્ય - ૨ :**

**અવસર્પિણી કાળ:**

અવસર્પિણી કાળ એટલે અવ - નીચેની તરફ, સર્પ એટલે સરકવું અને કાળ - સમય. નીચે તરફ ગતિ કરતો કાળ બીજા અર્થમાં શુભથી અશુભ તરફ ગતિ કરતો કાળ. અવસર્પિણી કાળમાં જીવોના સંઘયણ (હાડકાંની રચના, શરીરનું બંધારણ), સંસ્થાન (શરીરની આકૃતિ), ધીમે ધીમે ઘટતાં જાય છે. આયુષ્ય અને અવગાહના ઘટતી જાય છે. ઉત્થાન, કર્મ, વીર્ય (શક્તિ) અને પુરુષ આકાર પરાક્રમનો હ્રાસ થતો જાય છે. પુદગલોના રંગ, ગંધ, રસ, સ્પર્શ હીન (સ્તર ઘટતું) થાય છે. શુભતર, શુભ, અશુભ, અશુભતર, અશુભતમ બની નીચેથી વધુ નીચે અવસ્થામાં આવી જાય છે, તેને અવસર્પિણી કાળ કહે છે.

**ઉત્સર્પિણી કાળ :**

ઉત્ એટલે ઉપર, સર્પ એટલે સરકવું, કાળ એટલે સમય. સાપનું શરીર જેમ પૂંછડીથી મુખ સુધી જેમ તેનું શરીર વૃદ્ધિ પામે છે, તેમ અશુભથી શુભ તરફ ગતિ કરતો કાળ. અવસર્પિણી કાળમાં જીવોના સંઘયણ, સંસ્થાન, ઉત્તરોત્તર શુભ થતાં જાય છે. આયુષ્ય અને અવગાહના વધતું જાય છે. ઉત્થાન, કર્મ વગેરે વૃદ્ધિ પામે છે. પુદગલોના રંગ વગેરે શુભ થતાં જાય છે. અશુભતમ ભાવો ક્રમશઃ અશુભતર, અશુભ, શુભ, શુભતર, શુભતમ બની અંતે ઉચ્ચતમ અવસ્થામાં આવી જાય છે તેને ઉત્સર્પિણી કાળ કહે છે.

# જૈન વિજ્ઞાન - ૨૬૭

## મનુષ્ય જીવ - ૧૯૦ : યુગલિક મનુષ્ય - ૩:

અવસર્પિણી કાળનો પ્રથમ આરો સુષમસુષમા, યુગલિક કાળ હોય છે. ભૂમિ ભાગ ઘણો જ સમતલ, રમણીય અને ઢોલના ચામડા મઢેલ ભાગની જવો સમતલ હોય છે. ભૂમિ ભાગ અનેક પ્રકારના પંચવર્ણના (પાંચ રંગ) મણિઓ અને તૃણોથી (ઘાસની વિવિધ જાત) સુશોભિત હોય છે. ત્યાં ઘણાં જ યુગલિક મનુષ્યો આશ્રય લેતાં, શયન કરતાં, ઊભા રહેતાં, બેસતા, સૂતા, હસતા, રમણ કરતા, મનોરંજન કરતાં પસાર કરે છે.

**વૃક્ષ:**

તે સમયમાં ઉદ્દાલ, કુદ્દાલ, મોદ્દાલ, કૃતમાલ, નૃત્તમાલ, દંતમાલ, નાગમાલ, શ્રૃંગમાલ, શંખમાલ અને શ્વેતમાલ નામના ઉત્તમ જાતિના વૃક્ષોનો સમૂહ હોય છે. તે વૃક્ષોના મૂળભાગ કુશ, દર્ભ વગેરે જાતના ઘાસ વગરના હોય છે. તે વૃક્ષો પ્રશસ્ત મૂળ, કંદથી બીજ યુક્ત હોય છે. તે વૃક્ષો પાંદડાં, ફૂલો અને ફળોથી વ્યાપ્ત હોવાથી અતિ સુશોભિત હોય છે.

**વન:**

તે સમયમાં અનેક સ્થાને ભેરુતાલ, હેરુતાલ, મેરુતાલ, પ્રવાલ, સાલ, સરલ, સપ્તપર્ણ, સોપારી, ખજૂર, નાળિયેર વૃક્ષોના વન હોય છે. તે વૃક્ષોના મૂળભાગ કુશ, દર્ભ વગેરે જાતિના ઘાસ વગરના સુશોભિત હોય છે.

**ગુલ્મ:**

સેરિકા, નવમાલિકા, કોરંટક, બંધુજીવક, મનોવદ્ય, બીજ, બાણ, કર્ણિકાર, કુબ્જક, સિંદુવાર, મુદગર, સુવર્ણ જુહી, મલ્લિકા, વાસંતિકા, વસ્તુલ, કસ્તુલ, શૈવાલ, અગસ્તિ, મંગદંતિકા, ચંપક, જાતી, નવનીતિકા, કુંદ, મહાજાતી ફૂલોના છોડો હોય છે. તે ગુલ્મ (ગોળ) છોડ પાંચરંગોના ફૂલોથી પરિપૂર્ણ હોય છે. તેના ખરેલાં ફૂલોથી ભૂમિ અલંકૃત (શણગાર)) થાય છે.

# જૈન વિજ્ઞાન - ૨૬૮

**મનુષ્ય જીવ - ૧૯૧ : યુગલિક મનુષ્ય - ૪:**

**યુગલિક મનુષ્ય (પુરુષ)નું સ્વરૂપઃ**

યુગલિક મનુષ્યો સુંદર, પ્રમાણોપેત આકારવાળા, કાચબાની જેમ ઉન્નત (ઉપસેલાં) ચરણવાળા, મનોજ્ઞ અને મનોહર હોય છે.

**યુગલિક મનુષ્ય (સ્ત્રી)નું સ્વરુપઃ**

સ્ત્રીઓ સુજાત (પ્રમાણોપેત) સર્વ અંગો સુંદર હોય છે. સ્ત્રીઓના મુખ્યગુણ (પ્રિય વચન, અનુકૂળ વર્તન વગેરે)થી યુક્ત હોય છે.

**ચરણોઃ** અતિસુંદર, પ્રમાણોપેત - પોતપોતાના શરીરને અનુરુપ પ્રમાણવાળા, મૃદુ, સુકુમાર, કાચબાના સંસ્થાન જેવા હોય છે.

**પગની આંગળીઃ** સરળ, મૃદુ, માંસલ, સુસંગત પરસ્પર જોડાયેલી હોય છે.

પગના નખઃ ઉન્નત, જોનારને આનંદ પ્રદાન કરનાર, પાતળા, લાલ રંગના, મેલ વગરના અને સ્નિગ્ધ (લીસા) હોય છે.

**જંઘાઃ** જંઘા એટલે પિંડી રોમ રહિત, ગોળ, રમ્ય આકારવાળા (ક્રમથી ઉપર-ઉપર વધુ સ્થૂલ), ઉત્કૃષ્ટ પ્રશંસનીય લક્ષણોથી યુક્ત, અદ્વેષ-અઘૃણ્ય (બેડોળ અંગ જોઇને કોઇને દ્વેષ જાગે, ઘૃણા થાય તેવું નહીં).

**ઢીંચણઃ** બંને ઘૂંટણ અત્યંત પ્રમાણપેત, માંસલ (ભરાવદાર) અને તેના સાંધા દ્રઢ સ્નાયુઓની સારી રીતે બદ્ધ હોય છે.

**સાથળઃ** કેળના સ્તંભથી વધુ સુંદર સંસ્થાનવાળા, કોઇપણ જાતના ઘા વગેરેના નિશાન વિનાના સુકુમાર, મૃદુ, માંસલ, અવિરલ (પરસ્પર અડીને) રહેલા, સક્ષમ, પુષ્ટ, સુજાતવૃત (શ્રેષ્ઠ ગોળાકાર રૂપે ઉત્પન્ન થયેલા), હંમેશા અંતર રહીત હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૬૯

**મનુષ્ય જીવ - ૧૯૨ : યુગલિક મનુષ્ય - ૫:**

**યુગલિક મનુષ્ય (સ્ત્રી)નું સ્વરૂપ:**

**શ્રોણી:** કટિનો અગ્રભાગ અક્ષત દ્યુતફલકની જેમ શ્રેષ્ઠ આકારયુક્ત, પ્રશસ્ત, વિસ્તીર્ણ અને અતિસ્થૂલ હોય છે.

**કટિનોનો પૂર્વભાગ:** કટિ એટલે કમ્મર. વદન (મુખ ૧૨ અંગુલ પ્રમાણ) કરતાં બમણો એટલે ૨૪ અંગુલ પહોળો, માંસલ, સબદ્ધ હોય છે.

**કટિરૂપ મધ્ય અંગ:** વજરત્ન જેવું મનોહર, સામુદ્રિક શાસ્ત્રમાં જણાવેલ લક્ષણ યુક્ત હોય છે. વિકૃત ઉદરથી રહિત એટલે કે, ઓછા ઉદરવાળું. ત્રિવલી (ત્રણ રેખા) યુક્ત, બળયુક્ત, ગોળાકાર અને પાતળું હોય છે.

**રોમરાજિ:** સરળ, એક સરખી, પરસ્પર મળેલી, સ્વભાવથી પાતળી, શ્યામ, સુંવાળી, સુંદરતાયુક્ત, શોભાયમાન અને અતિમનોહર હોય છે.

**નાભિ:** ગંગાનદીના વમળની જેમ ગોળ, દક્ષિણાવર્ત તરંગની જેમ ગોળ, ઉદય પામતા સૂર્યના કિરણોથી વિકસિત થતાં કમળ સમાન ગૂઢ અને ગંભીર હોય છે.

**ઉદરનો ડાબો ભાગ:** અસ્પષ્ટ, બહાર ન દેખાય તેવો પ્રશસ્ત, સ્થૂલ હોય છે.

**પડખા:** ક્રમશ: સાંકડા, દેહ પ્રમાણને અનુરૂપ, સુંદર રીતે સુજાત, જોનારને આનંદપ્રદ અને મનોહર હોય છે.

**દેહયષ્ટિ :** માંસલ હોવાથી હાડકા ન દેખાય તેવી, સુવર્ણ કાંતિથી યુક્ત, નિર્મળ, ઉપરથી લાગતા મેલથી રહિત, સુજાત (દોષ રહિતપણે ઉત્પન્ન, જ્વરા આદિ રોગ તેમજ દંશ વગેરે ઉપદ્રવોથી રહિત હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૭૦

**મનુષ્ય જીવ - ૧૯૩ : યુગલિક મનુષ્ય - ૬ :**

**યુગલિક મનુષ્ય (સ્ત્રી)નું સ્વરૂપ:**

**ભૂજા:** ભૂજા એટલે બાહુ, હાથ. સાપની જેમ ક્રમશઃ નીચે તરફ પાતળી, ગાયના પૂંછડાની જેમ ગોળાકાર, એક સરખી અને મનોહર હોય છે.

**હાથના નખ:** તાંબા જેવા રંગના હોય છે. અગ્રહસ્ત માંસલ હોય છે.

**હાથની આંગળીઓ:** પુષ્ટ, કોમળ અને ઉત્તમ હોય છે.

**હસ્તરેખા:** ચળકતી હોય છે.

**હથેળીમાં રેખા ચિન્હ:** સુવિભક્ત, સુસ્પષ્ટ, સુનિર્મિત, સૂર્ય, ચંદ્ર, શંખ, ચક્ર અને સ્વસ્તિકના રેખા ચિન્હો હોય છે.

**સ્તન:** સુવર્ણ કળશની જેમ મનોહર, એક સરખા, પરસ્પર મળેલા, સુંદર અગ્રભાગથી યુક્ત, સમશ્રેણીમાં (સમાંતર) યુગ્મરૂપે (જોડી) ગોળાકાર, ઉભારયુક્ત, સ્થૂળ અને માંસલ હોય છે.

**ગળું અને કંઠ:** પરિપુષ્ટ અને સુંદર હોય છે.

**ગ્રીવા (ડોક):** ડોક, ઉત્તમ શંખ સદ્રશ ત્રણ રેખાથી યુક્ત અને ચાર અંગુલ પ્રમાણવાળી હોય છે.

**હડપચી:** માંસલ, ઉચિત આકારવાળા અને પ્રમાણોપેત હોય છે.

**હોઠ:** નીચેનો હોઠ દાડમના ફૂલ જેવા લાલ, પુષ્ટ, ઉપરના હોઠ કરતાં લાંબો, કંઇક વળેલો હોવાથી સુંદર, શ્રેષ્ઠ દેખાતો હોય છે.

**દાંત:** દહીં, ચંદ્ર, મોગરાની જેમ, વાસંતીની કળી જેવા સફેદ, પોલાણ વગરના વિમલ હોય છે.

**તાલુ, જીભ:** રક્તવર્ણના કમળના પાંખડીઓની જેમ લાલ, મૃદુ, સુકુમાર હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૭૧

**મનુષ્ય જીવ - ૧૯૪ : યુગલિક મનુષ્ય - ૭:**

**યુગલિક મનુષ્ય (સ્ત્રી)નું સ્વરૂપ:**

**નાસિકા:** બે ભ્રમરોની વચ્ચેથી નીકળતી, સરળ, ઊંચી અને અણિયાળી હોય છે.

**નયન:** શરદ ઋતુના નૂતન વિકસિત સૂર્યના પ્રકાશથી ખીલતાં પદ્મો, ચંદ્રના પ્રકાશથી ખીલતા કમળો, નીલોત્પલ, નીલકમળોના નિર્મળ પાંદડાંના સમૂહ જેવા એટલે લાલ, સફેદ અને નીલવર્ણી, શુભ લક્ષણના યોગથી પ્રશસ્ત, નિર્વિકાર, સુંદર હોય છે.

**પાપણો:** પલકથી યુક્ત, ધવલ, લાંબી અને આછા લાલ રંગની હોય છે.

**ભ્રમરો:** નેણ, ખેંચેલા ધનુષ્યની જેમ સુંદર, થોડી વાંકી, કાળા વાદળોની રેખા સમાન, પાતળી, શોભનીય હોય છે.

**કાન:** સુસંગત અને પ્રમાણ યુક્ત હોય છે.

**કપાળ:** લમણા પુષ્ટ, ઊંચા-નીચા ન હોય તેવા સમાન, શુદ્ધ હોય છે.

**લલાટ:** ભાલ પ્રદેશ ચોરસ, પ્રશસ્ત, સમ હોય છે.

**વદન:** વદન એટલે મુખ, શરદઋતુના પૂનમના ચંદ્રની જેમ પરિપૂર્ણ, સૌમ્ય (પ્રસન્ન) હોય છે.

**મસ્તક:** મસ્તક છત્રની જેમ ઉન્નત હોય છે.

**વાળ:** કાળા, રેશમી, સુગંધીત અને લાંબા હોય છે.

અહીં યુગલિક મનુષ્યોની સ્ત્રીઓનું વર્ણન હોય છે. દરેક યુગલિક સ્ત્રીઓ વર્તમાન કાળની સ્ત્રીઓ કરતાં વિશેષ સુંદર હોય છે તેમજ તેમના પ્રત્યેક અંગો સુંદર અને દેવલોકના દેવી જેવી હોય છે. પૂર્વભવના પૂણ્યના પ્રતાપે જ યુગલિક મનુષ્યરૂપે માત્ર સુખ ભોગવવા જ જન્મ થાય છે.

# જૈન વિજ્ઞાન - ૨૭૨

## મનુષ્ય જીવ - ૧૯૫ : યુગલિક મનુષ્ય - ૮ :

## યુગલિક મનુષ્ય (સ્ત્રી)ના ૩૨ લક્ષણોઃ

યુગલિક સ્ત્રીઓને ૩૨ લક્ષણો હોય છે એટલે કે, ૩૨ ચિન્હથી યુક્ત હોય છે.

૧) છત્ર
૨) ધ્વજા
૩) યજ્ઞ સ્તંભ
૪) સ્તૂપ
૫) માળા
૬) કમંડળ
૭) કળશ
૮) વાપી (વાવડી)
૯) સ્વસ્તિક
૧૦) પતાકા
૧૧) યવ
૧૨) મત્સ્ય
૧૩) કાચબો
૧૪) શ્રેષ્ઠરત્ન
૧૫) મકરધ્વજ
૧૬) અંક (કાળા તલ)
૧૭) થાળ
૧૮) અંકુશ
૧૯) અષ્ટાપદ
૨૦) સુપ્રતિષ્ઠક (સરાવલો)
૨૧) મોર

૨૨) અભિષેક પામતી લક્ષ્મી
૨૩) તોરણ
૨૪) પૃથ્વી
૨૫) સમુદ્ર
૨૬) ઉત્તમભવન
૨૭) પર્વત
૨૮) શ્રેષ્ઠ દર્પણ
૨૯) લીલા ઉત્સુક હાથી
૩૦) બળદ
૩૧) સિંહ
૩૨) ચામર

# જૈન વિજ્ઞાન - ૨૭૩

**મનુષ્ય જીવ - ૧૯૬ : યુગલિક મનુષ્ય - ૯ :**

**યુગલિક મનુષ્ય (સ્ત્રી)ની વિશેષતાઃ**

યુગલિક સ્ત્રીની હંસ જેવી ગતિ હોય છે. કોયલ જેવો મધુર સ્વર હોય છે. તેઓ કાંતિયુક્ત હોય છે. તેઓના શરીર ઉપર ક્યારેય કરચલી પડતી નથી. વાળ ક્યારેય સફેદ થતાં નથી. વૃદ્ધાવસ્થા ક્યારેય આવતી નથી.

તેમના પ્રત્યેક અંગ સુંદર, પ્રશસ્ત વર્ણ, રોગ રહિત, સૌભાગ્યવંતી (વિધવા ન થાય), પતિ, પુત્રના મરણના દુઃખોથી રહિત, કોઇપણ જાતના શોક હોતા નથી. તેમની ઊંચાઇ યુગલિક પુરુષ કરતાં થોડીક જ નીચી હોય છે.

સ્વભાવથી જ તેનો પહેરવેશ શણગાર અનુરૂપ હોય છે. તેઓ સુયોગ્ય ગતિ, હાસ્ય, વાણી, ચેષ્ટા (હાવભાવ), વિલાસ, શણગાર તેમજ પરસ્પરના વાર્તાલાપમાં નિપુણ (હોંશિયાર) હોય છે. એટલે કે, લોકવ્યવહારમાં કુશળ હોય છે. યુગલિક સ્ત્રીઓ નંદનવનમાં ફરવું ગમે તેવા સ્વભાવવાળી અપ્સરાદેવી જેવી હોય છે. તેઓ મનુષ્ય લોકના આશ્ચર્યરૂપ હોવાથી લોકો વડે પ્રેક્ષણીય હોય છે. મનને ગમનારી અને મનોહર (નયનરમ્ય) હોય છે.

યુગલિક સ્ત્રી અને પુરુષ બંનેના શરીર પ્રભાથી પ્રકાશિત અંગવાળા, શરીરના અંગે અંગોમાંથી ફેલાતી ઉર્જાવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા (હાડકાંની રચના), સમચતુરસ્ર સંસ્થાન (શરીરની આકૃતિ), ચામડીના રોગો થતાં નથી. તેઓ અનુકુળ વાયુવેગવાળા, કંકપક્ષીની જેમ નિર્લેપ ગુદાવાળા (મળમાર્ગ), કબૂતરની જેમ પ્રબળ પાચનશક્તિવાળા (કબૂતર, પથરાને પણ પચાવી શકે છે.) હોય છે. પક્ષીઓની જેમ ગુદા, ગુપ્ત અંગ હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૭૪

**મનુષ્ય જીવ - ૧૯૭ : યુગલિક મનુષ્ય - ૧૦:**

**યુગલિક મનુષ્યોની વિશેષતાઃ**

અવસર્પિણી કાળના પ્રથમ આરામાં અને ઉત્સર્પિણી કાળના છઠ્ઠા આરામાં તેઓ ઉત્કૃષ્ટ ૬૦૦૦ ધનુષ્ય ઊંચાઇવાળા હોય છે. તે મનુષ્યોને હાડકાંમય ૨૫૬ પાંસળીઓ હોય છે. પદ્મ અને કમળ જેવા સુગંધી શ્વાસોશ્વાસથી તેમનું મુખ સુગંધીત રહે છે. ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમ હોય છે. ઓછામાં ઓછું આયુષ્ય ૩ પલ્યોપમથી થોડુંક ઓછું હોય છે. આયુષ્ય ક્રમશઃ ઘટતાં-ઘટતાં આરાના અંતે ૨ પલ્યોપમ થઇ જાય છે.

યુગલિક મનુષ્યો પ્રકૃતિથી શાંત સ્વભાવવાળા, હળવો (મંદ) : ક્રોધ, માન, માયા અને લોભવાળા હોય છે. કોમળ અને સરળ વ્યવહારવાળા હોય છે. તેઓ અલીન વિષયોમાં અતિલીન થતાં જ નથી. કલ્યાણ, વિનયી, અલ્પ ઇચ્છાવાળા, મણિ, સોનું વગેરે મહામૂલ્ય રત્નો પ્રત્યે અલ્પ મોહ અને તેના સંગ્રહ કરતાં નથી.

તેમનું નિવાસસ્થાન મહેલ આકારના વૃક્ષમાં જ હોય છે. તેઓ ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવનારા હોય છે. તેઓને ત્રણ દિવસે ભોજનની ઇચ્છા થાય છે. તેઓ ભોજનમાં પૃથ્વી, ફૂલ અને ફળનો આહાર કરે છે.

પૃથ્વીનો આહાર ઇષ્ટ, ઇષ્ટત્તર અને મનોહર હોય છે. તેનો સ્વાદ ગોળ, સાકર વગેરે પદાર્થો કરતાં પણ વધારે ઇષ્ટત્તર (બધી ઇન્દ્રિયોને માટે સુખપ્રદ, અધિક પ્રિયકર, અધિક રુચિકર, અધિક મનોજ્ઞ અને અધિક મનોહર હોય છે. ફૂલ અને ફળનો આહાર ઇષ્ટ, ઇષ્ટત્તર અને મનોહર હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૭૫

**મનુષ્ય જીવ - ૧૯૮ : યુગલિક મનુષ્ય - ૧૧ :**

**યુગલિક મનુષ્યોની વિશેષતાઃ**

ફૂલ અને ફળનો સ્વાદ, ૧ લાખ સુવર્ણ મુદ્રાઓથી નિષ્પન્ન, કલ્યાણકારક, અતિસુખપદ, પ્રશસ્ત વર્ણ, ગંધ, રસ અને પ્રશસ્ત સ્પર્શયુક્ત, આસ્વાદનીય, વિશેષ આસ્વાદયોગ્ય, જઠરાગ્નિને ઉદીપ્ત કરનાર, ઉત્સાહ અને સ્ફૂર્તિ વધારનાર, આહલાદ ભાવ વધારનાર, શરીરની ધાતુઓની વૃદ્ધિ કરનાર, ઇન્દ્રિય અને શરીરને પુષ્ટ કરનાર ચક્રવર્તી મહારાજના ભોજન કરતાં પણ વધુ ઇષ્ટતર અને મનને ગમનાર હોય છે.

તેમનું નિવાસસ્થાન વૃક્ષરુપી ઘરોમાં રહે છે. તે વૃક્ષ કૂટ (શિખર), નાટયગૃહ, છત્ર, ધ્વજા, સ્તૂપ-ચબૂતરો, તોરણ, નગર દ્વાર, વેદિકા (બેસવા યોગ્ય પાળી, ઓટલો) ફળિયું, અટારી, બારીઓ, શિખરબંધી રાજભવન (મહેલ), હવેલીઓ, ઝરૂખા, જળમહેલ અને વલભીગૃહ જેવા આકારવાળા હોય છે. તેમજ શ્રેષ્ઠ ભવનો વગેરે અન્ય ઘણા પ્રકારના આકારવાળા શુભ અને શીતળ છાયાવાળા વૃક્ષો હોય છે.

યુગલિક મનુષ્યોના ગામ, નગર તથા સન્નિવેશ વગેરે હોતા નથી. તે મનુષ્યો સ્વભાવથી ઇચ્છા અનુસાર ફરતાં હોય છે. યુગલિક મનુષ્યોમાં અસિ(શસ્ત્ર), મષિ (લેખન), કૃષિ (ખેતી), વણિક (વણકર), ક્રય-વિક્રય (ખરીદ-વેંચાણ) અને વેપાર કળા વગેરે કાર્યો થતાં જ નથી.

# જૈન વિજ્ઞાન - ૨૭૬

**મનુષ્ય જીવ - ૧૯૯ : યુગલિક મનુષ્ય - ૧૨ :**

**યુગલિક મનુષ્યોની વિશેષતાઃ**

યુગલિક મનુષ્યો ચાંદી, સોનુ, કાંસુ, વસ્ત્ર, મણિ, મોતી, શંખ, સ્ફટિક, પ્રવાલ, માણેક વગેરે ઉપલબ્ધ હોવા છતાં ઉપયોગ કરતાં નથી. યુગલિક મનુષ્યો ઋદ્ધિ, વૈભવ અને સત્કાર વગેરેથી નિરપેક્ષ હોય છે. દાસ (સેવક) અને આજ્ઞા (આદેશ) ભાવથી રહિત હોય છે.

માતા-પિતા, પુત્ર-પુત્રવધૂ વગેરે સંબંધ હોય છે. પરંતું યુગલિક મનુષ્યોને તેમાં તીવ્ર પ્રેમબંધ હોતો નથી. યુગલિક મનુષ્યોમાં પરસ્પર શત્રુ, વેરી વગેરે હોતા નથી. એટલે કે, વેરાનુબંધ રહિત હોય છે. યુગલિક મનુષ્યોમાં મિત્ર-સહેલીપણું હોય છે પરંતું તેમાં તીવ્ર રાગબંધ થતો નથી.

યુગલિક મનુષ્યોમાં વિવાહ મહોત્સવ, યજ્ઞ, શ્રાદ્ધ, પ્રીતિભોજ, મૃતકભોજ વગેરે વ્યવહાર હોતા નથી. દેવી-દેવતાઓનો ઉત્સવ-મહોત્સવ વગેરે થતાં જ નથી.

યુગલિક મનુષ્યોના સમયે નટોના ખેલ, તમાશા, નાટકના અભિનય, કળાબાજોની કલા, કુસ્તી, મુક્કાબાજી, કૌતુક, કથાકારોની કથા, છલાંગ, તરવાની ક્રિયા વગેરે મનોરંજનનો થતાં નથી તેમજ તેઓ કુતૂહલથી રહિત હોય છે.

ગાડું, રથ, વાહન, ડોળી જેવું યાન, બગીઓ, પાલખીઓ વગેરે વાહનો હોતા નથી. તેઓ પગે ચાલનાર હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૭૭

**મનુષ્ય જીવ - ૨૦૦ : યુગલિક મનુષ્ય - ૧૩ઃ**

**યુગલિક મનુષ્યોની વિશેષતાઃ**

યુગલિક મનુષ્યોના સમયે ગાય, ભેંસ, બકરી, ઘેટાં વગેરે દૂધાળાં પશુઓ હોય છે. પરંતું, યુગલિક મનુષ્યો તેમનો દૂધ માટે ઉપયોગ લેતાં નથી. ઘોડા, હાથી, ઊંટ, ગાય, જંગલી ગાય (રોઝ), સસલાં, હરણ, સૂવર, અષ્ટાપદ, ચમરી ગાય, સાબર વિવિધ જાતના હરણો જેવા પશુઓ હોય છે. પરંતું, યુગલિક મનુષ્યો તેમનો ઉપયોગ કરતાં નથી.

જંગલી હિંસક જાનવરો સિંહ, વાઘ, વરૂ, ચિત્તો, રીંછ, શિયાળ, બિલાડી, કૂતરા, લોમડી, જંગલી કૂતરા વગેરે હોય છે. પરંતું, યુગલિક મનુષ્યોને બાધા પહોંચાડતા કે હિંસા કરતાં નથી તેમજ યુગલિક મનુષ્યોના શરીરના અંગ ભેદન-છેદન પણ કરતાં નથી. તેઓ સ્વભાવથી શાંત અને ભદ્ર હોય છે.

ધાન્યમાં વિવિધ પ્રકારના ચોખા, ઘઉં, જવ, જુવાર, વટાણા, મસૂર, મગ, અડદ, તલ, કળથી, વાલ, ચોળા, અળસી, કસુંબ વૃક્ષના બીજ, કોદરો, સણ, સરસવ, મૂળા વગેરે જમીનમાં ઉગનારા કંદબીજ વગેરે પ્રકારના ધાન્ય હોય છે. પરંતું, યુગલિક મનુષ્યો તેને ઉપયોગમાં લેતા નથી. એટલે કે, યુગલિક મનુષ્યો તેમનો ઉપયોગ કરતાં નથી.

યુગલિક મનુષ્યોના સમયમાં ખાડા, ગુફાઓ, ગુપ્ત ખાડા, ઝંપાપાત સ્થાન, વિષમ સ્થાન (ચડવા-ઉતરવા મુશ્કેલ થાય), કાદવવાળા, લપસણા વગેરે સ્થાન હોતા નથી. અતિ સમતલ અને રમણીય ભૂમિ હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૭૮

**મનુષ્ય જીવ - ૨૦૧ : યુગલિક મનુષ્ય - ૧૪:**

**યુગલિક મનુષ્યોની વિશેષતાઃ**

યુગલિક મનુષ્યોના સમયે ઠૂંઠા, કાંટા, ઘાસનો કચરો, પાંદડાનો કચરો વગેરે હોતા નથી. ડાંસ, મચ્છર, જૂ, લીખ, માંકડ વગેરે ક્ષુદ્ર (હલકા) જંતુઓ નથી હોતા તેથી જંતુઓના ઉપદ્રવ નથી થતાં. સાપ, અજગર વગેરે વિવિધ જાતિના સાપ હોય છે. પરંતું, તેઓ અબાધાજનક હોય છે. પ્રકૃતિ શાંત અને ભદ્ર હોય છે.

યુગલિક મનુષ્યોના સમયે ભયજનક સ્થિતિ, પરસ્પરના ઉપદ્રવ, બહારના ઉપદ્રવો, કલહ-ઝગડાં, બોલ (અનેક દુઃખી વ્યક્તિઓના ચિત્કાર), ખાર, પરસ્પર ઇર્ષ્યા, વેર, મહાયુદ્ધ, મહાસંગ્રામ, મહાશસ્ત્ર (નાગબાણ, તામસબાણ, પવનબાણ, અગ્નિબાણ વગેરે દિવ્ય અસ્ત્રોઓ પ્રયોગ), મહાપુરુષ પતન (રાજા વગેરે વિશિષ્ટ પુરુષોના વધ), રક્તપાત વગેરે ભયજનક કોઇપણ પરિસ્થિતિ હોતી જ નથી. યુગલિક મનુષ્યોને શત્રુતાના બિલકુલ ભાવો હોતા નથી.

દુર્ઘટના, કુળ પરંપરાગત રોગો, ગામ વ્યાપી રોગો, અનેક ગામમાં ફેલાયેલા રોગો, પેટ સંબંધી રોગ, માથાના દુઃખાવા, કાન, હોઠ, આંખ, નખ અને દાંતની વેદના, ખાંસી, દમો (શ્વાસ રોગ), ક્ષય રોગ, શરીરની બળતરા, હરસ, અજીર્ણ, જલોદર, પાંડુરોગ, ભગંદર, વિવિધ પ્રકારના તાવ, ઇન્દ્ર - ગ્રહ - સ્કંદ - યક્ષ - ભૂત વગેરે દેવકૃત ઉપદ્રવો, મસ્તકશૂળ, હૃદયશૂળ, ઉદરશૂળ, પેટશૂળ, યોનિશૂળ, ગામમાં ફેલાતી મરકી (કોલેરા), મનુષ્યો અને પ્રાણીઓના પ્રાણઘાતક રોગો વગેરે થતાં જ નથી.

# જૈન વિજ્ઞાન - ૨૭૯

**મનુષ્ય જીવ - ૨૦૨ : યુગલિક મનુષ્ય - ૧૫:**

**યુગલિક મનુષ્યોની વિશેષતાઃ**

યુગલિક મનુષ્ય (સ્ત્રી - પુરુષ)ના કુલ આયુષ્ય ૬ મહિના બાકી રહે છે ત્યારે એક યુગલ બાળક અને બાલિકાને જન્મ આપે છે. તેઓ ૪૯ દિવસ-રાતની સારસંભાળ, પાલન પોષણ અને સંરક્ષણ કરે છે. ૪૯ દિવસમાં યુગલ બાળક-બાલિકા નવયુવાન થઇ જાય છે.

યુગલિક પિતા-માતા ઉધરસ, છીંક, શારીરિક પીડા-વ્યાધિ પામ્યા વગર મૃત્યુના સમયે મૃત્યુ પામી દેવલોકમાં ઉત્પન્ન થાય છે. યુગલિક મનુષ્યોનો દેવલોકમાં જ જન્મ થાય છે.

યુગલિક મનુષ્યો ૬ પ્રકારના હોય છે. ૧) પદ્મગંધા, ૨) મૃગગંધા, ૩) અમમા, ૪) તેજસ્વી, ૫) સહા અને ૬) શનૈશ્ચારી. એટલે કે, યુગલિક મનુષ્યોમાં આ પ્રકારની સુંગંધ આવવાથી તેવા પ્રકારના જાતિવાળા થઇ જાય છે.

અવસર્પિણી કાળનો પહેલો, બીજો અને ત્રીજો આરો તેમજ ઉત્સર્પિણી કાળનો ચોથો, પાંચમો અને છઠ્ઠો આરો યુગલિક કાળ હોય છે. યુગલિક કાળમાં અસિ, મસિ અને કૃષિનો વ્યવહાર ન હોવાથી તે સમયે ૫-ભરતક્ષેત્ર અને ૫-ઐરાવતક્ષેત્રને અકર્મભૂમિ કહેવાય છે. તે સિવાયનો કાળ કર્મભૂમિ કહેવાય છે. અવસર્પિણી કાળમાં ૫-મહાવિદેહ ક્ષેત્રમાં સદાય ચોથો આરો અને ઉત્સર્પિણી કાળમાં ત્રીજો આરો સદાય વર્તાય છે. એટલે કે, ત્યાં સદાય અવસર્પિણી કાળના ચોથા આરા જેવું વાતાવરણ, પરિણામ, પ્રકૃતિ, સ્વભાવ, દેહમાન, આયુષ્ય વગેરે તેવું જ હોય છે. અસિ, મસિ અને કૃષિનો વ્યવહાર સદાય ત્યાં હોવાથી કર્મભૂમિ કહેવાય છે.

# જૈન વિજ્ઞાન - ૨૮૦

**મનુષ્ય જીવ - ૨૦૩ : યુગલિક મનુષ્ય - ૧૬ :**

**યુગલિક મનુષ્યોની વિશેષતાઃ**

અસિ (અસ્ત્ર), મસિ (લેખન) અને કૃષિ (ખેતી) વગેરેના કર્મ ન હોવાથી સંપૂર્ણ જીવન કલ્પવૃક્ષ ઉપર નિર્ભર હોય છે. જીવન નિર્વાહની તેમની દરેક ઇચ્છા ૧૦ પ્રકારના કલ્પવૃક્ષ પરિપૂર્ણ કરે છે. કલ્પવૃક્ષ ૧૦ પ્રકારના છે. ૧) મત્તાંગ, ૨) ભૃત્તાંગ, ૩) ત્રુટિતાંગ, ૪) દીપશિખા, ૫) જ્યોતિષિક, ૬) ચિત્રાંગ, ૭) ચિત્રરસ, ૮) મણ્યંગ, ૯) ગેહાકાર અને ૧૦) અનગ્ન.

**૧) મત્તાંગઃ**

આ વૃક્ષ માદક રસ પ્રદાન કરે છે. આનંદદાયક પીણા જેના અવયવરૂપ છે. મત્તાંગ વૃક્ષના ફૂલો પરિપક્વ થાય ત્યારે તેમાંથી રસપ્રવાહ વહે છે. તેનો રસ પીતા જ લોકો આનંદિત બને છે. યુગલિક મનુષ્યો જે પીણાની ઇચ્છા કરે, તે રીતે તે વૃક્ષ સ્વયં (પોતાની મેળે) પરિણીત થઇ જાય છે. એકંદરે મત્તાંગ વૃક્ષ અમાદક એવા અમૃતમય પીણાના દ્રવ્યો વહાવે છે.

**૨) ભૃત્તાંગ :**

ભાજન (પાત્ર, વાસણ) આપનારા વૃક્ષો. આ વૃક્ષોના પાંદડા વગેરે વિવિધ પ્રકારના પાત્રના આકારે પરિણત થઇ જાય છે.

**૩) ત્રુટિતાંગ :**

અનેક પ્રકારના વાજિંત્ર આપનાર વૃક્ષ. આ વૃક્ષોનું અનેક પ્રકારના વાજિંત્રરૂપે પરિણમન થઇ જાય છે.

**૪) દીપશિખા :**

ઉદ્યોત (પ્રકાશ) આપનારા વૃક્ષો. તે વૃક્ષો સ્વાભાવિક રૂપે જ પ્રકાશ યુક્ત હોય છે. તે સાંજના સમયના પ્રકાશ જેવો જ પ્રકાશ આપે છે.

# જૈન વિજ્ઞાન - ૨૮૧

**મનુષ્ય જીવ - ૨૦૪ : યુગલિક મનુષ્ય - ૧૭:**

**કલ્પવૃક્ષ:**

**૫) જ્યોતિષિક:**

જ્યોતિ (પ્રકાશ) આપનારા વૃક્ષો. આ વૃક્ષો સ્વાભાવિક રૂપે જ સૂર્ય, ચંદ્ર વગેરે જ્યોતિષ્ક દેવલોકના દેવની સમાન તે ક્ષેત્રને પ્રકાશિત કરે છે.

**૬) ચિત્રાંગ:**

માળાઓ આપનાર વૃક્ષ છે. તે વિસ્રસા પરિણામની માળા રૂપે પરિણીત થઇ માળાઓ પ્રદાન કરે છે.

**૭) ચિત્રરસ:**

વિવિધ પ્રકારના રસવંતા ભોજન આપનારા વૃક્ષો. તે સ્વભાવતઃ મધુર આદિ રસ રૂપે પરિણીત (બની) થઇ વિવિધ પ્રકારના ભોજન આપે છે.

**૮) મણ્યંગ:**

આભૂષણો આપનારા વૃક્ષો. સ્વભાવતઃ આભૂષણો રૂપે પરિણીત આ વૃક્ષો યુગલિક મનુષ્યોની આભૂષણ ઇચ્છાની પૂર્તિ કરે છે.

**૯) ગેહાકાર:**

ગૃહ, નિવાસસ્થાન આપનારા વૃક્ષો. આ વૃક્ષો મન અનુકૂળ ભવન વિધિથી યુક્ત હોય છે. ભવનના આકારવાળા આ વૃક્ષો યુગલિક મનુષ્યોને આશ્રય આપે છે.


**૧૦) અનગ્ન:**

વસ્ત્ર આપનાર વૃક્ષો. આ વૃક્ષોના પાંદડાં, છાલ વગેરે સ્વભાવતઃ વસ્ત્રના આકારે બની જાય છે. તેના પ્રભાવે સર્વ યુગલિક મનુષ્યોની ઇચ્છા અનુસાર વસ્ત્ર પ્રાપ્ત થઇ જાય છે.

યુગલિક એટલે કાળના પ્રભાવથી સ્ત્રી - પુરુષ જોડલા જન્મે છે. યુગલિક એટલે બે સ્ત્રી કે બે પુરુષ ન ગણવા. તેઓ નવયુવાન થતાં જ પતિ-પત્નીરૂપ વ્યવહાર કરે છે. તેઓના વિવાહ થયા વગર પણ પતિ-પત્ની તરીકે સંબંધ ટકી રહે છે.

# જંબુદ્વીપ

## યુગલિક મનુષ્ય ક્ષેત્ર અને યુગલિક આરાનો પ્રભાવ



# જૈન વિજ્ઞાન - ૨૮૨

**મનુષ્ય જીવ - ૨૦૫ : યુગલિક મનુષ્ય - ૧૮ :**

**યુગલિક મનુષ્યોની વિશેષતા :**

**યુગલિક સંતાન ૪૯ દિવસનો કાળક્રમ:**

યુગલિક બાળક-બાલિકા પ્રથમ ૭ દિવસ સુધી સીધા સૂઇ અંગૂઠો ચૂસતા રહે છે. બીજા ૭ દિવસમાં ઘૂંટણીએ ચાલવા લાગે છે. ત્રીજા ૭ દિવસમાં ચાલતાં શીખે છે. ચોથા ૭ દિવસમાં મધુરવાણી બોલવા લાગે છે. પાંચમાં ૭ દિવસે સ્થિર પગે ચાલતા થઇ જાય છે. છઠ્ઠા ૭ દિવસે સર્વ કળાઓમાં વિશારદ (**Master**) થઇ જાય છે. સાતમાં ૭ દિવસે તેઓ સંપૂર્ણ યુવાવસ્થામાં આવી વિવિધ ભોગોના ઉપભોક્તા થઇ જાય છે. કેટલાક તો તે સમયે સમ્યગ્દર્શન ગ્રહણ કરવા યોગ્ય પણ થઇ જાય છે.

**દેવગતિ:**

યુગલિક મનુષ્યો આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં જન્મ લે છે. પરંતું, દેવગતિમાં તેઓ પોતાના વર્તમાન આયુષ્ય પ્રમાણે દેવગતિમાં તેટલાં જ અથવા તેનાથી ઓછા આયુષ્યવાળા દેવ બને છે. દા.ત. પ્રથમ આરાના શરુઆતમાં યુગલિકની આયુષ્ય ૩ પલ્યોપમની છે. હવે આયુષ્ય પૂર્ણ થતાં તેનો જીવ દેવલોકમાં જાય છે. ભવનપતિ દેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ સાગરોપમ છે. પ્રથમ વૈમાનિક દેવલોકની ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ સાગરોપમ છે. વાણવ્યંતર દેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ હોય છે. જ્યોતિષ્ક દેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ અ ૧ લાખ વર્ષ હોવાથી તેઓ વ્યંતર દેવલોક અને જ્યોતિષ્ક દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવ બને છે. આગળ વધતાં સમગ્ર દેવલોકનું વર્ણન આવશે તેમાં આપણે વિસ્તારમાં જાણીશું.

# જૈન વિજ્ઞાન - ૨૮૩

**મનુષ્ય જીવ - ૨૦૬ : યુગલિક મનુષ્ય - ૧૯:**

**યુગલિક મનુષ્યોની વિશેષતા :**

અવસર્પિણી કાળનો પ્રથમ આરો ૪ ક્રોડા-ક્રોડી સમાપ્ત થતાં જ ત્યારે અનંત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંહનન (હાડકાંની રચના), સંસ્થાન (શરીરનો આકાર) , ઉચ્ચત્વ, આયુષ્ય, ગુરુ-લઘુ, ઉત્થાન કર્મ, બળ, વીર્ય, પુરુષ આકાર, પરાક્રમ, ગુણ વગેરે અનંત પર્યાયોની હાની (પડતી) થતાં-થતાં સુષમા (સુખ) નામનો બીજો આરો શરુ થાય છે. આ આરામાં મનુષ્યો યુગલિક પણે જન્મે છે.

યુગલિક મનુષ્યની ઊંચાઇ ૪૦૦૦ ધનુષ્ય (બે ગાઉ), હાડકાંની રચનામાં ૧૨૮ પાસંળીઓ હોય છે. બે દિવસ પછી તેને ભોજનની ઇચ્છા થાય છે. સંતાન પાલન ૬૪ દિવસનું હોય છે. યુગલિક મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ પલ્યોપમનું હોય છે. યુગલિક મનુષ્યોના બાકી ગુણો પ્રથમ આરા સમાન જ હોય છે.

બીજા આરામાં યુગલિક મનુષ્યોના ૪ પ્રકારના હોય છે. ૧) શ્રેષ્ઠ, ૨) પુષ્ટ જંઘાવાળા, ૩) ફુલ જેવા કોમળ, સુકુમાર અને ૪) અત્યંત શાંત.

**યુગલિક સંતાન ૬૪ દિવસનો કાળક્રમઃ**

યુગલિક બાળક-બાલિકા પ્રથમ સાધિક (થોડીક વધારે) ૯ દિવસ સુધી સીધા સૂઇ અંગૂઠો ચૂસતા રહે છે. બીજા સાધિક ૯ દિવસમાં ઘૂંટણીએ ચાલવા લાગે છે. ત્રીજા સાધિક ૯ દિવસમાં ચાલતાં શીખે છે. ચોથા સાધિક ૯ દિવસમાં મધુરવાણી બોલવા લાગે છે. પાંચમાં સાધિક ૯ દિવસે સ્થિર પગે ચાલતા થઇ જાય છે. છઠ્ઠા સાધિક ૯ દિવસે સર્વ કળાઓમાં વિશારદ (**Master**) થઇ જાય છે. સાતમાં સાધિક ૯ દિવસે તેઓ સંપૂર્ણ યુવાવસ્થામાં આવી વિવિધ ભોગોના ઉપભોક્તા થઇ જાય છે. કેટલાક તો તે સમયે સમ્યગ્દર્શન ગ્રહણ કરવા યોગ્ય પણ થઇ જાય છે.

# જૈન વિજ્ઞાન - ૨૮૪

**મનુષ્ય જીવ - ૨૦૭ : યુગલિક મનુષ્ય - ૨૦:**

**યુગલિક મનુષ્ય ત્રીજો આરો : સુષમદુષમ**

અવસર્પિણી કાળમાં ત્રીજા આરામાં અને ઉત્સર્પિણી કાળમાં ચોથા આરામાં ૫-ભરતક્ષેત્રમાં અને ૫-ઐરાવતક્ષેત્રમાં યુગલિક મનુષ્યોનો જન્મ થાય છે. ૩ ક્રોડા-ક્રોડી સાગરોપમનો બીજા આરાનો કાળ સમાપ્ત થતાં ત્રીજો આરો શરુ થાય છે.

ત્રીજો આરો ત્રણ વિભાગમાં ભાગ થાય છે. ૧) પ્રથમ ત્રણ ભાગ, ૨) મધ્યમ ત્રણ ભાગ અને ૩) પશ્ચિમ (અંતિમ, શેષ) ત્રણ ભાગ. દરેક વિભાગ ૬૬,૬૬,૬૬,૬૬, ૬૬,૬૬,૬૬૬-૨/૩ સાગરોપમનો હોય છે. (શબ્દોમાં ૬૬ લાખ કરોડ, ૬૬ હજાર કરોડ, ૬૦૦ કરોડ, ૬૬ કરોડ, ૬૬ લાખ, ૬૬ હજાર, ૬૬૬-૨/૩) સાગરોપમનો થાય છે.

ત્રીજા આરામાં યુગલિક મનુષ્યોની ઊંચાઇ ૨૦૦૦ ધનુષ્ય (૧ ગાઉ)ની હોય છે. યુગલિક મનુષ્યના શરીરમાં ૬૪ પાંસળીઓ હોય છે. યુગલિક મનુષ્યોને એક દિવસના અંતરે ભોજનની ઇચ્છા થાય છે. યુગલિક મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમનું હોય છે. સંતાનનું પાલન ૭૯ દિવસમાં થાય છે. બાકી ગુણ વિશેષતા પ્રથમ વિભાગના, મધ્યમ વિભાગના યુગલિક મનુષ્યોની અવસ્થા પ્રથમ આરા સમાન જ હોય છે.

અવસર્પિણી કાળના ત્રીજા આરાના ત્રીજા વિભાગમાં મનુષ્યોને ૬ પ્રકારના સંઘયણ, ૬ પ્રકારના સંસ્થાન (શરીરની રચના), સેંકડો ધનુષ્યની ઊંચાઇ, ઉત્કૃષ્ટ આયુષ્ય અસંખ્યાત વર્ષનું અને જઘન્ય (ઓછામાં ઓછું) આયુષ્ય સંખ્યાત વર્ષનું હોય છે. આ સમયમાં જ મનુષ્યોની ગતિ (આયુષ્ય પૂર્ણ થતાં ભવની ગતિ)માં પરિવર્તન આવે છે.

# જૈન વિજ્ઞાન - ૨૮૫

**મનુષ્ય જીવ - ૨૦૮ : યુગલિક મનુષ્ય - ૨૧ :**

**યુગલિક મનુષ્ય ત્રીજો આરો : સુષમદુષમ**

અવસર્પિણી કાળમાં ત્રીજા આરામાં ત્રીજા વિભાગમાં અને ઉત્સર્પિણી કાળમાં ચોથા આરામાં પ્રથમ વિભાગમાં મનુષ્યોની નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ અને સિદ્ધગતિ થાય છે.

**યુગલિક સંતાન ૭૯ દિવસનો કાળક્રમ:**

યુગલિક બાળક-બાલિકા પ્રથમ સાધિક (થોડીક વધારે) ૧૧ દિવસ સુધી સીધા સૂઇ અંગૂઠો ચૂસતા રહે છે. બીજા સાધિક ૧૧ દિવસમાં ઘૂંટણીએ ચાલવા લાગે છે. ત્રીજા સાધિક ૧૧ દિવસમાં ચાલતાં શીખે છે. ચોથા સાધિક ૧૧ દિવસમાં મધુરવાણી બોલવા લાગે છે. પાંચમાં સાધિક ૧૧ દિવસે સ્થિર પગે ચાલતા થઇ જાય છે. છઠ્ઠા સાધિક ૧૧ દિવસે સર્વ કળાઓમાં વિશારદ (**Master**) થઇ જાય છે. સાતમાં સાધિક ૧૧ દિવસે તેઓ સંપૂર્ણ યુવાવસ્થામાં આવી વિવિધ ભોગોના ઉપભોક્તા થઇ જાય છે. કેટલાક તો તે સમયે સમ્યગ્દર્શન ગ્રહણ કરવા યોગ્ય પણ થઇ જાય છે.

આરાના ત્રીજા અંતિમ વિભાગના શરુઆતમાં આયુષ્ય ૧ પલ્યોપમ અને અંતે ૧ કરોડ પૂર્વનું હોય છે. ઊંચાઇ પ્રારંભમાં ૧ ગાઉ અને અંતમાં ૫૦૦ ધનુષ્યની હોય છે. પ્રથમ બે વિભાગ યુગલિક કાળ હોય છે. પરંતું, ત્રીજા વિભાગના અંતે યુગલિક ધર્મ સમાપ્ત થઇ જાય છે. તે સમયે લોકો સુખમાંથી દુઃખનો અનુભવ કરવા લાગે છે. તેથી ત્રીજા આરાને સુષમદુષમ કાળ કહેવાયો છે.

# જૈન વિજ્ઞાન - ૨૮૬

**મનુષ્ય જીવ - ૨૦૯ : કુલકર - ૧:**

**યુગલિક મનુષ્ય ત્રીજો આરો : સુષમદુષમ**

આરાના અંતિમ ત્રીજા વિભાગના અંતિમ પલ્યોપમના આઠમાં ભાગમાં દ્રવ્યોના વર્ણ વગેરે ગુણોમાં અક્રમિક અને અનિશ્ચિતરૂપે જલ્દીથી પડતી થવા લાગે છે. આ કાળ યુગલિક મનુષ્ય કાળ અને કર્મભૂમિ કાળનો મિશ્રણકાળ છે. કાળ એટલે સમય.

કલ્પવૃક્ષની સંખ્યા અને ફળ આપવાની શક્તિ ધીમે ધીમે ઓછી થઇ જાય છે. યુગલ વ્યવસ્થામાં ફેરફાર થવા લાગે છે. આરાના અંતે ૮૪ લાખ પૂર્વ જેટલો સમય બાકી રહે ત્યારે પરિવર્તન કાળ સમાપ્ત થઇ કર્મભૂમિ કાળ શરુ થઇ જાય છે. વિવિધ પ્રકારના કર્મો, સંતાન ઉત્પત્તિ, આહાર, મનુષ્યોના સ્વભાવમાં પરિવર્તન થાય છે. મોક્ષમાર્ગનો સમય શરુ થાય છે તેમજ મનુષ્યો ૬-સંઘયણવાળા અને ૬-સંસ્થાનવાળા થાય છે.

**કુલકરઃ**

આરાના અંતિમ ત્રીજા ભાગના અંતિમ એક પલ્યોપમના આઠમો ભાગ બાકી રહે ત્યારે ૧૫ કુલકર (વિશિષ્ટ બુદ્ધિશાળી પુરુષ)ના જન્મ થાય છે. એટલે કે, હવે મનુષ્યોની વ્યવસ્થા સંભાળવા માટે ૧૫-કુલકોરોના જન્મ થાય છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં ત્રીજા આરાના અંતે થયેલા ૧૫ કુલકરો : ૧) સુમતિ કુલકર, ૨) પ્રતિશ્રુતિ કુલકર, ૩) સીમંકર કુલકર, ૪) સીમંધર કુલકર, ૫) ક્ષેમંકર કુલકર, ૬) ક્ષેમંધર કુલકર, ૭) વિમલવાહન

# જૈન વિજ્ઞાન - ૨૮૭

**મનુષ્ય જીવ - ૨૧૦ : કુલકર - ૨ :**

૮) ચક્ષુષ્માન કુલકર, ૯) યશસ્વાન્ કુલકર, ૧૦) અભિચંદ્ર કુલકર, ૧૧) ચંદ્રાભ કુલકર, ૧૨) પ્રસેનજિત કુલકર, ૧૩) મરુદેવ કુલકર, ૧૪) નાભિ કુલકર અને ૧૫) ઋષભ કુલકર (તીર્થંકર પરમાત્મા શ્રી આદિનાથ ભગવાન)

**'હ'કાર દંડનીતિઃ**

૧) સુમતિ કુલકર, ૨) પ્રતિશ્રુતિ કુલકર, ૩) સીમંકર કુલકર, ૪) સીમંધર કુલકર અને ૫) ક્ષેમંકર કુલકર 'હ'કાર નામની દંડ (સજા)નીતિ હોય છે. તે સમયના મનુષ્યો 'હા, તમે આ શું કર્યું ?' આટલું કહેવા રૂપ દંડથી જ મનુષ્યો લજ્જિત, વિશેષ લજ્જિત, અતિશય લજ્જિત, ભયભીત, ચૂપ બનીને વિનયથી નમ્ર બની જાય છે.

**'મ'કાર દંડનીતિઃ**

૬) ક્ષેમંધર કુલકર, ૭) વિમલવાહન, ૮) ચક્ષુષ્માન કુલકર, ૯) યશસ્વાન્ કુલકર અને ૧૦) અભિચંદ્ર કુલકરની 'મ'કાર દંડનીતિ હોય છે. તે સમયના મનુષ્યો 'મ'કાર - 'નહીં કરો, આવું ન કરો' આટલું કહેવા રૂપ દંડથી જ મનુષ્યો લજ્જિત, વિશેષ લજ્જિત, અતિશય લજ્જિત, ભયભીત, ચૂપ બનીને વિનયથી નમ્ર બની જાય છે.

**ધિક્કાર દંડનીતિઃ**

૧૧) ચંદ્રાભ કુલકર, ૧૨) પ્રસેનજિત કુલકર, ૧૩) મરુદેવ કુલકર, ૧૪) નાભિ કુલકર અને ૧૫) ઋષભ કુલકર ધિક્કાર દંડનીતિ હોય છે. તે સમયના મનુષ્યોને 'ધિક્કાર, તને ધિક્કાર છે' આટલું કહેવા રૂપ દંડથી જ મનુષ્યો લજ્જિત, વિશેષ લજ્જિત, અતિશય લજ્જિત, ભયભીત, ચૂપ બનીને વિનયથી નમ્ર બની જાય છે.

# જૈન વિજ્ઞાન - ૨૮૮

**મનુષ્ય જીવ - ૨૧૧ : કુલકર - ૩ :**


યુગલિક કુલના અધિપતિને કુલકર કહેવાય છે. તેઓ લોકના વ્યવસ્થાપક હોય છે. તેઓ યુગલિક કુલોની રચના કરે છે તેથી કુલકર કહેવાય છે. તે સમયે કાળના પ્રભાવે કલ્પવૃક્ષની સંખ્યા અને ફળ આપવાની શક્તિ ઘટવા લાગે છે. યુગલિક મનુષ્યોમાં લોભ અને મમત્વ (મારાપણું) ભાવની વૃદ્ધિ થવા લાગે છે. તેઓ કલ્પવૃક્ષ ઉપર માલિકી ભાવ જમાવવા પ્રયત્નશીલ બની જાય છે. તેઓ વચ્ચે નીતિનાશક વિવાદ અને કલહ (કંકાશ, ઝઘડા) શરુ થઇ જાય છે. તે સમયે ન્યાયિક પ્રક્રિયામાં કુલકર કલ્પવૃક્ષોનું વિભાજન કરી આપે છે. ત્રણ દંડનીતિના પ્રયોગથી યુગલિક મનુષ્યોના વિવાદ અને કલહને દૂર કરી શાંતિ સ્થાપેલ છે.

ઋષભદેવ (શ્રી આદિનાથ ભગવાન) રાજ્ય અભિષેક પહેલાં તેઓ કુલકર અવસ્થામાં રહ્યા હતાં તેથી તેમને ૧૫માં કુલકર કહ્યા છે. જૈન સંપ્રદાય અને ગચ્છ સમાચારી મુજબ કુલકરની સંખ્યામાં કદાચ ભેદ આવી શકે. દરેકે પોતપોતાની ગુરુપરંપરાને શ્રદ્ધાપૂર્વક માન્ય કરવું.

યુગલિક મનુષ્યોને અકર્મભૂમિ મનુષ્યો કહેવાય છે. કેમકે, તેમને અસિ-મસિ-કૃષિનો વ્યવહાર નથી. તેથી તે સંદર્ભે કર્મ થવા શક્ય નથી. સંપૂર્ણ જીવન ૧૦ પ્રકારના કલ્પવૃક્ષના આધારે ઇચ્છાપૂર્તિ પૂર્વક વીતે છે. દરેક યુગલિક ભદ્રિક અને વિનયી જીવ હોય છે. છલ-કપટ રહિત હોય છે. ક્રોધ, માન, માયા અને લોભ રહિત જીવન વિતાવે છે.

# જંબુદ્વીપ

## કર્મ ભૂમિ - અકર્મ ભૂમિ



# જૈન વિજ્ઞાન - ૨૮૯

**મનુષ્ય જીવ - ૨૧૨ : યુગલિક મનુષ્ય ક્ષેત્ર - ૧ :**

**અકર્મભૂમિજ:**

જ્યાં અસિ (અસ્ત્ર), મસિ (લેખન) અને કૃષિ (ખેતી)ના વ્યાપાર વિના પ્રાકૃતિક પદાર્થોથી અને કલ્પવૃક્ષોથી જીવન વ્યવહાર ચાલે તેને અકર્મભૂમિ ક્ષેત્ર કહે છે. તે ક્ષેત્રમાં જન્મેલા મનુષ્યોને અકર્મભૂમિ કહેવાય છે. અકર્મભૂમિમાં સદાય યુગલિક મનુષ્યો જ જન્મે છે.

અકર્મભૂમિ ક્ષેત્ર કુલ ૩૦ છે. જંબુદ્વીપમાં ૧-હેમવત ક્ષેત્ર, ૧-હેરણ્યવત ક્ષેત્ર, ૧-હરિવર્ષ ક્ષેત્ર, ૧-રમ્યકવર્ષ ક્ષેત્ર, ૧-દેવકુરુ ક્ષેત્ર અને ૧-ઉત્તરકુરુ ક્ષેત્ર આ ૬ ક્ષેત્ર અકર્મભૂમિ છે. અહીં સદાય યુગલિક મનુષ્યોના જન્મ થાય છે.

ઘાતકીખંડમાં ૨-હેમવત ક્ષેત્ર, ૨-હેરણ્યવત ક્ષેત્ર, ૨-હરિવર્ષ ક્ષેત્ર, ૨-રમ્યકવર્ષ ક્ષેત્ર, ૨-દેવકુરુ ક્ષેત્ર અને ૨-ઉત્તરકુરુ ક્ષેત્ર આ ૧૨ ક્ષેત્ર અકર્મભૂમિ છે. અહીં સદાય યુગલિક મનુષ્યોના જન્મ થાય છે.

અર્ધ-પુષ્કરદ્વીપમાં ૨-હેમવત ક્ષેત્ર, ૨-હેરણ્યવત ક્ષેત્ર, ૨-હરિવર્ષ ક્ષેત્ર, ૨-રમ્યકવર્ષ ક્ષેત્ર, ૨-દેવકુરુ ક્ષેત્ર અને ૨-ઉત્તરકુરુ ક્ષેત્ર આ ૧૨ ક્ષેત્ર અકર્મભૂમિ છે. અહીં સદાય યુગલિક મનુષ્યોના જન્મ થાય છે.

તિરછાલોકમાં જંબુદ્વીપના ૬ ક્ષેત્ર + ઘાતકીખંડના ૧૨ ક્ષેત્ર + અડધા પુષ્કરદ્વીપના ૧૨ ક્ષેત્ર મળીને કુલ ૩૦ અકર્મભૂમિ થાય છે. ત્યાં સદાય યુગલિક મનુષ્યોનો જ જન્મ થાય છે. જે આપને ચિત્ર પરથી સમજાઇ જશે.

# જૈન વિજ્ઞાન - ૨૯૦

**મનુષ્ય જીવ - ૨ ૧ ૩ : યુગલિક મનુષ્ય ક્ષેત્ર - ૨ :**

**અંતરદ્વીપજ:**

લવણસમુદ્રમાં યુગલિક મનુષ્યોના જે ૫૬ દ્વીપ (ટાપુ) છે તેને અંતરદ્વીપ કહે છે, તેમાં જન્મેલ મનુષ્યોને અંતરદ્વીપજ કહેવાય છે. (આગળ વધતાં દરેક ભૂમિ ક્ષેત્રના વર્ણનમાં સંપૂર્ણ ક્ષેત્ર, વિસ્તારનું ભૂગોળ રેખાચિત્ર સાથે સમજાવવામાં આવશે. અત્યારે યુગલિક મનુષ્યોના ભૂમિ ક્ષેત્ર તરીકે માત્ર જાણીશું)

**ઉત્તરકુરુ ક્ષેત્ર:**

ઉત્તરકુરુ ક્ષેત્ર યુગલિક ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં સદાય સુષમસુષમા કાળ જેવા ભાવ સદાય વર્તાય છે. સમગ્ર વાતાવરણ અને વિવિધ પર્યાયો વગેરે ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં પ્રથમ આરા અને ઉત્સર્પિણી કાળમાં છઠ્ઠો આરા જેવું જ હોય છે. યુગલિક મનુષ્યોનું દેહમાન, પ્રમાણ, આયુષ્ય, સંઘયણ, સંસ્થાન, ભૂમિક્ષેત્ર, કલ્પવૃક્ષની ઇચ્છાપૂર્તિ વગરે સમાન હોય છે.

**દેવકુરુ ક્ષેત્ર:**

દેવકુરુ ક્ષેત્ર યુગલિક ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં સદાય સુષમસુષમા કાળ જેવા ભાવ સદાય વર્તાય છે. સમગ્ર વાતાવરણ અને વિવિધ પર્યાયો વગેરે ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં પ્રથમ આરા અને ઉત્સર્પિણી કાળમાં છઠ્ઠો આરા જેવું જ હોય છે. યુગલિક મનુષ્યોનું દેહમાન, પ્રમાણ, આયુષ્ય, સંઘયણ, સંસ્થાન, ભૂમિક્ષેત્ર, કલ્પવૃક્ષની ઇચ્છાપૂર્તિ વગરે સમાન હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૯૧

## મનુષ્ય જીવ - ૨૧૪ : યુગલિક મનુષ્ય ક્ષેત્ર - ૩ઃ

### હરિવર્ષ ક્ષેત્ર :

હરિવર્ષ ક્ષેત્ર યુગલિક ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં સદાય સુષમ કાળ જેવા ભાવ સદાય વર્તાય છે. સમગ્ર વાતાવરણ અને વિવિધ પર્યાયો વગેરે ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં બીજા આરા અને ઉત્સર્પિણી કાળમાં પાંચમા આરા જેવું જ હોય છે. યુગલિક મનુષ્યોનું દેહમાન, પ્રમાણ, આયુષ્ય, સંઘયણ, સંસ્થાન, ભૂમિક્ષેત્ર, કલ્પવૃક્ષની ઇચ્છાપૂર્તિ વગરે સમાન હોય છે.

### રમ્યકવર્ષ ક્ષેત્રઃ

રમ્યકવર્ષ ક્ષેત્ર યુગલિક ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં સદાય સુષમ કાળ જેવા ભાવ સદાય વર્તાય છે. સમગ્ર વાતાવરણ અને વિવિધ પર્યાયો વગેરે ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં બીજા આરા અને ઉત્સર્પિણી કાળમાં પાંચમા આરા જેવું જ હોય છે. યુગલિક મનુષ્યોનું દેહમાન, પ્રમાણ, આયુષ્ય, સંઘયણ, સંસ્થાન, ભૂમિક્ષેત્ર, કલ્પવૃક્ષની ઇચ્છાપૂર્તિ વગરે સમાન હોય છે.

### હેમવત ક્ષેત્ર :


હેમવત ક્ષેત્ર યુગલિક ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં સદાય સુષમદુઃષમા કાળ જેવા ભાવ સદાય વર્તાય છે. સમગ્ર વાતાવરણ અને વિવિધ પર્યાયો વગેરે ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં ત્રીજા આરા અને ઉત્સર્પિણી કાળમાં ચોથા આરા જેવું જ હોય છે. યુગલિક મનુષ્યોનું દેહમાન, પ્રમાણ, આયુષ્ય, સંઘયણ, સંસ્થાન, ભૂમિક્ષેત્ર, કલ્પવૃક્ષની ઇચ્છાપૂર્તિ વગરે સમાન હોય છે.

**હેરણ્યવત ક્ષેત્રઃ**

હેરણ્યવત ક્ષેત્ર યુગલિક ક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં સદાય સુષમદુ:ષમા કાળ જેવા ભાવ સદાય વર્તાય છે. સમગ્ર વાતાવરણ અને વિવિધ પર્યાયો વગેરે ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં ત્રીજા આરા અને ઉત્સર્પિણી કાળમાં ચોથા આરા જેવું જ હોય છે. યુગલિક મનુષ્યોનું દેહમાન, પ્રમાણ, આયુષ્ય, સંઘયણ, સંસ્થાન, ભૂમિક્ષેત્ર, કલ્પવૃક્ષની ઇચ્છાપૂર્તિ વગેરે સમાન હોય છે.

# જંબુદ્વીપ

## જંબુદ્વીપ - ભૂમિક્ષેત્ર



# જૈન વિજ્ઞાન - ૨૯૨

**મનુષ્ય જીવ - ૨૧૫ : યુગલિક મનુષ્ય વિશેષતા - ૧ :**

**આયુષ્ય બંધઃ**

યુગલિક મનુષ્યો પોતાના આયુષ્યના ૬ મહિના (૧૮૦ દિવસ) બાકી રહે ત્યારે જ પરભવ (આગામી ભવ)નો આયુષ્યનો બંધ કરે છે.

**અનુશાસન :**

યુગલિક મનુષ્યો સ્વયં અનુશાસિત હોય છે. તેઓ શિસ્તબદ્ધ હોય છે. તેઓને રાજ્ય વ્યવસ્થાની કોઇ જ આવશ્યકતા હોતી નથી. તેઓ દંડથી રહિત હોય છે. અપવાદ સ્વરુપે ૫-ભરતક્ષેત્રમાં અને ૫-ઐરાવતક્ષેત્રમાં અવસર્પિણી કાળના ત્રીજા આરાના અંતે છેલ્લે ૧ પલ્યોપમના આઠમાં ભાગમાં સમયમાં જ યુગલિક મનુષ્યો માટે દંડનીતિ શરુ થાય છે. કેમકે, સમયના પ્રભાવે હવે અકર્મભૂમિ થી કર્મભૂમિની શરુઆત થાય છે. આ જ પ્રમાણે ઉત્સર્પિણી કાળમાં ચોથા આરાની શરુઆતના પ્રથમ પલ્યોપમની પ્રથમ આઠમાં ભાગ સુધી દંડનીતિ અને પછી યુગલિક કાળ શરુ થતાં કર્મભૂમિ હવે અકર્મભૂમિ બને છે.

**કુલકરઃ**

જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણી કાળમાં ૭ કુલકરોના જન્મ થયા હતાં. ૧) મિત્રદામ કુલકર, ૨) સુદામ કુલકર, ૩) સુપાર્શ્વ કુલકર, ૪) સ્વયંપ્રભ કુલકર, ૫) વિમલઘોષ કુલકર, ૬) સુઘોષ કુલકર અને ૭) મહાઘોષા કુલકર.

જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં અતીતકાળ (ભૂતકાળ)માં ૧૦ કુલકર થયા હતાં. ૧) શતંજલ કુલકર, ૨) શતાયુ કુલકર, ૩) અજિતસેન કુલકર, ૪) અનંતસેન કુલકર, ૫) કાર્યસેન કુલકર, ૬) ભીમસેન કુલકર, ૭) મહાભીમસેન કુલકર, ૮) દ્રઢરથ કુલકર, ૯) દશરથ કુલકર અને ૧૦) શતરથ કુલકર

# જૈન વિજ્ઞાન - ૨૯૩

## મનુષ્ય જીવ - ૨૧૬ : યુગલિક મનુષ્ય વિશેષતા - ૨ :

**આહાર:**

એકમાત્ર યુગલિક મનુષ્યોની આહાર મર્યાદા નિર્ધારિત હોય છે. ૫-ભરતક્ષેત્રમાં અને ૫-ઐરાવતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં પ્રથમ આરામાં ત્રણ દિવસે, બીજા આરામાં બે દિવસે અને ત્રીજા આરામાં એક દિવસે આહારની ઇચ્છા થાય છે. તે જ પ્રમાણે ઉત્સર્પિણી કાળમાં ચોથા આરામાં એક દિવસે, પાંચમાં આરામાં બે દિવસે અને છઠ્ઠા આરામાં ત્રણ દિવસે આહારની ઇચ્છા થાય છે.

**વેદ:**

વેદ ત્રણ પ્રકારના હોય છે. ૧) પુરુષવેદ, ૨) સ્ત્રીવેદ અને ૩) નપુસંકવેદ. યુગલિક મનુષ્યોમાં નપુસંકવેદ નથી.

**અતૃપ્ત અવસ્થા:**

યુગલિક મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમ હોય છે. તેમાં પણ તેઓ સંપૂર્ણ યૌવન અવસ્થામાં રહે છે. તેમને રોગ, વૃદ્ધત્વ, વ્યાપાર, ખેતી વગેરેના કોઇ જ પ્રકારના વિઘ્નો જ નથી. અસંખ્ય વર્ષો સુધી વિષય ભોગોનું સેવન કરવા છતાં પણ તે અતૃપ્ત અવસ્થામાં જ મૃત્યુને પ્રાપ્ત થાય છે.

**ગતિ:**

ગતિ એટલે મરણ પછીનું જીવનું ભવ ભ્રમણ. યુગલિક મનુષ્યનું આયુષ્ય પૂર્ણ થયા પછી તેમની દેવગતિ અવશ્ય થાય છે. પરંતું, યુગલિક મનુષ્યનું વર્તમાન આયુષ્યથી વધુ આયુષ્યના દેવ તો ક્યારેય ન જ બને !

યુગલિક મનુષ્યની વર્તમાન આયુષ્ય અનુસાર દેવગતિમાં ૨૫ પ્રકારે જન્મ થઇ શકે છે. ભવનપતિ દેવલોકમાં ૧૦ પ્રકારે, વ્યંતર દેવલોકમાં ૮ પ્રકારે, જ્યોતિષ્ક દેવલોકમાં ૫ પ્રકારે (ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા) અને વૈમાનિક દેવલોકમાં ૨ પ્રકારે (સૌધર્મ દેવલોક અને ઇશાન દેવલોક) થાય છે. (નોંધ : દેવલોકના વર્ણનમાં દેવ વિશે વિસ્તાર પૂર્વક આગળ જતાં સમજીશું.)

# જૈન વિજ્ઞાન - ૨૯૪

**મનુષ્ય જીવ - ૨૧૭ : યુગલિક મનુષ્ય વિશેષતા - ૩ઃ**

**આગતિઃ**

આગતિ એટલે પૂર્વ ભવનું આયુષ્ય પૂર્ણ કરી યુગલિક મનુષ્યમાં જન્મ લેવો. ૩૦ અકર્મભૂમિના યુગલિક મનુષ્યોમાં આગતિ ૨૦ પ્રકારે હોય છે. એટલે કે, ૨૦ પ્રકારના જીવો યુગલિક મનુષ્ય તરીકે જન્મ લે છે. ૧૫ કર્મભૂમિ (૫-ભરતક્ષેત્ર, ૫-ઐરાવતક્ષેત્ર અને ૫-મહાવિદેહક્ષેત્ર)ના પર્યાપ્ત મનુષ્યો અને ૫ પ્રકારના સંજ્ઞી (જેમને મન હોય તેવા) તિર્યંચ (સ્થલચર, જલચર, ખેચર, ભૂજપરિસર્પ અને ઉરપરિસર્પ) પર્યાપ્ત જીવ.

પર્યાપ્ત એટલે જે જીવ જન્મ લેવા પોતાના શરીરનું સંપૂર્ણ બંધારણ (રચના) પૂર્ણ કરી લે તેને પર્યાપ્ત જીવ કહેવાય. સ્થલચર - ભૂમિ ઉપર ચાલી શકે, જલચર - પાણીમાં તરી શકે, ખેચર - આકાશમાં ઊડી શકે, ભૂજપરિસર્પ - હાથ દ્વારા ભૂમિ ઉપર સરકનારા જીવો, ઉરપરિસર્પ - છાતીના ટેકાથી સરકનારા જીવો.

૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્યોમાં ૨૫ પ્રકારના જીવો જન્મ લે છે. ૧૫ કર્મભૂમિના પર્યાપ્ત મનુષ્યો, ૫-સંજ્ઞી તિર્યંચ પર્યાપ્ત જીવો અને ૫-અસંજ્ઞી (જેમને મન ન હોય) તિર્યંચ પર્યાપ્ત જીવોના પ્રકાર હોય છે.

**વૈક્રિયલબ્ધિ :**

યુગલિક મનુષ્યોને વૈક્રિયલબ્ધિ હોતી નથી. જ્યારે કર્મભૂમિના ઋદ્ધિવંત મનુષ્યો (ચક્રવર્તી, વાસુદેવ, ૧૪ પૂર્વધારી વગેરે) વૈક્રિયલબ્ધિધારી મનુષ્યો દેવોની જેમ શરીરને સુક્ષ્મ-નાનું-મોટું, હળવું-ભારે કરી શકે.

# જૈન વિજ્ઞાન - ૨૯૫

## મનુષ્ય જીવ - ૨૧૮ : યુગલિક મનુષ્ય વિશેષતા - ૪:

**જ્ઞાન-દર્શનઃ**

૩૦ અકર્મભૂમિના યુગલિક મનુષ્યોને ૨ જ્ઞાન હોય છે, ૨ અજ્ઞાન હોય છે. ૨ દર્શન હોય છે. તેમને અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન નથી થતું. (વિશેષ નોંધઃ માત્ર ૫-ભરતક્ષેત્રમાં અને ૫-ઐરાવતક્ષેત્રમાં કર્મભૂમિમાં અવસર્પિણી કાળમાં ત્રીજા આરાના અંતે છેલ્લે ૧ પલ્યોપમના ૮માં ભાગના સમયમાં જન્મનારાં કે વિચરતાં યુગલિક મનુષ્યોને જ થાય છે. કેમકે તે સમય અકર્મથી કર્મભૂમિમાં પરિવર્તન થાય છે. ૫-મહાવિદેહ ક્ષેત્રમાં યુગલિક મનુષ્યોના જન્મ થતાં જ નથી.)

૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્યોને ૨-અજ્ઞાન હોય છે. ૨-દર્શન હોય છે. તેઓ મિથ્યાજ્ઞાની હોવાથી તેમને જ્ઞાન (શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન) નથી.

અગાઉ જૈન વિજ્ઞાન - કાળ પરિવર્તનના વિવિધ લેખોમાં કુલ ૬ આરાનો પ્રભાવ વિસ્તારમાં જણાવેલ છે. તદુપરાંત જૈન વિજ્ઞાન - યુગલિક મનુષ્યના લેખમાં પણ વિસ્તારમાં જણાવવામાં આવેલ છે. ફરી એકવાર બંને લેખોનું પુનરાવર્તન કરશો જેથી સંપૂર્ણ યુગલિક મનુષ્યોને સમજવામાં સરળતા રહેશે.

મનુષ્ય જીવમાં તીર્થંકર પરમાત્મા, ચક્રવર્તી, વાસુદેવ - બળદેવ - પ્રતિવાસુદેવ અને યુગલિક મનુષ્યનો લેખ પૂર્ણ થયો. પરંતુ, મનુષ્ય જીવનો લેખ ખૂબજ વિસ્તારમાં છે તેથી પાંચ ગતિઓને સમજવી આવશ્યક છે. નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ અને સિદ્ધગતિ. કેમકે તેનો સીધો સંબંધ મનુષ્ય જીવ સાથે છે.

# જૈન વિજ્ઞાન - ૨૯૬

**દેવલોક- ૧:**

સમગ્ર ૧૪ - રાજલોક પાંચ પ્રકારના જીવોથી પરિપૂર્ણ છે. નરક જીવ, તિર્યંચ જીવ, મનુષ્ય જીવ, દેવ જીવ અને સિદ્ધ જીવ. સમગ્ર લોકની નાભિ (કેન્દ્ર) મેરુપર્વત છે. મેરુપર્વતને ધ્યાનમાં લઇને નીચે અધોલોક, મધ્યમાં તિરછાલોક, ઉપર ઉર્ધ્વલોક અને ૧૪ રાજલોકના અંતે સિદ્ધલોક છે. ૧૪ રાજલોકના બહારનો ભાગ અલોક છે. અલોકમાં કોઇપણ પ્રકારના જીવ નથી.

જીવ શુભ કર્મો કરી પુણ્ય ઉપાર્જન કરે છે. તે પુણ્યથી માત્ર સિમિત પુણ્ય નથી બંધાતું ! પરંતું, એક શુભ કર્મનું અનંતગણું પુણ્ય બંધાય છે. તે પ્રમાણે મનુષ્ય જીવ પ્રતિ ક્ષણે અને સમગ્ર જીવન દરમ્યાન અસંખ્ય પુણ્ય કરતો રહે છે, જે મનુષ્ય લોકમાં ભોગવાય તેમ નથી. મનુષ્ય જીવને સુખ ભોગવવા વધુમાં વધુ આયુષ્ય ૩ પલ્યોપમનું હોય છે, તે પણ યુગલિક મનુષ્યોને જ ! . તેનાથી વધુ આયુષ્ય મનુષ્યોને હોતું નથી. તો પછી પુણ્યના પ્રતાપે વધુ સુખ કેમ અને ક્યાં ભોગવી શકાય ?

વિશેષપણે મર્યાદિત પણ અદ્વિતીય સુખ ભોગવવાનો એક માત્ર વિકલ્પ દેવગતિ નું જ હોય છે. જ્યાં દેવી-દેવના જીવનું ઓછામાં ઓછું આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ અને વધુમાં વધુ આયુષ્ય ૩૩ સાગરોપમનું હોય છે. ત્યાં મર્યાદિત, પણ લાંબા સમયનો આનંદ અને અતિસુખ હોય છે.

દેવગતિમાં મુખ્ય ચાર પ્રકારના દેવો હોય છે. ભવનપતિ દેવો, વ્યંતર દેવો, જ્યોતિષ્ક દેવો અને વૈમાનિક દેવો.

# જૈન વિજ્ઞાન - ૨૯૭

**દેવલોક - ૨ :**

ભવનપતિ દેવલોક, જે દેવનું નિવાસસ્થાન ભવન (મહેલ)માં હોય એટલે કે, જે દેવો ભવનમાં રહે છે તેવા દેવોને ભવનપતિ દેવો કહે છે. ભવનપતિ દેવોનું સ્થાન મેરુપર્વતની નીચે એટલે કે રત્નપ્રભા પૃથ્વીમાં છે.


વ્યંતર દેવલોક, વ્યંતર દેવલોકમાં પણ બે વિભાગ થાય છે. વ્યંતર દેવલોક અને વાણવ્યંતર દેવલોક. વ્યંતર દેવલોક રત્નપ્રભા પૃથ્વીમાં ભવનપતિ દેવલોકની ઉપર નગરમાં નિવાસ કરે છે. વાણવ્યંતર દેવ એટલે વનમાં વિચરનારા દેવ હોય છે. તેઓ રત્નપ્રભા પૃથ્વીમાં વ્યંતર દેવલોકની ઉપર અને તિરછાલોકમાં વન, ઉપવન, વૃક્ષો વગેરેમાં નિવાસ કરે છે.

જ્યોતિષ્ક દેવલોક. જે દેવોના નિવાસસ્થાન જ્યોતિ (પ્રકાશ) આપનાર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ માં હોય છે. એટલે કે, જ્યોતિષ્ક દેવોનો વાસ તેમાં હોય છે. તેથી જ્યોતિષ્ક દેવલોક કહેવાય છે. તેઓનું સ્થાન સુદર્શન મેરુપર્વતને ધ્યાનમાં લઇ સમભૂતલા ભૂમિથી ૭૯૦ યોજન ઊંચાઇ ઉપર અને ૯૦૦ યોજન ઊંચાઇ સુધીમાં સમગ્ર જ્યોતિષ્ક દેવલોક સમાવેશ થાય છે.

વૈમાનિક દેવલોક એટલે જે દેવોના નિવાસ સ્થાન દેવવિમાનમાં હોય છે તેમને વૈમાનિક દેવલોક કહેવાય છે. વૈમાનિક દેવલોકમાં પણ ત્રણ વિભાગ થાય છે. ૧૨ દેવલોક, ૯ ગ્રૈવયક અને ૫ અનુત્તર વિમાનમાં વસનારા દેવોને વૈમાનિક દેવો કહેવાય છે. અહીં આપને માત્ર આછેરી સમજણ આપેલ છે.

# ૧૪ રાજલોક

## લોક-અલોક રેખાચિત્ર



# જૈન વિજ્ઞાન - ૨૯૮:

**દેવલોક - ૩ : દેવલોકની રચના-૧ :**

દેવલોકની રચનામાં ભવનપતિ દેવલોકના દેવો ભવનમાં રહે છે. વ્યંતર દેવલોકના દેવો નગરમાં રહે છે. જ્યોતિષ્ક દેવલોકના દેવો સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ માં રહે છે. વૈમાનિક દેવલોકના દેવો દેવવિમાનમાં રહે છે. દરેક દેવલોકના દેવોનું રહેવાની રચના સમાન હોય છે. દા. ત. મનુષ્ય જીવોમાં રહેવાની સમાનતા સરખી હોય. દરેક મનુષ્યના ઘરમાં ઓસરી, રસોઇ રુમ, ભોજન કક્ષ, શયન કક્ષ, કોઠાર, સ્ટોરરુમ, અતિથિરુમ, પટાંગણ, અભ્યાસરુમ વગેરે ઘણી જ વ્યવસ્થાઓ હોય. જેવી જેનું આર્થિક સામર્થ્ય! કોઇક ઝુંપડામાં, બંગલામાં, બિલ્ડીંગમાં, મહેલમાં જેવી જેની રિદ્ધિ-સિદ્ધિ!

દરેક દેવલોકની રચના અને વ્યવસ્થાઓમાં ઘણુંબધું સમાનતા જ હોય છે. તફાવત માત્ર ભવન, નગર, દેવવિમાન અને તેમના માપ, ક્ષેત્ર વિસ્તાર વગેરે... દેવલોકની રચનાના એક જ લેખમાં ચારેય પ્રકારની દેવલોકની રચનાનો સમાવેશ થાય છે. તેથી વ્યંતર, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવલોકના લેખમાં દેવલોકની રચનાના વિશે માહિતીનું પુનરાવર્તન નહીં થાય.

**કોટ:**

કોટ એટલે કિલ્લો. વિમાનની ફરતો ચારે બાજુ એક મોટો કિલ્લો હોય છે. કિલ્લો ૩૦૦ યોજન ઊંચો હોય છે. મૂળમાં ૧૦૦ યોજન, મધ્યમાં ૫૦ યોજન અને ઉપર ૨૫ યોજન પહોળો હોય છે. કિલ્લો રત્નમય, સ્ફટિક જેવો નિર્મળ અને મનોહર હોય છે.

કોટના કાંગરા કાળા, નીલા, લાલ, પીળા અને સફેદ રંગથી સુશોભિત હોય છે. પ્રત્યેક કાંગરા ૧ યોજન લાંબા, અડધો યોજન પહોળા અને દેશોન ૧ યોજન ઊંચા હોય છે. પ્રત્યેક કાંગરાઓ રત્નોથી બનેલા નિર્મળ અને રમણીય હોય છે.

# જૈન વિજ્ઞાન - ૨૯૯:

**દેવલોક - ૪ : દેવલોકની રચના-૨ :**

**દરવાજાઃ**

વિમાન/ભવનની પૂર્વ દિશા, દક્ષિણ દિશા, પશ્ચિમ દિશા અને ઉત્તર દિશામાં દરવાજાઓ છે. પ્રત્યેક દિશાએ ૧,૦૦૦ દરવાજા હોવાથી ચારેય દિશાઓ મળી કુલ ૪,૦૦૦ દરવાજાઓ હોય છે.

દરવાજા સફેદ રંગના હોય છે. તેના શિખરો સોનાના હોય છે. શિખરો વરૂ, બળદ, ઘોડો, મનુષ્ય, મગર, પક્ષી, સાપ, કિન્નર, કસ્તુરીમૃગ, અષ્ટાપદ, ચમરી ગાય, હાથી, વનલતા, પદ્મલતા વગેરે ચિત્રોથી ચિત્રાયેલ હોય છે.

સ્તંભગત (દરવાજો જેના આધારે હોય છે તે) વજરત્નમયી વેદિકાઓથી મનોહર દેખાય છે. યંત્ર સંચાલિત સમશ્રેણીમાં સ્થિત વિદ્યાધર યુગલોના પૂતળાઓ ફરતા દેખાય છે. (પૂતળાઓ સામાન્ય કક્ષાના સ્ત્રી - પુરુષ નહીં! પરંતું, વૈતાઢ્ય પર્વતની ૧૦ યોજન ઉપર વિદ્યાધર સ્ત્રી - પુરુષો રહે છે, તેવા દેખાવના હોય છે.)

રત્નોના હજારો કિરણોથી તે સૂર્યની જેમ ઝગારા મારે છે. હજારો ચિત્રોથી શોભાયમાન છે. દેદીપ્યમાન અને આંખે વળગે તેવા હોય છે. અનુકૂળ સ્પર્શ અને મનોહર રુપથી સુશોભિત હોય છે.

દ્વારનો અંદરનો આધાર વજમય (વજ એટલે હીરો), પાયા રિષ્ટરત્નના, થાંભલીઓ વૈડુર્યરત્નની હોય છે. ભૂમિનું તળીયું પંચરંગી ઉત્તમ મણિઓથી જડેલા હોય છે. તેના ઉંબરા હંસગર્ભરત્નના, ઇન્દ્ર ખીલ્લો ગોમેદરત્નનો, બારસાખ લોહિતાક્ષરત્નનો, દરવાજાના ત્રાંસા પાટિયા જ્યોતિરસરત્નોના, ખીલીઓ લોહિતાક્ષરત્નોની, તેના સાંધાઓમાં વજરત્ન ભરવામાં આવ્યા હોય છે.

# જૈન વિજ્ઞાન - ૩૦૦:

**દેવલોક - ૫ : દેવલોકની રચના-૩:**

**દરવાજા:**

ખીલીઓ ઉપરના ટોપકા વિવિધ મણિમય હોય છે. આગળીયો અને તેનું અટકણ વજ્રનું છે. ઉલાળાનું ટેકણ ચાંદીનું છે. દરવાજાના ઉત્તર પડખાં અંકરત્નના છે. તેના કમાડ તિરાડ ન રહે, ચપોચપ બંધ થાય તેવા મજબૂત હોય છે. દરવાજાની બંને બાજુની ભીંતમાં ૧૬૮-૧૬૮ ગુપ્ત ઝરુખાઓ છે. (આ ગુપ્ત ઝરુખામાંથી બહાર જોઇ શકાય, પરંતું, બહારનો વ્યક્તિ અંદર જોઇ ન શકે) ૧૬૮-૧૬૮ બેઠકો છે.

દરવાજા ઉપર વિવિધ રત્નો અને મણિઓથી બનેલ સાપના આકારવાળી રમતી પૂતળીઓ છે. દ્વારમાં જાળીયુક્ત ઝરુખાઓ મણિના બનેલા છે. દરવાજાના ઉપરના વાંસા (વળા) મણિમય છે. વાંસની વચ્ચે પ્રતિવાંસા લોહિતાક્ષરત્નના છે, તેની ભૂમિ ચાંદીની છે. દરવાજાના પડખાં અને પડખાંઓની બાજુઓ અંકરત્નની છે. દરવાજા ઉપરના ખપાટો (વળા), વળાની બંને બાજુએ ત્રાંસા મૂકેલા વળા અને નળિયા જ્યોતિરસરત્નના બનેલા છે. પટ્ટીઓ ચાંદીની, નળિયાના ઢાંકણા સોનાના, છત ઉપર ઝીણા ઘાસનું મજબૂત પથરામણું વજ્રમય છે. તેના ઉપરના સ્તૂપ (દેરી) સોનાની છે. તેના શિખરો અંકરત્નોના અને સ્તૂપિકાઓ તપનીય સુવર્ણમય છે.

દરવાજાઓ ચાંદીના ઢગલા જેવા સફેદ અને ચકચકિત છે. દરવાજા ઉપર તિલક, અડધા ચંદ્ર કોતરેલા હોય છે. તેના ઉપર મણિની માળાઓ લટકાવેલી હોય છે. દરવાજા અંદર-બહાર લીસા હોય છે. તેના ઉપર સોનેરી રેતી ચોંટાડેલી છે. દરવાજાઓ સુંદર, સુખદ સ્પર્શવાળા, શોભાયુક્ત, પ્રસન્નતાદાયક, દર્શનીય અને અત્યંત રમણીય હોય છે.

જૈન વિજ્ઞાન ભાગ-૩માં લેખ ક્રમાંક ૨૦૧ થી ૩૦૦ના તમામ લેખોમાં અક્ષર-શબ્દ ત્રૂટિ-દોષ રહી ગયો હોય, લેખમાં કોઇપણ પ્રકારની ક્ષતિ-ભુલ રહી ગયેલ હોય તે બદ્દલ તેમજ જિનાજ્ઞા વિરાધના થઇ હોય તો ત્રિવિધે ત્રિવિધે કરી મિચ્છામિ દુક્કડમ્ !

**લિ.**

**જીજ્ઞેશ ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા**

**(વારાપધર-ડોંબિવલી)**







જે દેવનિર્મિત સમવસરણે બેસી દેતા દેશના,
વાણી અમીય સમાણી સુણતા, તૃપ્તિ કદીએ થાય ના,
ચોત્રીશ અતિશય શોભતા, પાંત્રીસ ગુણ વાણીતણા,
અરિહંતના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના...
જે રજત સોનાને અનુપમ, રત્નના ત્રણ ગઢ મહીં, સુવર્ણના નવપદ્મમાં,
પદકમળને સ્થાપન કરી;
ચારે દિશા મુખ ચાર ચાર, સિંહાસન જે શોભતા, અરિહંતના શુભ ચરણમાં,

**કરું ભાવથી હું વંદના...**